MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨


વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૮-૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૨૭ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

આરબીઆઈનો ઈકોનોમી બૂસ્ટર ડોઝ, રેપો રેટમાં ૦.૭૫ ટકાનો ઘટાડો

કોરોના લોકડાઉન: ત્રણ મહિના સુધી લોનના હપ્તામાંથી મુક્તિ

રેપો રેટ પહેલા ૫.૧૫ ટકા હતો, હવે તે ઘટીને ૪.૪૦ ટકા થઈ ગયો,રીવર્સ રેપો રેટ પણ ૦.૯૦ ટકાનો ઘટાડો,હવે તે ૪.૯૦ ટકાથી ઘટી ૪ ટકા થયો, વ્યાજદર ઘટતા હોમ,કાર સહિતની લોન સસ્તી થશે,સીઆરઆરમાં પણ ૧૦૦ બેઝીઝ પોઈન્ટનો ઘટાડો,ત્રણ મહિના પછી લોનના હપ્તા ભરવા જ પડશે



આરબીઆઈએ અર્થતંત્રને બચાવવા માટે મહત્વના પગલાં લીધાઃ મોદી

આરબીઆઈએ કરેલી જાહેરાતને પગલે જીડીપીના ત્રણ ટકા અર્થાત ૩.૨૪ લાખ કરોડની પ્રવાહિતા નાણા વ્યવસ્થામાં આવશે. પીએમ મોદીએ આ પગલાંને બિરદાવતા જણાવ્યું કે, 'કોરોના વાયરસની મહામારીમાં સમગ્ર વિશ્વ સપડાયું છે ત્યારે આરબીઆઈએ ભારતીય અર્થવ્યવસ્થાને બચાવવા માટે વિરાટ પગલાં લીધા છે. આ જાહેરાતને પગલે પ્રવાહિતા સુધરશે, ધિરાણ પરનો ખર્ચ ઘટશે, મધ્યમવર્ગ અને ઉદ્યોગવર્ગને મદદરૂપ થશે.'

લોનધારકો માટે આ જરૂરી.....

ઈએમઆઈ પેમેન્ટમાં છુટનો અર્થ એ નથી કે તમારે બાકી નીકળતા ઈએમઆઈને ચૂકવવા પડશે નહિ. માત્ર ત્રણ મહિના ટાળી શકો છો. પછીથી ચુકવણી કરવી પડશે. આ પગલું એ હેતુથી ઉઠાવવામાં આવ્યું છે કે લોકડાઉનના કારણે જેની પાસે ખરેખર કેશની અછત છે તેને લોનની ચુકવણીમાં થોડો સમય મળી જાય. એનાલિસ્ટોના જણાવ્યા પ્રમાણે જેમની પાસે પરુતા પ્રમાણમાં કેશ છે તેમણે ઈએમઆઈ સમય પર જ ચુકવવો જોઈએ નહિતર તેમની પર પણ બોજો વધશે.

LAFની પણ જાહેરાત

નાણાંકીય સંસ્થાઓ પાસેથી હવે આરબીઆઇ ડેટ પેપર્સ ખરીદી શકશે.બેંકો અને અન્ય સંસ્થા મ્યુચ્યુઅલ ફંડ અને એનબીએફસી પાસેથી ઋણ પેપર્સ ખરીદી શકશે.

મુંબઇ

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાઇરસથી ભારતને બચાવવા શરૂ થયેલા ૨૧ દિવસના લોકડાઉન અને સંભવતઃ તેમાં હજુ વધારો થુવાની શક્યતાને જોતાં ગઇકાલે ગુરૂવારે મોદી સરકારે ગરીબ, ખેડૂત , મજૂર, મહિલા, વૃદ્ધા, વિધવા અને દિવ્યાંગો માટે રૂ. ૧.૭૦ લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત કર્યા બાદ આજે દેશની મધ્યસ્થ બેંક રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(આરબીઆઇ) દ્વારા પણ સામાન્ય બેંક લોન પરના વ્યાજદરને ઘટાડવામાં બેંકોને મદદ કરવા રેપોરેટમાં ૦.૭૫ બેસીસ ટકાનો ઘટાડો કરાયો હતો. રેપો રેટ પહેલા ૫.૧૫ ટકા હતો, હવે તે ઘટીને ૪.૪૦ ટકા થઈ ગયો છે. આ જાહેરાતના પગલે શેરબજારમાં ઉછાળો આવ્યો હતો. કોરોનાવાઈરસના કારણે દેશમાં ચાલી રહેલા લોકડાઉનથી અર્થવ્યવસ્થા અને જનજીવન વ્યાપક પ્રમાણમાં પ્રભાવિત થઈ રહ્યું છે.

જણાવીએ કે રેપો રેટ એ હોય છે જેના પર આરબીઆઈ બેંકોને લોન આપે છે માટે રેપો રેટમાં ઘટાડો થવાથી બેંકોને લોન સસ્તામાં મળશે અને તેના કારણે લોન લેનાર લોકોની ઈએમઆઈ પણ સસ્તી થવાની પૂરી શક્યતા છે. ઉપરાંત આરબીઆઈએ રિવર્સરિપો રેટમાં પણ ૯૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે જે હવે ૪.૯ ટકાથી ઘટીને ૪ ટકા થઈ જશે. ઉપરાંત આરબીઆઈએ તમામ બેંકોને કેશ રિઝર્વ રેશિયો પણ એક ટકા એટલે કે ૧૦૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૩ ટકા કરી દીધો છે. હવે આ પૂરા એક વર્ષ માટે ૪ ટકાની જગ્યાએ ૩ ટકા હશે. કેશ રિઝર્વ રેશિયો અંતર્ગત બેંક પોતાની જમા કેટલાક ટકા રકમ આરબીઆઈ પાસે રાખી શકે છે. તેમાં ઘટાડો થવાથી બેંકોની પાસે ૧.૩૭ લાખ કરોડ રૂપિયાની રકમ બેંકોમાં મળી જશે. આરબીઆઈએ તમામ બેંકોને સલાહ આપી છે કે તે ગ્રાહકો પાસેથી ત્રણ મહિના માટે ઈએમઆઈ લેવાનું ટાળવામાં આવે. કહેવાય છે કે આરબીઆઈની આ એડવાઈઝરીને કારણે બેંક પોતાના ગ્રાહકોને ઈએમઆઈના મોર્ચે કેટલીક રાહત આપી શકે છે. જોકે એ સ્પષ્ટ છે કે તેને લઈને આરબીઆઈએ નિર્ણય બેંકો પર છોડ્યો છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, ભારતની અર્થવ્યવસ્થા પર કોરોના મહામારીની અસર પડી શકે છે અને દેશના અનેક સેક્ટર પર તેની નેગેટિવ અસર પડશે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ મંદી આવી શકે છે અને તેના કારણે આર્થિક સ્થિરતા પ્રભાવિત થઈ શકે છે. આરબીઆઈએ કહ્યું કે, તેનું ફોકસ આર્થિક સ્થિરતા પર છે અને વિશ્વના અનેક દેશ કોરોના વાયરસની મહામારી સામે લડી રહ્યા છે. ભારતમાં લોકડાઉનને કારણે આર્થિક ગતિવિધિઓ ઠપ્પ થઈ ગઈ છે પરંતુ આરબીઆઈનું ધ્યાન લોકોને રાહત આપવા પર છે માટે આરબીઆઈએ મોટો નિર્ણય કર્યો છે.

રિઝર્વ બેંકના નિર્ણયો પર એક નજર.....

- ★ વ્યાજદરમાં ૦.૭૫%નો ઘટાડતો કરતું RBI,
- ★ રેપોરેટ ૪.૪% કર્યા
- ★ ૨૫-૨૬-૨૭ માર્ચે મોનિટરી પોલિસી કમિટીની મીટિંગ યોજી હતી
- ★ MPC સભ્યોએ ૪-૨ની તરફેણમાં આપ્યા મત
- ★ ઊ૪માં ૪.૭% GDPનો અંદાજ LAF ૦.૯% ઘટાડીને ૪% કર્યા
- ★ સરકારે મુકેલો વિકાસદરનો લક્ષ્યાંક હાંસલ કરવો લગભગ અશક્ય
- ★ ખાનગી અને સરકારી બેંકોને CRRમાં ૧% ઘટાડો
- ★ CRR ૪%થી ઘટાડીને ૩% કર્યા
- ★ ૧.૩૭ લાખ કરોડની વધારાની લિક્વિડિટી બેંકોને મળશે
- ★ ૨૬મી જુન સુધી આ સહાયતા
- ★ SLR, CRR અને અન્ય પગલાંને કારણે સિસ્ટમને વધારાની ૩.૭૪ લાખ કરોડની લિક્વિડિટી મળશે
- ★ ૩ મહિનાના EMI નહિ ચૂકવો તો ચાલશે
- ★ ૧લી માર્ચથી ૩ માસ સુધી મળશે આ સહાય
- ★ ૩ મહિના સુધી EMI ચૂકવવા પર રાહત
- ★ પૈસા ન ચૂકવવા પર કોઈ ડિફોલ્ટર્સ જાહેર નહિ થાય
- ★ બેંકો અને NBFC અને અન્ય નાણાંકીય સંસ્થાઓને ૩ માસનો મોરેટોરિયમ મળશે
- ★ હપ્તો ન ચૂકવતા લોનધારકનો ક્રેડિટ સ્કોર ઘટાડી નહિ શકાય

બેંકોને ૧.૩૭ લાખ કરોડની વધારાની રોકડ (સીઆરઆર) મળશે,જુન સુધી જો કોઈ હપ્તા નહિ ભરે તો તે લોન ડિફોલ્ટ ગણાશે નહિ,બેંકોને વર્કિંગ કેપિટલની ચુકવણી પર વ્યાજ મોકૂફ રાખવાની મંજુરી

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ
(રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

કર્ણાટકમાં કોરોના સંક્રમિતથી વધુ એક મોત

ભારતમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૭૨૬ થઈ, ૧૯ના મોત

ભીલવાડામાં જીવ ગુમાવનાર વ્યક્તિના પરિવારના ૨ સભ્યો પોઝિટિવ,મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૩૦ દર્દી સંક્રમિત

મહારાષ્ટ્રમાં ૧૧ હજાર કેદીઓને પેરોલ પર છોડી મૂકવાનો આદેશ


મહારાષ્ટ્ર સરકારે કોરોના વાઈરસના પ્રકોપને ધ્યાનમાં રાખતા રાજ્યની જેલમાં સાત વર્ષ અથવા તેનાથી ઓછી ઉંમરની સજા કાપી રહેલા ૧૧૦૦૦ કેદીઓને પેરોલ પર છોડી મૂકવાનો આદેશ આપ્યો છે. જેમાં ૧૧૦૦૦ કેદીઓને છોડી મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ન્યુ દિલ્હી

કોરોના વાયરસથી મૃત્યુ પામનારાઓનો આંકડો વધતો જઇ રહ્યો છે. રાજસ્થાનના ભીલવાડામાં આ વાયરસથી બીજા સંક્રમિતનું મોત થયું છે. રાજય સરકારના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર ૬૦ વર્ષીય વૃદ્ધને કોરોનાનું સંક્રમણ હતું. ગુરુવારે મોડી રાતે તેમનું નિધન થયું. ગુરુવારે એક દિવસમાં સૌથી વધુ ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. કર્ણાટકના તુમકુરુમાં કોરોના સંક્રમિતનું શુક્રવારે મોત થઈ ગયું. તુમકુરુના ડેપ્યુટી કમિશ્નર ડૉ. કે. રાકેશ કુમારે જાણકારી આપી કે મૃતકની ઉંમર ૬૫ વર્ષ હતી. તેઓએ ટ્રેનથી ૫ માર્ચે દિલ્હીની મુસાફરી કરી હતી અને ૧૧ માર્ચે તુમકુર પરત ફર્યા હતા. તે ટ્રેનમાં પ્રવાસ કરનારા તમામ મુસાફરોને ટ્રેસ કરવામાં આવી રહ્યા છે.

લોકડાઉનની સ્થિતિ વચ્ચે દેશભરમાં કોરોના વાયરસનો કેર વધતો જોવા મળ્યો છે.સમગ્ર દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૭૨૪ને પાર થઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ ૧૯ લોકોના મોત થયા છે. ત્યારે કોરોનાગ્રસ્ત ૪૫ દર્દીઓ સાજા પણ થયા છે. દેશમાં સૌથી વધુ કેરળમાં ૧૩૭ દર્દીઓ નોંધાયા, જે બાદ

અનુસંધાન પાના નં. ૬



થેન્ક ટુ કોરોનાઃ દુનિયાની ઉપર ઓઝોન લેયરમાં પડેલ ગાબડુ પુરાવા માંડ્યુ..!!

વૉશિંગ્ટન

આખી દુનિયામાં કોરોનાના કારણે હાલમાં લોકડાઉન છે.આર્થિક ગતિવિધિઓ ઠપ થઈ ચુકેલી છે.ઉદ્યોગોને તાળા વાગેલા છે. જેની સીધી અસર દુનિયાના પર્યાવરણ પર જોવા મળી રહી છે. આ અસર પાછી પોઝિટિવ છે.જેના કારણે દુનિયાની ઉપર ઓઝોન લેયરમાં પડેલુ ગાબડુ પુરાવા માંડ્યુ છે.

અમેરિકાની કોલોરાડો યુનિવર્સિટીના સંશોધકોએ જાણકારી મેળવી છે કે, પૃથ્વીના દક્ષિણી હિસ્સામાં આવેલા એન્ટાર્ટિકાની ઉપર ઓઝોન લેયરમાં પડેલુ વિશાળ ગાબડુ પૂરાવા માંડ્યુ છે. કારણકે ચીન તરફથી આ દિશામાં જતા પ્રદુષણમાં કમી આવી છે.

કોરોના પહેલા દુનિયામાં પ્રદુષણની અસર બહુ વધારે હતી. પૃથ્વી પરથી પસાર થતી હવાઓ દક્ષિણ હિસ્સા તરફ જતી હતી. હવે તેનો રુખ પલટાઈ ગયો છે. સંશોધકોનુ કહેવુ છે કે, આ બદલાવ હંગામી છે પણ પર્યાવરણ માટે લાભમાં છે. ચીનમાં ઔદ્યોગિક ગતિવિધિઓ ઓછી હોવાથી જેટ સ્ટ્રીમ સાચી દિશામાં છે. કાર્બન ડાયોક્સાઈડનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે.એટલે ઓઝોનના ઘા રુઝાઈ રહ્યા છે.

કોરોનાના કહેર પહેલા ચીન ઓઝોન લેયરને નુકસાન કરે તેવા પ્રદુષિત તત્વો સૌથી વધારે માત્રામાં રિલિઝ કરતુ હતુ. જોકે હવે આવા તત્વોનુ પ્રમાણ ઓછુ થઈ ગયુ છે.

૨૦૦૦ પહેલા જેટ સ્ટ્રીમ ધરતીની વચ્ચે ફરતી હતી.જોકે એ પછી તેની દિશા દક્ષિણ તરફની થઈ ગઈ હતી.જેના કારણે આ હિસ્સાની ઉપર આવેલા ઓઝોન લેયરમાં ગાબડુ પડી ગયુ હતુ.જેના કારણે ઓસ્ટ્રેલિયા જેવા દેશોના હવામાનને સીધી અસર થઈ હતી. જો દુનિયાનુ પ્રદુષણ આ જ રીતે ઓછુ રહ્યુ તો તેનો ફાયદો ઓસ્ટ્રેલિયાને પણ થશે. એમ પણ પ્રદુષણના અભાવે ઘણા દેશોની હવા ચોખ્ખી થઈ રહી છે.

અમેરિકાના યુદ્ધ જહાજમાં ૨૫ સૈનિકો પોઝિટિવ

કોરોનાના આતંક સામે દુનિયા નિઃશબ્દઃ ૨૪ હજારથી વધુના મોત,૫ લાખથી વધુ લોકો સંક્રમિત

ઈટાલીમાં ૮૨૧૫, સ્પેનમાં ૪૩૬૫ અને ચીનમાં ૩૨૯૨ લોકોના મોત તથા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૫૫ નવા કેસ અને પાંચ મોત નોંધાયા

વોશિંગ્ટન/રોમ/મેડ્રિડ

કોરોના વાઈરસને વિશ્વના ૧૯૫ દેશમાં હાહાકાર મચાવ્યો છે. કોરોનાના અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૫ લાખ ૩૨ હજાર ૨૦૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. ૨૪ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. ૧ લાખ ૨૪ હજાર ૩૦૦ લોકો સાજા થઈ જતા હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

ચોકાવનારી વાત એ છે કે ચીનથી શરૂ થયેલા આ વાઈરસથી વધુ ખૂવારી બીજા દેશોમાં જોવા મળી રહી છે. કુલ પોઝિટિવ કેસોની સંખ્યામાં ચીન કરતા અમેરિકા આગળ નિકળી ગયું છે. અમેરિકામાં કુલ પોઝિટિવ કેસ ૮૫૫૯૪ નોંધાયા છે, જ્યારે ચીનમાં ૮૧૩૪૦ નોંધાયા છે. ચીન કરતા ઈટાલી અને સ્પેનમા વધારે મૃત્યુઆંક નોંધાયો છે. ઈટાલીમાં અત્યાર સુધીમાં ૮૨૧૫ લોકોના મોત થયા છે, સ્પેનમાં ૪૩૬૫ લોકોના અને ચીનમાં ૩૨૯૨ લોકોના મોત થયા છે.



અમેરિકાના યુદ્ધ જહાજ થિયોડોર રુઝવેલ્ટ ઉપર શુક્રવારે ૨૫ નૌસૈનિકો પોઝિટિવ આવ્યા છે. બે દિવસ પહેલા આ જહાજ ઉપર ત્રણ કેસ પોઝિટિવ આવ્યા હતા. સંક્રમણના કેસ સામે આવ્યા છતા ચીફ ઓફ નેવલ ઓપરેશન્સ માઈક ગિલ્ડે કહ્યું કે અમારુ વલણ આક્રમક રહેશે. કોઈપણ સંકટને પહોંચી વળવા માટે જવાબી કાર્યવાહી કરવા માટે અમે સક્ષમ છીએ.

ઈટાલીમાં એક મહિનોને છ દિવસમાં ૮૨૧૫ લોકોના મોત

ઈટાલીમાં કોરોના વાઈરસના ૮૦૫૮૯ કેસ નોંધાય છે. ૮૨૧૫ લોકોના જીવ ગયા છે. આમાંથી ૩૩૬૪૮ લોકને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ૨૪૭૫૩ને જનરલ વોર્ડમાં દાખલ કરાયા છે. ૧૦૩૬૧ લોકોના સારવાર પછી રજા આપવામાં આવી છે. ઈટાલીમાં કોરોના સંક્રમણનો પ્રથમ કેસ ૨૧ ફેબ્રુઆરીના રોજ સામે આવ્યો હતો. છેલ્લા ૪૮ કલાકમાં દેશમાં ૪૪૯૨ નવા કેસ સામે આવ્યા છે.

કોરોના વાઈરસના કારણે દક્ષિણ આફ્રિકામાં ત્રણ સપ્તાહનું લોકડાઉન

કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે દક્ષિણ આફ્રિકાએ શુક્રવારથી ત્રણ સપ્તાહ માટે લોકડાઉનની જાહેરાત કરી છે. લોકડાઉનને અસરકારક બનાવવા માટે સેનાના જવાનો અને પોલીસને તહેનાત કરાઈ છે. આ જાહેરાત પછી લોકો જરૂરી વસ્તુની ખરીદી કરવા માટે સુપર માર્કેટ પહોંચી ગયા હતા. જ્યારે ઘણા લોકો પોતાના વતનમાં પોતાના પૈતૃક ગામમાં જવા માટે રવાના થયા હતા. દ. આફ્રિકામાં કોરોના વાઈરસના ૯૨૭ કેસ નોંધાયા છે. જોકે અહીં સંક્રમણના કારણે એક પણ મોત થયું નથી.



મુંબઈ જેવા ગીચ શહેરમાં કોરોના જેવી મહામારીનો સામનો કરવા રાજ્ય સરકાર કમર કસી રહી છે ત્યારે જનતા પણ સાથ આપી રહી છે. તસવીરમાં મહિલા માસ્ક પહેરી સ્વરક્ષણ કરતી દેખાઈ છે.

રાષ્ટ્રપતિ કોવિંદે દેશના તમામ રાજ્યપાલ સાથે કોરોના અંગે ચર્ચા કરી

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસનું જોખમ દિવસેને દિવસે વધી રહ્યું છે. દિલ્હીથી લઈને મુંબઈ, બેંગલુરુ અને કોલકાતા સુધી કોરોના વાઈરસના પીડિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન લાગુ કરાયું છે. જેથી લોકો ઘર કેદ રહેવા માટે મજબૂર થયા છે.

આ બધાની વચ્ચે તંત્ર પણ લોકોની સહાય માટે અવનવી યોજનાઓ લાગુ કરી રહ્યું છે. સાથે લોકો સુધી વહેલી તકે મદદ પહોંચાડવા માટે પણ સજ્જ થયું છે, ત્યારે તમામ રાજ્યોમાં શું સ્થિતિ છે? તે અંગેની જાણકારી મેળવવા માટે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વીડિયો કોન્ફેસિંગ દ્વારા રાજ્યપાલ સાથે મિટિંગ કરી હતી. જેમાં તેમણે રાજ્યની સ્થિતિ અને સુવિધા વિશેની જાણકારી મેળવી હતી.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા મળેલી માહિતી અનુસાર, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉપરાષ્ટ્રપતિ સાથે મળીને કોવિડ-૧૯ સંબધિત મુદ્દાઓની ચર્ચા કરી હતી. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના રાજ્યપાલ, ઉપરાજ્યપાલ અને પ્રશાસકો સાથે વાતચીત કરી હતી. સાથે જે તેમના દ્વારા કરાયેલી કામગીરીને બિરદાવીને વધુ મજબૂત રીતે લોકોની સેવા માટે આગળ રહેવા જણાવ્યું હતું.

રાહતના સમાચારઃ પૂણેમાં કોરોના વાયરસના ૧૦ દર્દી સાજા થઈ ઘરે પરત ફર્યા

પૂણે

મહારાષ્ટ્રમાં એક તરફ કોરોના વાયરસના વધતા કેસ ચિંતાનું કારણ બની રહ્યા છે. ત્યારે પૂણેમાં સારવાર બાદ સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા રાહતના સમાચાર લઈને આવી છે. માત્ર પૂણેમાં જ અત્યાર સુધીમાં કોરોનાના ૧૦ દર્દીઓ સાજા થયા છે.

પૂણેના કોર્પોરેશનના આરોગ્ય વિભાગના મુખ્ય ડૉક્ટર રાજેન્દ્ર હુંકારેએ જણાવ્યું, "નાયડૂ હોસ્પિટલમાં દાખલ કરાયેલા કોરોના વાયરસના વધુ બે દર્દીઓનું રિપિટ સેમ્પલ નેગેટિવ આવ્યું છે. બંનેને ડિસ્ચાર્જ કરી દેવાયા છે." આ સાથે જ પૂણે જિલ્લામાં કોરોના વાયરસના કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૨ થઈ છે. જેમાંથી ૧૦ સાજા થઈને ઘરે ગયા છે.

અગાઉ પૂણેના પિંપરી ચિંચવાડ નિગમના કમિશનર શ્રવણ હાર્દિકરે જણાવ્યું હતું કે, ૩ દર્દીઓના રિપિટ સેમ્પલ નેગેટિવ આવ્યા છે. આજે ત્રણેયને ડિસ્ચાર્જ કરી દેવાશે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કારણે વધુ બે મોત થયા છે. આ સાથે રાજ્યમાં કોરોના વાયરસની ચપેટમાં આવીને મોતને ભેટલા લોકોની સંખ્યા ૫ થઈ છે.

આજથી સવારે ૯ વાગ્યે રામાયણને પ્રથમ એપિસોડ દૂરદર્શન પર પ્રસારિત થશે

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા ખતરાની વચ્ચે દૂરદર્શને રામબાણ ચલાવ્યું છે. દૂરદર્શન ૯૦ના દાયકામાં પ્રસારિત પ્રખ્યાત સીરિયલ રામાયણને દેખાડશે. આવતીકાલે સવારથી ૯ વાગ્યે પહેલો એપિસોડ પ્રસારિત કરાશે.

૯૦ના દાયકામાં રામાયણનો એવો જાદુ હતો કે તેના પ્રસારણના સમયે રસ્તાઓ સૂમસાન થઈ જતા હતા. રસ્તા ખાલી થઈ જતા અને લોકો ઘરોમાં આ ઐતિહાસિક સીરિયલને જોવા માટે એકજૂથ થઈ જતા હતા.

લોકો સીરિયલમાં કામ કરનાર કલાકારો અરૂણ ગોવિલ (રામની ભૂમિકા નિભાવનાર) અને દીપિકા (સીતાની ભૂમિકા નિભાવનાર)ને ભગવાનની જેમ પૂજતા હતા.

માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે આજે કહ્યું કે મને એ જણાવતા ખુશી થઈ રહી છે કે લોકોની માંગણી પર અમે આવતીકાલથી રામાયણ સીરિયલને ડીડી નેશનલનું પ્રસારણ શરૂ કરવા જઈ રહ્યા છે. પહેલો એપિસોડ સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી અને બીજી વખત રાત્રે ૯ વાગ્યા થી ૧૦ વાગ્યા સુધી પ્રસારિત કરાશે.

લોકડાઉનનો ભંગ કરી ઘર બહાર નીકળતા લોકોને ગોળી મારોઃ નંદકિશોર ગુર્જર

ગાઝીયાબાદ

કોરોના વાયરસ સામે લડવા માટે સમગ્ર દેશને લોકડાઉન કરાયા છતાં હજુ પણ લોકો પોતાની મનમાની કરીને ફરી રહ્યા છે. પ્રધાનમંત્રી દ્વારા ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન તેના ઉલ્લંઘનની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. આ સમય દરમિયાન ગાઝીયાબાદના લોનીથી ભાજપના ધારાસભ્ય નંદકિશોર ગુર્જરે એવું વિવાદિત નિવેદન કર્યું છે કે લોકડાઉનનો ભંગ કરીને ઘરની બહાર નીકળનારના પગ તોડી નાંખવાની અને ગોળી મારવાની વાત કરી છે.

આ પહેલા પણ બીજેપી ધારાસભ્ય વિવાદિત નિવેદનો કરીને વિવાદમાં રહી ચૂક્યા છે. લોની વિસ્તારના ધારાસભ્ય નંદકિશોર ગુર્જરે વિડિયો વાયરલ કરીને કહ્યું કે, લોનીમાં પોલિસને બતાવ્યા વિના અને પરમિશન લીધા વિના કોઈ બહાર નિકળશે તો પોલીસ એવા દેશદ્રોહીઓના પગ તોડી નાંખે. જો તેઓ વાત ના માટે તો તેના પગમાં ગોળી મારી દેવામાં આવે. કારણ કે આ લોકો કોઈ આતંકવાદીથી ઓછા નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે તેવા લોકો પણ દેશદ્રોહી છે જેઓ શાકભાજી માર્કેટ સહિતના વિસ્તારોમાં કોઈ કામ વિના ભેગા થઈને ભીડ કરી રહ્યા છે.

કોરોના વિરુદ્ધ લડવા સેના તૈયાર,છ કલાકનો એક્શન પ્લાન તૈયાર

જો જરૂર પડશે તો સેના કોઈપણ પગલુ ઉઠાવવા માટે તૈયારઃ આર્મી ચીફ

ન્યુ દિલ્હી

દેશ પર મંડરાઈ રહેલા કોરોના વાઈરસના મહાસંકટનો સામનો કરવા માટે દરેક જણ પોતાની રીતે પ્રયત્ન કરી રહ્યો છે. કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો આકરા નિર્ણયો લઈ રહી છે, તો બીજી તરફ ભારતીય સેના પણ દરેક પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ જોવા મળી રહી છે.



આ અગે સેનાના પ્રમુખ એમ એમ નરવણેએ જણાવ્યું કે, જો જરૂરત પડશે, તો સેના કોઈ પણ પગલુ ભરવા માટે તૈયાર છે. આર્મી પાસે એક ૬ કલાકનો એક્શન પ્લાન તૈયાર છે. જે અંતર્ગત તાત્કાલિક આઈસોલેશન સેન્ટર અને આઈસીયુને તૈયાર કરવામાં આવી શકે છે.

આ અંગે એક ઈન્ટર્વ્યૂમાં સેના પ્રમુખે કોરોના વાઈરસના પડકાર પર ચર્ચા કરી હતી આર્મી ચીફ નરવણેએ જણાવ્યું કે, આ સંકટની સ્થિતિમમાં સેના પોતાનું કામ કરી રહી છે અને તમામ ઓપરેશનલ ટાસ્ક આ સમયે યથાવત છે. હજુ સુધી અનેક દેશોએ આ સંકટનો સામનો કરવા માટે સેનાની મદદ લીધી છે. જેના પર આર્મી ચીફે જણાવ્યું કે, ભારતીય સેના દેશના લોકો માટે છે. જો જરૂરિયાત જણાશે અને સરકાર કહેશે તો સેના પણ સંપૂર્ણ તૈયાર છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોના વાઈરસના કેસો સતત વધી રહ્યાં છે. એવામાં મેડિકલ સર્વિસની જરૂરિતાય આગળ વધી શકે છે. ભારતીય સેનાએ તમામ જવાનોને કોરોના વાઈરસ વિશે જાણકારી આપી છે અને જરૂરી સાવધારી રાખવા જણાવ્યું છે.

સેના પ્રમુખે વધુમાં જણાવ્યું કે, સેના અલગ-અલગ સ્તર પર કોરોનાનો સામનો કરવા તૈયારી કરી રહી છે. જેમાં સર્વેલાન્સ અને આઈસોલેશનની પ્રોડક્ટિવિટીને વધારવી, અલગ-અલગ બેઝ પર રહેલી સેનાની હોસ્પિટલોમાં ૪૫ બેડનો એક આઈસોલેશન વોર્ડ તૈયાર કરવો અને આ સાથે જ ૧૦ બેડનો એક આઈસીયુ વૉર્ડ પણ તૈયાર કરવાનો છે. આ સુવિધા માત્ર ૬ કલાકની નોટિસ પર તૈયાર કરવામાં આવી શકે છે.

કોરોના વાયરસ પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોની ચીનને ચેતવણી

લોકડાઉનની છૂટછાટ કોરોના વાયરસનો બીજો રાઉન્ડ આણશે..!!

બેઈજિંગ

ચીનમાં કોરોનાનો કહેર હાલ પૂરતો થંભી ગયો છે. નવા કેસ જોવા મળતા નથી તેવામાં દેશ ફરીથી તેની રફતાર પકડવાની અણીએ છે તેવામાં કોરોના વાયરસ પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોએ ચીન સહિત સમગ્ર વિશ્વને ચેતી જવા કહ્યું છે. ચીનમાં લૉકડાઉન હળવું થતા લોકોની ચહેલ પહેલ જોવા મળી રહી છે ત્યારે વૈજ્ઞાનિકોનું કહેવું છે કે લૉકડાઉન લાંબુ કરવાથી બીજો રાઉન્ડ મોડો થશે નહીતર ઑગસ્ટમાં જ કોવિડ-૧૯નો બીજો રાઉન્ડ આવી શકે છે.

વાયરસના જન્મસ્થાન વુહાનને ફરીથી ધબકતું કરવાની કવાયત કરી રહેલા ચીનને ધી લાન્સે પબ્લિક હેલ્થ જર્નલ દ્વારા સલાહ આપવામાં આવી છે કે વુહાનને એપ્રિલ સુધી બંધ રાખવામાં આવે. આવું કરવાથી ઝૈદ્ધ્ર-૧૯ના બીજા રાઉન્ડને લંબાવી શકાશે. સંભવતઃ આ પગલું ભરવાથી બીજો રાઉન્ડ ઑક્ટોબર સુધી ખાળી શકાશે.

વૈજ્ઞાનિકોએ ગાણિતિક મૉડલના આધારે વાયરસનો ફેલાવ અને મોતનાં આકંડાનો અભ્યાસ કરી અને જણાવ્યું છે કે ૧.૧૦ કરોડની વસ્તી ધરાવતા વુહાનને જો ખુલ્લુ મૂકી દેવામાં આવ્યું તો વહેલી તકે કોવિડ-૧૯નો બીજો રાઉન્ડ આવશે.

વૈજ્ઞાનિકોના મતે હાલમાં લૉકડાઉનમાં આપવામાં આવેલી છૂટછાટ વુહાનમાં ઑગસ્ટમાં જ તબાહી લાવી શકે છે. જોકે, એપ્રિલ સુધીમાં લૉકડાઉન ચુસ્તપણે રાખવામાં આવે તો બીજો રાઉન્ડ ઑક્ટોબરમાં આવે તેવી વકી છે.

લંડનની ગ્લોબલ હેલ્થ એપિડમિકૉલોજી યુનિવર્સિટીના એક્સપર્ટ ટીમ કોલબર્ને જણાવ્યું કે આ અભ્યાસ સમગ્ર વિશ્વએ નોંધી રાખવા જેવો છે.

અગાઉ જીડીપી ગ્રોથ ૫.૩ ટકા રહેવાનું અનુમાન હતું

ભારત માટે ખતરાની ઘંટીઃ મૂડીઝે વિકાસ દર ઘટાડીને ૨.૫ ટકા કર્યો

ન્યુ દિલ્હી

ગ્લોબલ ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં ભારતના ગ્રોથ રેટને પોતાના અગાઉના અનુમાનને ઘટાડીને ૨.૫ ટકા કરી દીધો છે. અગાઉ મૂડીઝે ૫.૩ ટકા જીડીપી ગ્રોથ રેટ રહેવાનું અનુમાન કર્યું હતું. કોરોના વાઈરસના સંકટને લઈને મૂડીઝનું કહેવું છે કે, તેનાથી વૈશ્વિક અર્થ વ્યવસ્થાને ખૂબ જ મોટો ફટકો પડ્યો છે.

કોરોના વાઈરસ અને તેને પગલે દેશ-દુનિયામાં અવર-જવર પર રોકને લઈને પણ આર્થિક નુક્સાન વધ્યુ અને તેના કારણે દેશનો આર્થિક વિકાસ દર ઘટવાનું અનુમાન છે. મૂડીઝે વર્ષ ૨૦૧૯માં દેશનો આર્થિક વિકાસ દર ૫ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે.

મૂડીઝે પોતાના ગ્લોબલ મૈક્રો આઉટલૂક ૨૦૨૦-૨૧માં જણાવ્યું કે, અનુમાનિત વૃદ્ધિ દરના હિસાબે ભારતમાં ૨૦૨૦માં આવકમાં ઝડપી ઘટાડો થઈ શકે છે. જેનાથી ૨૦૨૧માં ડોમેસ્ટિક ડિમાન્ડ અને આર્થિક સ્થિતિમાં સુધારાનો દર પહેલાથી વધું પ્રભાવિત થઈ શકે છે.

કોરોના વાઈરસને ફેલાતો રોકવા માટે આ સપ્તાહની શરૂઆતમાં ભારત સરકારે દેશમાં ૨૧ દિવસનું લૉકડાઉન જાહેર કર્યું છે. દેશમાં ૭૦૦ જેટલા કોરોના પોઝિટિવ કેસો સામે આવી ચૂક્યા છે, જ્યારે ૧૭ લોકો મોતને ભેટ્યા છે. લૉકડાઉનના કારણે ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા છે. લાખોની સંખ્યામાં મજૂરો અને શ્રમજીવીઓની રોજીરોટી છીનવાઈ ગઈ છે. આ ઉપરાંત રેલવે, વિમાન અને બસ જેવી સરકારી ટ્રાન્સપોર્ટ સર્વિસો પણ બંધ થઈ ગઈ છે.

વિશ્વભરમાં કોરોના વાઈરસથી મરનારા લોકોની સંખ્યા ૨૪૦૦૦ની પાર પહોંચી ચૂકી છે. મૂડીઝે જણાવ્યું કે, ૨૦૨૦માં વૈશ્વિક અર્થ વ્યવસ્થા સંકુચિત થશે અને તેમાં ૨૦૨૧માં તેજી જોવા મળી શકે છે. મૂડીઝને જણાવ્યા પ્રમાણે, ૨૦૨૦માં વૈશ્વિક અર્થ વ્યવસ્થામાં વાસ્તવિક જીડીપીમાં ૦.૫ ટકાનો ઘટાડો નોંધાશે, જ્યારે કોરોના વાઈરસ સંકટ પહેલા ગત વર્ષે નવેમ્બરમાં મૂડીઝે વૈશ્વિક અર્થ વ્યવસ્થાના ૨૦૨૦માં ૨.૬ ટકાના દરે વધવાનો અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું હતું.

કોરોના વાયરસના કારણે ભારતીય અર્થતંત્રને ખૂબ મોટું નુકસાન થશે,અનુમાનિત વૃદ્ધિ દરના હિસાબે ભારતમાં ૨૦૨૦માં આવકમાં ઝડપથી ઘટાડો નોંધાશે



પ્રયાગરાજમાં કોરોનાવાયરસ રોગચાળાને પગલે એડીજી પ્રેમ પ્રકાશ અને અન્ય પોલીસ કર્મચારીઓ ૨૧ દિવસના દેશવ્યાપી લોકડાઉન દરમિયાન બેઘર લોકોને ખોરાકનું વિતરણ કરે છે.

વિશ્વમાં વાયરસથી સંક્રમિત લોકો અમેરિકામાં સૌથી વધુ ૮૩૦૦૦

અમેરિકામાં કોરોના વાયરસનો હાહાકાર: ૧૩૦૦થી વધુના મોત

વોશિંગ્ટન

વિશ્વના ૧૯૯ દેશો કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા છે. જેને પગલે ૨૦૦ કરોડો લોકો ઘરમાં બંધ છે. ૨ ડઝનથી વધારે દેશોમાં સંપૂર્ણ લોકડાઉન છે. જેને પગલે વૈશ્વિક અર્થ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ત્યારે મહાસત્તા ગણાતું અમેરિકા કોરોનાના કેસને પગલે ચીન અને ઈટલીને પછાડી આગળ વધી ગયું છે. અમેરિકામાં ૪૮થી પણ ઓછા કલાકોમાં ૧૭ હજારથી પણ વધારે કોરોના વાયરસના કેસ નોંધાયા છે. અમેરિકાનો આંકડો ચિંતાજનક છે. ઈટલી પ્રથમ નંબરેથી કેમ ત્રીજા નંબરે આવી ગયું. પ્રથમ નંબરે રહેલ ચીન કેમ બીજા નંબર પર આવી ગયું.

અમેરિકામાં હાલ કોરોનાના દર્દીઓનો આંક ૮૫, ૪૩૫ કુલ પહોંચ્યો છે. જ્યારે ૧૩૦૦ લોકોના મોત નિપજ્યા છે. તો ૮૨, ૨૭૨ એક્ટિવ કેસ છે. ત્યારે આ બાબત ગંભીરતા ન દાખવનાર અમેરિકાએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે. ત્યારે ઈમરજન્સીની જાહેરાત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ફેડરલ ફંડમાં ૫૦ અબજ ડૉલરની જાહેરાત કરાયી ચૂકી છે. તેમજ હવે તેમણે ટેસ્ટની કામગીરી ઝડપી કરી છે. અત્યાર સુધી અમેરિકાએ કોરોનાને રોકવા બહું ધીમી ગતિએ કામ કર્યું છે.

અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોના વાયરસ ૧૭ હજાર કરતા પણ વધારે કેસ નોંધાયા છે. આ સાથે જ અમેરિકા ત્રીજા નંબર પરથી પહેલા નંબર પર આવી ગયું છે. ૩થી ૪ દિવસમાં અમેરિકામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૪ માર્ચના રોજ અમેરિકામાં માત્ર ૧૪ ૩૨૧ કેસ નોંધાયા હતા. તેણે પોતાના બે સિટી લોકડાઉન કર્યા હતા. આજે અમેરિકાની બેદરકારીને લીધે વિશ્વના સૌથી વધારે કોરોનાના દર્દીઓ અમેરિકામાં છે.

અમેરિકામાં ૨૪ કલાક પહેલા ૬૦,૬૫૩ જેટલા કેસ હતા. જેમાં રાતો રાત અધધ વધારો થયો છે. ૧૭ હજારથી પણ વધારે કેસ નોંધાતા અમેરિકામાં હાલ કોરોનાના દર્દીઓનો આંક ૮૫, ૪૩૫ કુલ પહોંચ્યો છે. જ્યારે ૧૨૯૫ લોકોના મોત નિપજ્યા છે. તો ૮૨, ૨૭૨ એક્ટિવ કેસ છે. જેની સરખામણીએ ૧૮૬૮ લોકો સાજા થયા છે. પ્રથમ નંબરે રહેલી ઈટલીની વાત કરીએ તો ઈટલીમાં કુલ ૮૦૫૮૯ કેસ નોંધાયા છે. ૮,૨૧૫ના મોત નિપજ્યા છે. જ્યારે અહીં ૬૨૦૧૩ એક્ટિવ કેસ છે. તેની સરખામણીએ ૧૦, ૩૬૧ લોકો સાજા થયા છે. પ્રથમ નંબરે રહેતુ ઈટલી આજે ત્રીજા નંબરે છે. જ્યારે એપી સેન્ટર ગણાતુ ચીન બીજા નંબરે છે. ચીનનો આંક જોઈએ તો ૮૧, ૩૪૦ એક્ટિવ કેસ છે.

૨૦,૧૦૩ લોકોને ૧૪ દિવસના ક્વોરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા

હાશ..રાહતના સમાચાર: રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી

૧૧ નમૂનામાંથી તમામ નેગેટિવ,ગુજરાતમાં ત્રીજો તબક્કો શરૂ,કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૪૪,અત્યાર સુધી ત્રણના મોત,જે ત્રણ દર્દીઓના મોત નિપજ્યા તેઓ અન્ય રોગોથી પીડાતા હતા: આરોગ્ય સચિવ

ગાંધીનગર

છેલ્લા ૧૨ કલાક દરમ્યાન ગુજરાતમાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. જોકે, રાજ્ય હજુ પણ ચિંતાજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ગઈકાલે ૧૧ વ્યક્તિઓના નમુના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જે તમામ નેગેટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ આજે સવારે કોરોના અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોરોનાને કારણે જે ત્રણ વ્યક્તિઓના કમનસીબ મૃત્યુ નિપજ્યાં છે એ ત્રણેય દર્દીઓ કો-મોર્બીડ એટલે કે અન્ય ગંભીર બીમારીઓ જેવી કે કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર કે અન્ય રોગોથી પીડાતી હતી. એટલું જ નહીં એ ત્રણેય દર્દીઓ મોટી વયના હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આપણા ઘરોમાં વૃદ્ધો-વડીલો હોય તેમણે વિશેષ કાળજી લેવાની આવશ્યકતા છે. ઘરમાં પણ આ વડીલો ક્વૉરેન્ટાઈનમાં રહે એ વિશેષ આવકાર્ય છે.

ડો. જયંતી રવિએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે કોરોનાના ૪૪ પોઝિટિવ દર્દીઓ છે. જે પૈકી અમદાવાદમાં ૧૫, સુરતમાં ૭, રાજકોટમાં ૫, વડોદરામાં ૮, ગાંધીનગરમાં ૭ અને ભાવનગર તથા કચ્છમાં એક-એક પોઝિટિવ દર્દીઓ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ૪૪ પોઝિટિવ દર્દીઓ પૈકી ના ૩૬ દર્દીઓ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરીને આવેલા છે, જ્યારે અન્ય ૧૮ દર્દીઓ પૈકીના ૧૬ દર્દીઓ એવા છે જે આ આંતરરાષ્ટ્રીય મુસાફરોના સીધા સંપર્કમાં આવ્યા હોય. બે દર્દીઓ એવા છે જેમણે આંતરરાજ્ય મુસાફરી કરી હતી. આ વ્યક્તિઓ સાથે સીધા સંપર્કમાં આવેલા તમામ લોકોની પણ કાળજી લેવામાં આવી રહી છે. આવા લોકો એટલે કે ક્વૉરેન્ટાઈન વ્યક્તિઓને ૧૪ દિવસના ક્વૉરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ચુસ્તપણે ક્વૉરેન્ટાઈનનું કડક પાલન થાય તેવા પ્રયત્નો કરે છે. ગુજરાતમાં ૨૦,૧૦૩ લોકોને ૧૪ દિવસના ક્વૉરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે.

આ પૈકીના ૫૭૫ લોકો સરકારી ક્વૉરેન્ટાઈનમાં અને ૧૯,૩૭૭ લોકો હૉમ ક્વૉરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે. અમુક લોકો હૉમ ક્વૉરેન્ટાઈનનો ભંગ કરે છે એવા ૨૩૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. લોકો નિયમોનું ઉલ્લંઘન ન કરે તો આપણે કોરોનાના દર્દીઓની સંખ્યા ઓછી રાખવામાં સફળ રહી શકીશું, અને કોરોનાનો ચેપ ફેલાતો અટકાવી શકીશું.

★ ગુજરાત આઈએએસ ઓફિસર્સ એસોસિયેશને મુખ્યમંત્રી રાહત ફંડમાં એક દિવસનો પગાર આપવાનો સંકલ્પ કર્યો છે.

★ ભાજપ પ્રદેશ અધ્યક્ષ વાઘાણી મુજબ, બોર્ડ નિગમોના ચેરમેનો,વાઈસ ચેરમેનો તેમજ તમામ મહાનગરપાલિકા તથા નગરપાલિકાઓના ભાજપના નગરસેવકો, શિક્ષણ સમિતિઓના તમામ સભ્યો તથા ટ્રાન્સપોર્ટ સમિતિઓના તમામ સભ્યો તેમનો એક મહિનાનો પગાર કોરોનાની આફતમાં સહાય કરવા માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં જમા કરાવશે.

૨૯ માર્ચ અને ૧૨ એપ્રિલે યોજાનાર જીપીએસસીની પરીક્ષા મોકૂફ

૨૯ માર્ચ, ૧૨ એપ્રિલ અને ૧૯ એપ્રિલે યોજાનારી જીપીએસસીની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. આ અંગે જીપીએસસીના ચેરમેન દીનેશ દાસાએ ટ્વિટ કરીને માહિતી આપી હતી.

શિરડી સાંઇ ટ્રસ્ટ ૫૧ કરોડ રૂપિયા દાન આપશે

મુંબઇ

કોરોના વાયરસ સામેની લડાઈમાં એક તરફ લોકો ઘરમા રહીને સહયોગ આપી રહ્યા છે તો બીજી તરફ લોકો આગળ આવીને સરકારની આર્થિક મદદ કરી રહ્યા છે. ઘણા રમતગમતના ખેલાડીઓ અને ફિલ્મ સ્ટાર્સે પ્રધાનમંત્રી રાહત કોષ અને મુખ્યમંત્રી રાહત કોષમાં રૂપિયા દાન કર્યા છે. હવે આ કડીમાં શિરડી સાઈ ટ્રસ્ટ પણ આગળ આવ્યું છે.

કોરોના સામેની લડાઈમાં શિરડી સાંઇ સંસ્થાને રાજ્ય સરકારને ૫૧ કરોડ રૂપિયા દાન આપશે. કોરોના સામેની લડાઈમાં એનાથી મોટી મદદ મળશે. ઉલ્લેખનીય છે કે શિરડી મંદિરમાં દર વર્ષો કરોડો રૂપિયાનું દાન આવે છે.

કર્ણાટકમાં કોરોનાના સંક્રમણની શંકાથી ૫૬ વર્ષીય વ્યક્તિનો આપઘાત

મેંગ્લોર

કર્ણાટકના ઉડુપી ક્ષેત્રના એક ૫૬ વર્ષીય વ્યક્તિએ કોરોના વાયરસની આશંકા હોવાના પગલે આપઘાત કર્યાની ઘટના બની છે. આ વ્યક્તિ ઉડુપી તાલુકાના ઉપૂર ગામનો રહેવાસી હતો અને તેનું નામ ગોપાલકૃષ્ણન મડીવાલા હતું.

સૂત્રોના કહેવા અનુસાર આ વ્યક્તિને કોરોના વાયરસના ખાસ કોઈ લક્ષણ નહતા. એ મોડી રાત્રે ૨ કલાક સુધી જાગ્યો હતો અને તેણે પોતાના પરિવારના સભ્યોને વાત કહી હતી. બુધવારે સવારે પાંચ કલાકે પરિવારના સભ્યો જાગ્યા તો તે ઘરની નજીકના એક વૃક્ષે લટકેલી હાલતમાં જોવા મળ્યા હતા.

ઘરથી મળેલી સ્યૂસાઈડ નોટમાં આ ૫૬ વર્ષીય વ્યક્તિએ લખ્યું કે હું આપઘાત કરી રહ્યો છું, કારણ કે મને શંકા છે કે કોરોના વાયરસનું સંક્રમણ થઈ ગયું છે. તેણે પરિવારના સભ્યોને ઉદ્દેશીને લખ્યું કે, તમે સૌ સુરક્ષિત રહો.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ વ્યક્તિએ પોતાના એક દોસ્તને કહ્યું હતું કે પોતાને એવું લાગી રહ્યું છે કે મને કોરોના વાયરસની અસર થઈ છે. આ વ્યક્તિ ખૂબ ભયભીત હતો.

પોલીસના કહેવા અનુસાર શક્ય છે કે કોરોનાના ડરથી અંતિમ પગલું ભર્યું હશે. આ ૫૬ વર્ષીય વ્યક્તિ કેટલાય દિવસોથી કેએસઆરટીસીમાં ડ્રાઈવર તરીકે કામ કરતો હતો.

એક મોત બાદ જમ્મૂ-કાશ્મીર એલર્ટ: મસ્જીદોમાં માજ પર પ્રતિબંધ, ધાર્મિક સ્થળો બંધ કરાયા

શ્રીનગર

જમ્મૂ-કાશ્મીરમાં કોરોના વાયરસથી મોતનો પહેલો મામલો સામે આવ્યા બાદથી પ્રશાસન વધુ કડક થઈ ગયુ છે. શ્રીનગરમાં કોરોના વાયરસનાં સંક્રમણના પ્રસારને રોકવા માટે દરેક ધર્મોનાં પૂજા સ્થળોને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. શ્રીનગર જીલ્લાધિકારીએ આદેશ આપતા કહ્યુ છેકે, દરેક ધાર્મિક સ્થળોને બંધ કરવામાં આવે.

આવી સ્થિતિમાં લોકો આજે જુમ્માની નમાઝ માટે ભેગા થઈ શકશે નહી. દરેકને તેમના ઘરે રહીને જ પાંચ વખત નમાઝ વાંચવાની અપીલ કરવામાં આવી છે. વહીવટીતંત્ર લોકોને જરૂરી કામ હોય તો જ લોકોને તેમના ઘરની બહાર નીકળવાની સતત અપીલ કરી રહ્યુ છે. તો સાથે જ, જે લોકો ઘરમની બહાર નીકળી રહ્યા છે તેમના આઈડી કાર્ડ જોયા બાદ જ તેમને આગળ જવા દેવામાં આવી રહ્યા છે.

જમ્મુ કાશ્મીરમાં ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે. ગુરુવારે કાશ્મીર વિભાગમાં કોરોના વાયરસથી પ્રથમ મૃત્યુ નોંધાયુ હતુ. ત્યારબાદ વહીવટીતંત્રએ સપ્તાઈ વધારી દીધી છે. શુક્રવારે સવારે પણ રાજ્યના રસ્તાઓ સંપૂર્ણ નિર્જન દેખાતા હતા. રસ્તા પર એક વ્યક્તિ અથવા કાર દેખાઈ હતી.

જમ્મુ-કાશ્મીર રાજ્યના તમામ પ્રવેશદ્વારમાં સપ્તાઈ વધારી દેવામાં આવી છે. તમામ પ્રવેશદ્વારો સીલ કરી દેવાયા છે. લોકોને લખનપુરથી જ અંદર આવવાની છૂટ આપવામાં આવી રહી છે, તેમની સ્ક્રીનીંગ કરી ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન સેન્ટરોમાં રાખવામાં આવી રહ્યા છે. શહેરમાં જરૂરી ચીજોની દુકાનો ઉપરાંત માત્ર દવાની દુકાનો જ ખુલી છે.

ટ્રમ્પે જિનપિંગ સાથે ટેલિફોનિક વાતચીત કરી

ચીને કોરોના વાયરસ વિરુદ્ધ બહુ જ સારુ કામ કર્યું: ટ્રમ્પે મારી ગુલાંટ

વોશિંગ્ટન

કોરોનાને અત્યાર સુધી ચીનનો વાયરસ ગણાવનાર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૂર અચાનક બદલાઈ ગયા છે. જેની પાછળનુ કારણ ચીનના પ્રમુખ શી જીનપિંગ સાથે તેમની ટેલિફોન પર થયેલી વાતચીત છે.

ટ્રમ્પની ગુલાંટથી દુનિયા પણ આશ્ચર્યમાં પડેલી છે. ટ્રમ્પે આ વાતચીતમાં કોરોના વાયરસ શબ્દોનો જ ઉલ્લેખ કર્યો હતો અને ચીનના રાષ્ટ્રપતિના ભરપૂર વખાણ કર્યા હતા.

જીનપિંગ સાથે વાતચીત કર્યા બાદ ટ્રમ્પે ટવિટ કરીને કહ્યુ હતુ કે, મારી જિનપિંગ સાથે બહુ સારી વાત થઈ છે. અમે એક કબીજા સાથે કોરોના વાયરસ અંગે વાત કરી છે. જેના પર ચીને બહુ કામ કર્યું છે અને એક બીજાને સમજવાની કોશિશ કરી છે.અમે સાથે મળીને કામ કરી રહ્યા છે. આ પહેલા ટ્રમ્પ સતત ચીન વિરોધી વલણ અઆપનાવતા રહ્યા છે. ટ્રમ્પે સતત કોરોનાને ચીની વાયરસ ગણાવતા નિવેદનો કર્યા છે.તેમણે તો એમ પણ કહ્યુ હતુ કે, જો ચીને આ ખતરા અંગે જાણકારી પહેલા આપી હોત તો વિશ્વ તેનો સામનો વધારે સારી રીતે કરી શક્યુ હોત. ગઈકાલે ટ્રમ્પે નિવેદન કરીને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પર પણ ચીનનો પક્ષ લેવા બદલ ઝાટકણી કાઢી હતી.

કોંગ્રેસના મોદી સરકાર પર પ્રહારો

કોરોના મહામારી,લોકડાઉનના કારણે ખેડૂતોને બેવડો માર સહન કરવો પડી રહ્યો છે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે સમગ્ર દેશ થંભી ગયો છે. લોકડાઉનનો આજે ત્રીજો દિવસ છે અને મજૂરો સતત પોતાના વતન તરફ પલાયન કરી રહ્યા છે. દેશના ઘણા વિસ્તારમાંથી લોકો સાયકલ અથવા પગપાળા જ પોતાના ઘર જઈ રહ્યા છે. આવા સમયે પોલીસે કેટલાક લોકો સાથે ગેરવર્તન પણ કર્યું છે. મજૂરો સાથે થયેલા ગેરવર્તન પર કોંગ્રસે મોદી સરકાર પર હુમલો કર્યો છે.

કોંગ્રેસે શુક્રવારે કહ્યું કે, આ સ્પષ્ટ થઈ જાય છે કે ભાજપા સરકારે અન્ય સરકારી વિભાગોને જણાવ્યા વિના એક વધુ રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું છે. ફરી એકવાર બીજેપીએ વગર વિચાર્યે કામ કરવાનો નિર્ણય લીધો છે જેના કારણે દેશમાં ઉથલ પાથલ છે. જેએનયુ અને ડીયુમાં મેડિકલ અને મેસ સુવિધા બંધ છે જેના કારણે વિદ્યાર્થીઓ પરેશાન છે.

કોંગ્રેસ આરોપ લગાવ્યો કે, કોરોના મહામારી અને લોકડાઉનના કારણે દેશના ખેડૂતોને બેવડો માર સહન કરવો પડી રહ્યો છે. દેશના ખેડૂતોની વર્ષ દરમનિયાનની આવક ભાજપ સરકારના ગેરવહિવટના કારણે બરબાદ થઈ ગઈ. પ્લાન બનાવ્યા વગર સરકારે લોકડાઉનની જાહેરાત કરી દીધી. જેના કારણે કરોડો લોકો પરેશાન થઈ રહ્યા છે.

બોલો..મહિલાએ છીંક ખાધી તો સ્ટોર માલિકે ફેંકી દીધો ૨૬ લાખનો ખાવાનો સામાન..!!

ન્યૂયોર્ક

કોરોના વાયરસનો ડર સમગ્ર દુનિયામાં છવાયેલો છે. ખાસ કરીને અમેરિકામાં તો સ્થિતિ દરરોજ વધુને વધુ બગડતી જઈ રહી છે. અહીં મૃતકોનો આંકડો પહેલા જ એક હજારથી પાર થઈ ગયો છે. આ દરમિયાન પેન્સિલવાનિયાથી ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં એક કરિયાણાના સ્ટોરમાં ૩૫ હજાર ડૉલર એટલે કે લગભગ ૨૬ લાખ રૂપિયાનું ખાવાનું ફેંકી દેવામાં આવ્યું. તેની પાછળનું કારણ હતું એક મહિલાની છીંક.

કહેવામાં આવી રહ્યું છે કે આ મહિલાએ દુકાનમાં ખાવાના સામાનવાળા હિસ્સા પર છીંક ખાધી હતી. જેથી દુકાનદારે તમામ સામાન ફેંકી દીધો. સીએનએનના અહેવાલ મુજબ, દુકાનદારને એ વાતનો ડર હતો કે ક્યાંક આ મહિલા કોરોના વાયરસની પોઝિટિવ તો નથી ને!

દુકાનદાર મુજબ, આ મહિલાએ સ્ટોરમાં ઘૂસતાં જ છીંક ખાવાનું શરૂ કરી દીધું હતું. તેણે સ્ટોરમાં સામે રાખેલી બેકરીના સામાન અને મીટ પર છીંકવાનું શરૂ કરી દીધું. તાત્કાલિક સ્ટોર માલિકે તમામ સામાન ફેંકી દીધો. પોલીસને બોલાવવામાં આવી અને તે મહિલાને કસ્ટડીમાં લઈ લેવામાં આવી.

પોલીસના જણાવ્યા મુજબ, તે મહિલાએ જાણી-જોઈને આવું કર્યું હતું. હવે આ મહિલા પર અપરાધિક કેસ ચલાવવામાં આવશે. પ્રારંભિક રિપોર્ટ મુજબ, તે મહિલા કોરોના વાયરસની પોઝિટિવ નથી. પરંતુ પોલીસે કહ્યું કે ટૂંક સમયમાં તેના ટેસ્ટ કરાવવામાં આવશે.



કોલકાતામાં, કોરોનાવાયરસ રોગચાળાને પગલે લાદવામાં આવેલા સંપૂર્ણ લોકડાઉન દરમિયાન, શહેરના વેપારી કેન્દ્ર, સુમસામ બુરાબજાર વિસ્તારમાં એક કૂતરો ફરી રહ્યો છે.

તંત્રી લેખ

સુપર પાવરની પોલ ખુલી


કોરોના સામે લડાઈમાં સુપરપાવર અમેરિકાની પોલ ખુલી રહી છે. અમેરિકાના વૈજ્ઞાનિકોએ ચેતવણી આપતા કહ્યુ હતુ કે અમેરિકા કોરોના વાયરસના કેન્દ્ર તરીકે ઉભરી શકે છે. જો કે એ વખતે તેની અવગણના કરવામાં આવી હતી. હવે અમેરિકામાં હાલત સૌથી ખરાબ છે. દુનિયાની ત્રીજી સૌથી વધારે વસ્તી ધરાવતા અમેરિકામાં હવે હાલત ખરાબ થઈ રહી છે. એમ માનવામાં આવે છે કે ૩૩ કરોડની વસ્તી ધરાવતા અમેરિકામાં હજુ કોરોનાના કેસો વધી શકે છે. કોરોનાના વધતા કેસોના કારણે મહાશક્તિ અમેરિકાની પોલ ખુલી રહી છે. અમેરિકાના ન્યુયોર્કમાં ગુરૂવારના દિવસે એક દિવસમાં ૧૦૦ લોકોના મોત થયા હતા. આની સાથે જ મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૨૯૫ થઈ ગઈ હતી. એકલા ન્યુયોર્કમાં કોરોનાના કારણે ૩૮૫ લોકોના મોત થયા છે. ન્યુયોર્કમાં કોરોનાના ૩૭૨૫૮ કેસો નોંધાયા છે. ન્યુયોર્કમાં તો સ્થિતી એ થઈ છે કે હવે બેડ કે મેડિકલ સ્ટાફની સુવિધા નથી. ન્યુયોર્કમાં તો સ્થિતી વણસી ગઈ છે. રિટાયર થઈ ચુકેલા લોકોને સારવાર માટે ફરી બોલાવવામાં આવ્યા છે. ન્યુયોર્કમાં ૩૦૦૦૦ વેન્ટીલેટર્સની જરૂર છે જેની સામે માત્ર ૪૦૦ મોકલી દેવામાં આવ્યા છે. અમેરિકામાં ઝડપથી હાલત ખરાબ થઈ રહી છે. વેન્ટીલેટરની સંખ્યા સતત વધી રહી છે. સ્થિતી ખુબ ઝડપથી ખરાબ થઈ રહી છે. અમેરિકામાં કેસોની સંખ્યા અને મોતની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૯ કેસો સપાટી પર આવ્યા છે. જ્યારે વધુ પાંચ લોકોના મોત થયા છે. અમેરિકામાં કેસોની સંખ્યા હવે વધીને વિશ્વમાં સૌથી વધારે ૮૫૫૯૪ સુધી પહોંચી ગઈ છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા પણ અમેરિકામાં બે હજારથી વધારે રહેલી છે. ઈટાલીમાં પણ કેસોની સંખ્યા હવે ચીન કરતા વધારે થવાની નજીક છે. ચીનમાં સ્થિતી કાબુમાં આવી રહી છે. ઈટાલીમાં તો મોતનો આંકડો ૮૨૧૫ સુધી પહોંચી ગયો છે. કુલ રિકવર થયેલા લોકોની સંખ્યા ૬૨૦૧૩ થઈ છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી.અમેરિકાની નિષ્ફળતા માટે લાપરવાહી મુખ્ય રીતે જવાબદારી છે. દુનિયાના જે દેશોમાં હાલત ખરાબ થઈ છે તેના માટે લાપરવાહી જવાબદાર છે. જો કે હવે પગલા લઈ રહ્યા છે પરંતુ સ્થિતી વણસી ચુકી છે. અમેરિકા જેવા અમેરિકાને કોરોનાને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. ચીન, ઈટાલી અને સ્પેન કરતા આંકડો અમેરિકામાં વધારે છે. હવે તબીબી સ્ટાફ કરતા દર્દીની સંખ્યા વધી રહી છે. આવી સ્થિતીમાં અમેરિકાના કેટલાક વિસ્તારોમાં તો હાલત હાલતમાં છે. અમેરિકામાં મોટા ભાગના લોકો હજુ આ બાબતને સમજી રહ્યા નથી કે સ્થિતી બેકાબુ બની રહી છે છતાં અમેરિકામાં લોકડાઉની સ્થિતી કેમ કરવામાં આવી રહી નથી. હજુ અમેરિકાને વધારે કઠોર પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે.

અમેરિકી વૈજ્ઞાનિકોએ પહેલાથી ચેતવણી આપી હતી પરંતુ અવગણના કરાઈ હતી

કોરોનાના કારણે દુનિયાના જીડીપીમાં ૧.૫ ટકાનો ઘટાડો થઈ શકે...

કોરોનાના કારણે સૌથી મોટી મંદી

થોડાક દિવસ પહેલા ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ ફાયનાન્સ (આઈઆઈએફ)ના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કોરોના વાયરસના કારણે આ વર્ષે દુનિયાના જીડીપી વૃદ્ધિ દરમાં ૧.૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ) દ્વારા પણ વર્ષ ૨૦૨૦માં વિશ્વમાં જીડીપી વૃદ્ધિદરના અંદાજને ૨.૬ ટકાથી ઘટાડીને ૦.૪ ટકા કરી દેવામાં આવ્યો છે.આઈઆઈએફના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકા અને યુરોપ મહામંદી તરફ વધી રહ્યા છે. આ વર્ષે અમેરિકામાં જીડીપી વૃદ્ધિમાં ૨.૮ ટકા અને યુરોપના જીડીપીમાં વૃદ્ધિ ૪.૭ ટકા ઘટી શકે છે. મોર્ગન સ્ટેનલે અને ગોલ્ડમેન સેક્સના અર્થશાસ્ત્રી પણ વિશ્વવ્યાપી મંદીના સંકેત આપી રહ્યા છે. આ અર્થશાસ્ત્રીઓના કહેવા મુજબ આ વર્ષે વૈશ્વિક વિકાસ દર ઘટીને ૦.૯ ટકાની નીચી સપાટી પર પહોંચી શકે છે. આ મામલામાં ભારતની સ્થિતી પણ કોઈ વધારે સારી રહેલી નથી. કોરોના વાયરસના કારણે ચાલુ નાણાંકીય વર્ષમાં ભારતમાં જીડીપી વૃદ્ધિ દરમાં પણ ઘટાડો થવાની શક્યતા દેખાઈ રહી છે. તેના ચાર ટકાની આસપાસ રહેવાની શક્યતા છે. કોરોના વાયરસના કારણે ભારતમાં ઓફલાઈન અને ઓનલાઈન બંને પ્રકારની ખરીદી હાલમાં પૂર્ણ રીતે બંધ થઈ ગઈ છે. લોકો ભીડમાં જવાથી બચી રહ્યા છે. સેવા ક્ષેત્રમાં બ્યુટી પાર્લર, કિરાણા સ્ટોર, જનરલ સ્ટોર , મેડિકલ સ્ટોર, રિક્શા, ઓટો રિક્ષા, કેબ, વીજળી, હોટેલ અને રેસ્ટોરન્ટ સિક્યુરિટી ગાર્ડ આવે છે. અસંગઠિત ક્ષેત્ર હોવાના કારણે આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોના પુરતા આંકડા સરકારની પાસે નથી. એક અંદાજ મુજબ ભારતના કુલ કામદારો પૈકી ૯૩ ટકા અથવા તો સંખ્યાની દ્રષ્ટિએ જોવામાં આવે તો ૪૦ કરોડ લોકો અસંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો છે. જે પૈકી ૯.૩૦ કરોડ લોકો તો એવા છે જેમને વર્ષભર નોકરી કે કામ મળતા નથી., જિંદાલ ગ્લોબલ લો સ્કુલના કહેવા મુજબ ભારતના અસંગઠિત ક્ષેત્રમાં ૭૫ ટકા લોકો સ્વરોજગાર સાથે જોડાયેલા છે. જેમને રજા, ભવિષ્ય નિધી, મેડિકલ, વીમા અને



અમેરિકા અને યુરોપ તો મહામંદીની તરફ વધી ગયા છે : ભારતની સ્થિતી કોઈ વધારે સારી નથી : ઓફલાઈન, ઓનલાઈન ખરીદી ઠપ્પ

અન્ય કલ્યાણકારી સુવિધા મળતી નથી. લોકડાઉનના કારણે મોટા ભાગના લોકોને ઘરે બેસી જવાની ફરજ પડી છે. દેશમાં આશરે ૭.૫૦ કરોડ લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગના ભારતીય અર્થતંત્રમાં ઉપયોગી યોદગાનને નકારી શકાય નહીં. આ ક્ષેત્રમાં આશરે ૧૮ કરોડ રોજગાર છે. અર્થવ્યવસ્થાને તે આશરે ૧૧૮૩ અબજ ડોલરનુ યોગદાન આપે છે. જ્યારે આ ક્ષેત્રમાં માત્ર ૭૦ લાખ એમએસએમઈ નોંધાયેલા છે. આ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં દરરોજ નોકરી કરીને ગુજરાન કરતા લોકો વધારે રહેલા છે. આજે તમામ લોકો બેરોજગાર છે. ભારતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર સૌથી વધારે રોજગારી આપનાર ક્ષેત્ર તરીકે છે. પરંતુ નિર્માણ ગતિવિધી ઠપ્પ થઈ જવાના કારણે નિર્માણ કાર્યો સાથે જોડાયેલા મજુરો માટે રોજી રોટીને લઈને સંકટ ઉભા થઈ ગયા છે. સાથે સાથે ડેવલપર્સની આવકમાં પણ ઉલ્લેનીય રીતે ઘટાડો થઈ રહ્યો છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના કહેવા મુજબ ભારતમાં રિટેલ ક્ષેત્રમાં આશરે ૬૦ લાખ લોકોને રોજગાર મળેલી છે. જે પૈકી હવે આશરે ૪૦ ટકા એટલે કે ૨૪ લાખ લોકોની નોકરી જઈ શકે છે. દેશભરના તમામ મોલ્સ, સુપર માર્કેટ અને અન્ય દુકાનો ૧૪મી એપ્રિલ સુધી બંધ કરી દેવામાં આવી છે. જરૂરી ચીજોને બાદ કરતા અન્ય તમામ પ્રકારની પેદાશોનુ ઉત્પાદન બંધ કરી દેવામાં આવ્યુ છે. માહિતી અને પ્રસારણ સહિત બીજા ક્ષેત્રમાં પણ મોટા પાયે કામદારોની નોકરી પર ખતરો તોળાઈ રહ્યો છે. અલબત્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં તમામ કંપનીઓને તેમના કર્મચારીઓના પગાર અને વેતન ન કાપવા માટે કહ્યુ છે. કોઈને નોકરીમાંથી ન કાઢવા માટે પણ કહેવામાં આવ્યુ છે. તેમની છટણી ન કરવા માટે પણ કહ્યુ છે. જો કે ભારે નુકસાનના કારણે કંપનીઓ વડાપ્રધાનની અપીલને ધ્યાનમાં લે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અનિશ્ચિતાના માહોલમાં કામદારોને હાલમાં નોકરીમાંથી કાઢવામાં આવી રહ્યા છે. રિટેલર્સ એસોસિએશન ઓપ ઈન્ડિયાના કહેવા મુજબ આગામી છ મહિનામાં રીટેલ ક્ષેત્રની કમાણીમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. હાલમાં તો પારસ્પરિક સહકાર સૌથી જરૂરી છે. અર્થવ્યવસ્થા ભલે ખરાબ થઈ રહી છે પરંતુ લક્ષ્ય હાલમાં તો કોરોનાને ભગાડી દેવાનો રહેલો છે. થોડોક સમય લાગી શકે છે પરંતુ અર્થવ્યવસ્થા પાટા પર આવી જશે. જો સરકાર, બેંક, કારોબારી અને તમામ કર્મચારીઓ સાથે મળીને કામ કરશે તો ચોક્કસપણે સ્થિતી હળવી બની જશે. સાથે સાથે અર્થવ્યવસ્થા પણ ગતિ પકડી શકે છે. કોરોના પ્રભાવિત દેશો એકબીજાને પોતાની ક્ષમતા મુજબ મદદ પણ કરનાર છે જેથી સ્થિતી ઝડપથી રિક્વર થઈ જશે તેમાં કોઈ બે મત નથી.

ગરમ પાણી પીતા રહેવાની સ્થિતી રાહત ચોક્કસપણે મળે છે...

ઘરમાં કઈ રીતે આઈસોલેટ રહેવુ

કોરોના વાયરસના કારણે ભારતની સાથે સાથે વિશ્વના દેશોમાં ભારે હાહાકાર મચી ગયો છે. કોરોનાને રોકવા માટે વિશ્વના તમામ દેશો લાગેલા છે પરંતુ હજુ સુધી કોઈ સફળતા મળી રહી નથી. કોરોના વાયરસને લઈને લોકો વધુને વધુ માહિતી મેળવી લેવાના પ્રયાસ કરી રહ્યા છે. કોરોના વાયરસને રોકવા માટે દરરોજ નવા નવા સુચન નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી રહ્યા છે. જો કે કોરોનાને રોકવામાં કોઈ દેશને સફળતા મળી નથી. કોરોના વાયરસ વધુને વધુ ખતરનાક બનીને વિશ્વના દેશોના લોકોને પોતાના સકંજામાં લઈ રહ્યો છે ત્યારે તેની સાથે જોડાયેલા કેટલાક એવા પ્રશ્નો છે જેના જવાબ લોકો જાણવા માટે ઈચ્છુક છે. ગરમ પાણી પિવાથી બચાવ થાય છે કે કેમ તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે તો તેનો જવાબ એ છે કે વાયરસ શરૂ થાય ત્યારે ત્રણ દિવસ સુધી ગળુ પકડાઈ જાય છે. આવી સ્થિતીમાં ગરમ પાણી પિતા રહેવાની સ્થિતીમાં ફાયદો થાય છે. સુપથી ફાયદો થાય છે. કેટલીક હદ સુધી ગરમ પાણી પિવાથી ચોક્કસપણે ફાયદો થાય છે. કેટલાક લોકો પ્રશ્ન એવો પણ કરે છે કે આ વાયરસના સકંજામાં માનવી ફરી આવી શકે છે કે કેમ. તેનો જવાબ એ છે કે કોરાના વાયરસ એક પ્રકારની નવી બિમારી છે. જેથી તેના સંબંધમાં સ્પષ્ટપણે કોઈ વાત કરી શકાય તેમ નથી. જો કે ચીનમાં કેટલાક એવા મામલા ચોક્કસપણે સપાટી પર આવ્યા છે જેમાં હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવ્યા બાદ આ લોકોમાં ફરી એકવાર કોરોનાના લક્ષણ જોવા મળ્યા છે. જો કે આના કારણે ડરવાની કોઈ વાત નથી. ઘરમાં કઈ રીતે આઈસોલેટ રહેવામાં આવે તેવા પ્રશ્નના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે ૧૪ દિવસ સુધી ઘરના એક રૂમમાં રહેવાની જરૂર

કોરોના વાયરસજનિત રોગ છે જેથી એન્ટીબાયોટિક્સ અને અન્ય દવા પોતાની રીતે લેવી જોઈએ નહીં : તાપમાન સાથે રોગને લેવાદેવા નથી

હોય છે. ફેમિલી મેમ્બરોથી દુર રહેવાની જરૂર હોય છે. જરૂરિયાતની ચીજો તેમની પાસેથી મેળવી શકાય છે. જો હોસ્પિટલમાં જવાની જરૂર હોય તો પજાહેર પરિવહનના સાધનોના ઉપયોગને ટાળવાની જરૂર હોય છે. વાયરસની અસર કેટલા દિવસથી હોય છે તે અંગે પુછવામાં આવતા નિષ્ણાંતો અને તબીબો કહે છે કે તેની લાઈફ કેટલાક દિવસની હોય છે. જો કે હવામાં તેની લાઈફ ત્રણ કલાક, લાકડા પર એક દિવસ અને સ્ટીલ તેમજ પ્લાસ્ટિક પર તેની લાઈફ અથવા તો તે ત્રણ જ દિવસ સુધી સક્રિય રહે છે. નાના બાળકોમાં તેની અસર થઈ રહી છે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે નાના બાળકોને પણ કોરોનાની અસર દેખાઈ રહી છે. તેમનામાં સામાન્ય શ્વાસ લેવાની તકલીફ જેવા ન્યુમોનિયાની જેમ લક્ષણ દેખાય છે. તેનાથી સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. વિશેષ સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. સ્વિમિંગ પુલમાં નિયમિત રીતે ક્લોરીન મિક્સ કરવામાં આવે છે. જો ક્લોરીન મિક્સ છે તો તે પાણીથી ડરવાની કોઈ જરૂર નથી. જો કે ચેન્જિંગ રૂમાં કોરોનાના ઈન્ફેક્શન ફેલાઈ શકે છે. કઈ દવા ન લેવી જોઈએ તે અંગે લોકો જ્યારે પ્રશ્ન કરવામાં આવે ત્યારે તેનો જવાબ એ છે કે કોરોના વાયરસ એક વાયરસજનિત રોગ છે. તેમાં એન્ટીબાયોટિક્સ અથવા તો કોઈ અન્ય દવા પોતાની ઈચ્છા મુજબ લેવી જોઈએ નહીં. આના કારણે રેજિસ્ટેન્સનો ખતરો વધી જાય છે.વધારે તાપમાનમાં કોરોના વાયરસ મરી જાય છે તેમ માનવા માટે કોઈ કારણ નથી. હજુ સુધી કોઈ અભ્યાસમાં આ બાબત સાબિત થઈ નથી કે કોરોના ઉંચા તાપમાનમાં મરી જાય છે. કારણ કે કેટલાક દેશોમાં ઉંચા તાપમાનની સ્થિતી હોવા છતાં સ્થિતી બેકાબુ છે. આલ્કોહલથી કોરોનાની સારવાર થાય છે કે કેમ તે અંગે પુછવામાં આવતા નિષ્ણાંતોએ કહ્યુ છે કે કોરોનાની સારવારમાં આલ્કોહલની કોઈ ભૂમિકા રહેલી નથી. સોશિયલ મિડિયાની બાબતોની અવગણના કરવામાં આવે તે જરૂરી છે. તેમાં કોઈ વાસ્તવિકતા નથી. સેનેટાઈજરની જગ્યાએ સાબુથી હાથ ધોવાની બાબત વધારે સારી રહેલી છે. કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં હાલત ખરાબ થયેલી છે. દરરોજ નવા નવા કેસો અને મોતના આંકડા આવી રહ્યા છે. હજુ સુધી કોઈ દેશને આ ખતરનાક સ્વરૂપ ધારણ કરી ચુકેલા કોરોના વાયરસને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. તમામ દેશ યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સ્થિતી બિલકુલ બેકાબુ બનેલી છે. અમેરિકા જેવા સુપરપાવર દેમાં પણ કોરોનાને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. આવી સ્થિતીમાં અન્ય દેશો ખુબ પાછળ દેખાઈ રહ્યા છે. હાલમાં તો સામાજિક અંતર રાખવામાં આવે તે જરૂરી છે. ગર્ભવતિ મહિલામાં કોરોના સરળતાથી ફેલાઈ શકે છે. કારણ કે આ મહિલાઓ હાઈ રિસ્ક કેટેગરીમાં આવે છે. આવી સ્થિતીમાં ગર્ભવતિ મહિલાઓ વધારે કાળજી રાખે તે જરૂરી છે. હાલમાં તો ઘરમાં રહીને લોકો તેની સામે લડી શકે છે.

કોરોના સામે ભારતની લડાઈ વૈશ્વિક સ્તર પર યુદ્ધનુ પરિણામ લાવશે

કોરોના : ભારત સામે પડકાર વધુ

દેશમાં કોરોના વાયરસના વધતા જતા પ્રકોપ વચ્ચે લોકડાઉનની જાહેરાત કરવામાં આવેલી છે. લોકડાઉનનો ગાળો હવે પસાર થઈ રહ્યો છે. એક અબજ ૩૦ કરોડ લોકો હાલમાં લોકડાઉનની સ્થિતીમાં છે. દેશમાં સંપૂર્ણ લોકડાઉનની સ્થિતી વચ્ચે વિશ્વ આરોગ્ય સંગઠને કહ્યુ છે કે કોવિડ-૧૯ની સામે ભારતની લડાઈ વૈશ્વિક સ્તર પર છેડાયેલા યુદ્ધનુ પરિણામ નક્કી કરી શકે છે. આ વૈશ્વિક સંસ્થાએ કહ્યુ છે કે ભારતમાં આ મહામારીનો સામનો કરવાની અદ્ભુત ક્ષમતા રહેલી છે. કારણ કે ભારતની પાસે સ્મોલપોક્સ અને પોલિયો જેવી બિમારીને દુર કરવાને લઈને વ્યાપક અનુભવ પણ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ બાબતો એમ જ કહી નથી. કોરોનાની સામે ભારતે જે રીતે લડાઈ છેડી છે તે અન્ય દેશો કરતા કેટલાક માયને અલગ છે. ભારત ચીન સહિત કેટલાક દેશોમાં ફેલાયેલા આ બિમારીના કારણે પહેલાથી જ સાવધાન થઈને આગળ વધે છે. ચીને તો શરૂઆતમાં કોરોના વાયરસના સમાચારને દબાવી દેવાના પ્રયાસ કર્યા હતા. ત્યારબાદ તે તેને બીજા દેશમાં પણ પહોંચતા રોકી શક્યુ નથી. જો કે ભારતમાં આ વાયરસ ત્રીજા તબક્કામાં પહોંચી જવાના પડકારો હવે શરૂ થઈ ગયા છે. ભારતે બીજા દેશોની સરખામણીમાં નિયંત્રણો અને પ્રતિબંધ પહેલાથી જ લાગુ કરી દીધા હતા. મોટા ભાગના રાજ્યોમાં ધાર્મિક સ્થળોને પણ પહેલાથીજ બંધ કરી દીધા હતા. છતાં કેટલાક તથ્યો એવા છે જે ચિંતાનુ કારણ બની શકે છે. ભારતની સામે પડકારો વધારે છે. દાખલા તરીકે વસ્તી વધારે છે. મુળભુત સરકારી આરોગ્ય સુવિધાની કમી રહેલી છે. કેટલીક બિમારીનો પ્રકોપ રહેલો છે. સંયુક્ત પરિવારમાં યુવાથી વરિષ્ઠ લોકો સુધી કોરોનાની અસર થવાનો ખતરો રહેલો છે. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે છેલ્લા કેટલાક દિવસથી દેશમાં કોવિડ- ૧૯ દર્દીઓની સંખ્યામાં પહેલા કરતા વધારે ઝડપથી વધારો થઈ રહ્યો છે. દુનિયાભરમાં કોરોના વાયરસના ઈન્ફેક્શનની ગતિ પર નજર કરવામાં આવે તો પ્રથમ બે તબક્કા ઉપયોગી છે. પ્રથમ ૧૦૦ મામલા અને ૧૦૦ દિવસ બાદ પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. ભારતમાં કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૧૦૦ સુધી પહોંચી જવામાં ત્રણ મહિના લાગ્યા હતા. જો કે છેલ્લા ૧૨ દિવસના ગાળામાં જ આંકડો સાત ગણો થઈ ગયો છે. એશિયાની વાત કરવામાં આવે તો જાપાનમાં કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યા ૧૦૦ સુધી પહોંચી જતા પહેલા દરરોજ દર્દીઓની સંખ્યા ૧૩ ટકા વધી હતી. જો કે ૧૦૦ બાદ જાપાનમાં દર્દીઓની સંખ્યા પ્રતિદિન ઘટીને ૮.૧ ટકા થઈ ગઈ હતી. સિંગાપોર એ કોરિયા જેવા દેશોમાં સ્થિતી જાપાન જેવી રહેલી છે. પૂર્વીય એશિયામાં શરૂમાં કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યા દુનિયાના મુકાબલામાં વધારે હતી. જો કે હવે ત્યાં ઘટાડો થઈ રહ્યો છે. ચીન, સિંગાપોર, દક્ષિણ કોરિયા, જાપાનમાં દર્દીઓની સંખ્યા ૧૦૦ સુધી પહોંચી ગયા બાદ ઘટવા લાગી હતી. આ દેશો પશ્ચિમી યુરોપ, અમેરિકા અને ભારતની તુલનામાં વધારે સફળ રીતે કોરોનાના કેસોને રોકવામાં સફળ રહ્યા છે. અમેરિકા, સ્પેન અને ફ્રાન્સમાં નવા કેસો હવે દેખાઈ રહ્યા નથી. આજ કારણ છે કે અમેરિકાએ હવે કોરોના ગ્રસ્ત દર્દીઓની સંખ્યાના મામલે ઈટાલી, સ્પેન, ચીન સહિતના દેશોને પાછળ છોડી દીધા છે. ગુરૂવારના દિવસે ત્યાં કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૮૫ હજારથી વધારે થઈ ગઈ છે. કોરોના પ્રભાવિત ૧૯ દેશોમાં દરરોજ નવા મામલામાં વૃદ્ધિ દરમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. ડેનમાર્ક અને આયરલેન્ડ જેવા સરેરાશ ઉંચી આવકવાળા કેટલાક દેશ તો દર્દીઓની સંખ્યામાં ૧૦૦ પહોંચતાની સાથે જ અંકુશ મેળવી લેવામાં સફળ થઈ ગયા છે. ભારતની સામે હજુ કેટલાક નવા પડકારો રહેલા છે. ભારતે ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કર્યા બાદ તેના કેવા પરિણામ રહે છે તેના પર દુનિયાના દેશોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કોરોના વાયરસની સામે ભારતે અલગ રીતે લડત છેડી દીધી છે. કોરોના વાયરસની સામે લડવા માટે ભારતની પાસે પુરતા સંશાધનો નથી. આવી સ્થિતીમાં કોરોનાને રોકવા માટે હાલમાં તો યુદ્ધના ધોરણે લોકડાઉનને પાળવામાં આવે તે વિકલ્પ શ્રેષ્ઠ છે.

વધારે વસ્તી, સરકારી હોસ્પિટલની કમી અને પહેલાથી જ અનેક બિમારીના કારણે પડકાર વધારે છે : ભારતમાં અદ્ભુત ક્ષમતા પણ છે

કરણ જૌહર, તાપસી પન્નૂએ દૈનિક મજૂરોને મદદ કરવાનો સંકલ્પ લીધો



મુંબઈ

કોરોના વાયરસના પ્રકોપના કારણે દેશભરમાં લોકડાઉનનો અમલ ચાલું છે. આ દરમિયાન કરણ જૌહર, તાપસી પન્નૂ અને આયુષ્માન ખુરાના સહિત કેટલીક બોલીવુડ હસ્તીઓએ દેશવ્યાપી લોકડાઉનથી પ્રભાવિત દૈનિક મજૂરોને મદદ કરવાની નવતર પહેલ કરી છે.

કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે વડપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ૨૧ દિવસના દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી. આ વાયરસના સંક્રમણથી વિશ્વભરમાં ૨૦૦૦૦ લોકોના મોત થયા છે.

આઈ સ્ટેન્ડ વિથ હ્યુમિનિટી, ઈન્ટરનેશનલ એસોશિયેશન ફોર હ્યૂમન વેલ્યૂઝ, ધ આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન અને ભારતીય ફિલ્મ અને ટીવી ઉદ્યોગ જેવા સંગઠનો દ્વારા શરુ કરાયેલી પહેલ અંતર્ગત દૈનિક મજૂરોના પરિવારોને ૧૦ દિવસ માટે ભોજન સામગ્રી પ્રદાન કરી રહ્યા છે.

આ સંબંધમાં કરણ જૌહર ટ્વીટ કર્યું કે, હું આ પહેલનું સમર્થન કરીને એમાં યોગદાન આપવાની પ્રતિજ્ઞા લઉં છું. આ એક એવી સ્થિતિ છે કે જ્યાં આપણે આગળ આવીને લોકોને મદદ કરવી પડશે.

અભિનેત્રી તાપસી પન્નૂએ લખ્યું કે, અમારા માટે અને અમારી સાથે કામ કરનારા માટે આપણે યોગદાન આપવું પડશે. જો કોરોનાથી નહીં તો એ(દૈનિક શ્રમિક) ભોજનની અછતથી હારી જશે. આવો આપણે સૌ આ પરિસ્થિતિનો સામનો કરવામાં તેમને મદદ કરીએ.

આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની તમામ ક્વોલિફાયર મેચો ૨દ

એપ્રિલની ટી૨૦ વર્લ્ડ કપ ટ્રોફી ટૂર પણ અટકાવી દેવાનો આઈસીસીનો નિર્ણય



દુબઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ૩૦મી જૂન અગાઉ યોજાનારી તમામ ક્વોલિફાઈંગ ઈવેન્ટ રદ કરી નાખી છે. આગામી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભાગ લેનારા એસોસિયેટ્સ દેશની ટીમો વચ્ચે ક્વોલિફાયર્સ યોજાનારા હતા અને તેમાંથી કેટલીક ટીમ વર્લ્ડ કપમાં ભાગ લેવાની હતી.


આ મેચો ૩૦મી જૂન અગાઉ રમાવાની હતી પરંતુ આઈસીસીએ તમામ ક્વોલિફાઈંગ ઈવેન્ટ રદ કરવાનો નિર્ણય લીધો છે. કોરોના વાયરસને કારણે સમગ્ર વિશ્વમાં ગંભીર અસર પડી છે અને તમામ સ્થળે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે ક્રિકેટ પણ તેમાંથી બાકાત નથી. વિશ્વના તમામ દેશમાં ક્રિકેટની પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. આઈસીસી અને બીસીસીઆઈના વડા મથકને પણ બંધ કરી દેવાયા છે તો તેના કર્મચારીઓ ઘરેથી કામગીરી કરી રહ્યા છે.

આઈસીસીના ઈવેન્ટ વડા ક્રિસ ટેટલીએ જણાવ્યું હતું કે વૈશ્વિક આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને તથા સમગ્ર વિશ્વમાં વિવિધ સરકારોએ લાદેલા પ્રતિબંધોને ધ્યાનમાં રાખીને આઈસીસીએ ૩૦મી જૂન સુધી તમામ ઈવેન્ટ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ભવિષ્યમાં અમે પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ નિર્ણય લઈશું.

ખેલાડીઓ, ઓફિશિયલ્સ, સ્ટાફ અને હજારો રમતપ્રેમીઓની આરોગ્ય અને સુરક્ષા પ્રત્યેની અમારી વચનબદ્ધતાને અમે પ્રાથમિકતા આપીને અમે આ નિર્ણય લીધો છે. આ તમામને ધ્યાનમાં રાખીને અમે જવાબદારીપૂર્વક નિર્ણય લીધો છે.

આઈસીસી વિમેન્સ વર્લ્ડ કપ ક્વોલિફાયરનો પ્રારંભ ત્રીજી જુલાઈથી શ્રીલંકામાં થઈ રહ્યો છે તે અંગે હાલમાં કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ આઈસીસીના પ્રવક્તાના મતે પરિસ્થિતિનું મોનિટરિંગ થઈ રહ્યું છે અને તેની સમીક્ષા થઈ રહી છે.આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાનારો છે અને તે માટેની વર્લ્ડ કપ ટ્રોફી ટૂર એપ્રિલમાં હાથ ધરાનારી હતી તે પણ હાલમાં અટકાવી દેવામાં આવી છે.

સલમાન ખાન અભિનેત્રી જેક્લિન ફર્નાન્ડિસ સાથે સમય પસાર કરી રહ્યો છે..!!



મુંબઈ

બોલિવૂડ સ્ટાર સલમાન ખાન લોકડાઉનના કારણે તેના પનવેલ ખાતેના ફાર્મહાઉસમાં પરિવારથી દૂર છે. આ સમયે સલમાન સાથે બહેન અર્પિતા, બનેવી આયુષ અને તેમના બાળકો પણ છે. કોરોનાના કારણે અત્યારે તેની આગામી ફિલ્મ રાધેનું શૂટિંગ રોકી દેવામાં આવ્યું છે. જેથી સલમાન હાલ પોતાના ફાર્મ હાઉસમાં ક્વોલિટી ટાઈમ સ્પેન્ટ કરતો જોવા મળી રહ્યો છે.

સલમાન સાથે ફાર્મ હાઉસમાં કિક અને રેસ-૩ ની હિરોઈન જેકલીન ફર્નાન્ડિસ પણ છે. જેકલિન એક નવા મ્યૂઝિક વીડિયો ગેંદા ફૂલમાં જોવા મળી છે અને આ મુદ્દે વાત કરવા માટે તેણે બાદશાહને વીડિયો કોલ કર્યો હતો. આ કોલમાં પાછળ સલમાન પણ જોવા મળ્યો હતો. બાદશાહના આ નવા ગીતને ઘણું જ પસંદ કરવામાં આવી રહ્યું છે. લોકડાઉન વખતે સલમાન અને જેકલિન સાથે જોવા મળતા જાતજાતની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

સલમાન અત્યારે તેની આગામી ફિલ્મ રાધેની પુરજોશમાં તૈયારી કરી રહ્યો છે. પ્રભુદેવાની આ ફિલ્મમાં સલમાન લીડ રોલમાં જોવા મળશે.

કોરોના સામેની જંગમાં 'બાહુબલી'નો મોટો ફાળો, દાનમાં આપ્યા ૪ કરોડ




મુંબઈ

કોરોના વાયરસના કારણે દુનિયાભરમાં લોકડાઉન છે. ભારતમાં પણ ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન સંક્રમણના નંબરો વધી રહ્યા છે. મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. ત્યારે બોલિવૂડ સેલેબ્રિટી એક પછી એક કોરોના સામે જંગ લડવા માટે આર્થિક મદદ કરી રહ્યા છે. અને હવે તેવામાં બોલિવૂડના બાહુબલી અને તેલુગુના સુપર સ્ટાર પ્રભાર પણ મોટી જાહેરાત કરી છે. કોરોના સામેની જંગમાં લડવા માટે આર્થિક સહાય રૂપ પ્રભાસે ૪ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

પ્રભાસ હાલમાં જ જૉર્જિયાથી પરત ફર્યા છે. જ્યાં તેમની આગામી ફિલ્મ પ્રભાસ ૨૦ની શૂટિંગ ચાલી રહી હતી. તેમની સાથે પૂજા હેગડે પણ હતી. અહીંથી પરત ફર્યા પછી તેમણે સાવચેતીના પગલે ૧૪ દિવસ સેલ્ફ આઈસોલેશનમાં વીતાવ્યા છે. પ્રભાસની પહેલા પવન કલ્યાણે ૨ કરોડ, તેમના ભત્રીજા રામચરણે ૭૦ લાખ અને રામ ચરણના પિતા ચિરંજીવીએ ૧ કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી છે. તો યુવા સુપર સ્ટાર મહેશ બાબુએ ૧ કરોડ દાનની જાહેરાત કરી છે. તમને જણાવી દઈએ કે પ્રોડ્યૂસર ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ રોજ મજૂરી કરીને કમાતા મજૂરો અને તેમના પરિવારો માટે ફંડ્સ શરૂઆત કરી છે. સાઉથ સેલેબ્સ પણ આંધ્ર પ્રદેશ અને તેલંગાના સીએમ રીલિફ ફંડમાં ડોનેટ કરી રહ્યા છે. તમિલનાડુ ડાયરેક્ટર્સ એસોશિયેશન આર કે સેલ્વામણિએ એક સ્ટેટમેન્ટ જાહેર કરીને એક્ટર્સથી ફિલ્મ સ્ટુડિયામાં કામ કરતા સ્પોર્ટબોય અને અન્ય મજૂરો માટે ફંડ ડોનેડ કરવાની અપીલ પણ કરી છે.

'આપણી જિંદગી આપણા હાથમાં છે': વિક્કી કૌશલ,રાજકુમાર રાવની અપીલ



મુંબઈ

અત્યારે કોરોનાની ઈફેકટ પૂરા વિશ્વમાં જોવા મળી રહી છે. દિવસેને દિવસે કોરોનાનો વિનાશ વકરતો જઈ રહ્યો છે. મોતનો આંકડો પણ વધતો જઈ રહ્યો છે. ત્યારે ૨૧ દિવસ માટે પૂરો દેશ લોકડાઉન છે. આવામાં બોલિવુડ સ્ટાર્સ તેમનાં સોશિયલ મીડિયા થ્રુ લોકોને અપીલ કરી રહ્યા છે કે તેઓ પણ ઘરમાં જ રહે અને કામ વગર બહાર ન નિકળે.

દુનિયાભરમાં હાહાકાર મચાવનાર કોરોનાને લઈને દેશના પીએમ નરેન્દ્ર મોદીથી લઈને નેતાઓ અને ક્રિકેટર્સથી લઈને બોલીવુડ સ્ટાર્સ સુધી સૌકોઈ જાગૃતિ ફેલાવી રહ્યાં છે અને સાથે જ લોકોને અપીલ કરી રહ્યા છે કે તેઓ ઘરમાં જ રહે જેથી આ વૈશ્વિક મહામારી સામે લડી શકાય. નેશનલ એવોર્ડ વિનર એક્ટર રાજકુમાર રાવે પણ સોશિયલ મીડિયા દ્વારા ફેન્સને અપિલ કરી છે.

બીજી તરફ બોલિવુડનાં ઉરી એક્ટર વીકી કૌશલે પણ તેના સોશિયલ મીડિયા પર તેના ચાહકોને ઘરે જ સલામત રહેવાની અપીલ કરી હતી.વીકીએ કહ્યું હતું કે દેશ લોક ડાઉન છે કારણ કે કોરોનાની કોઈ જ દવા નથી. એટલે આપણી જિંદગી આપણા હાથમાં છેપઘરે રહોપસુરક્ષિત રહો.

સિંઘમ વિલન પ્રકાશ રાજ બન્યા હીરોઃ આખા સ્ટાફને ત્રણ મહિનાનો પગાર આપ્યો



બેંગ્લુરુ

હાલના સમયમાં કોરોનાનો કહેર આખા દેશ પર મંડરાઈ રહ્યો છે અને લોકડાઉનના કારણે લોકોએ કોઈ કામકાજ વગર ઘરમાં જ રહેવું પડે છે. ત્યારે સિંઘમ ફિલ્મના વિલન પ્રકાશ રાજે તેના પ્રોડક્ટશનમાં રોજના વેતન પર કામ કરતા લોકો માટે એક મહત્વનો નિર્ણય લીધો. જેથી સ્ટાફની કોઈ પણ વ્યક્તિને મહમારીના સમયમાં પૈસાની અછતનો સામનો ના કરવો પડે.

પ્રકાશ રાજે તેમના પ્રોડક્શન હાઉસ અને ઘરમાં કામ કરતા તમામ સ્ટાફને મે સુધીનો પગાર એડવાન્સ આપી દીધો છે. હાલનો સમય જોતા મહામારી ક્યારે કાબૂમાં આવશે તે કહી શકાય નહિ. ત્યારે પ્રકાશ રાજે ટ્વીટર પર પોસ્ટ કરીને તે વાતની માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે અન્ય લોકોને પણ વિનતી કરી છે જે તેમના સ્ટાફને એડવાન્સ પગાર આપી શકે છે. મહામારીના સમયમાં દરેક વ્યક્તિ પોતાના તરફથી પૂરતી મદદ કરવાની કોશિશ કરી રહી છે. બોલીવુડ સ્ટાર પણ વિડીયોના માધ્યમથી રોજના વેતન પર કામ કરતા લોકોને રજા આપવા અને તેમનો પગાર ન કાપવા વિનંતી કરે છે.

દેશની વર્તમાન પરિસ્થિતિ સારી થાય પછી આઈપીએલ અંગે વાત કરીશુંઃ રોહિત શર્મા

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માએ કહ્યું કે, આપણે પહેલા દેશ વિશે વિચારવું જોઈએ. વર્તમાન પરિસ્થિતિ પહેલા સરખી થવી જોઈએ. આ પછી અમે આઈપીએલ વિશે વાત કરી શકીએ છીએ. પહેલા જીવનને સામાન્ય માર્ગે આવવા દો." તેણે ગુરુવારે તેના સાથી લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલ સાથે ઈન્સ્ટાગ્રામ પર ચર્ચા કરતી વખતે આ વાત કહી.

આ પહેલા રોહિતે ઈંગ્લેન્ડના પૂર્વ બેટ્સમેન કેવિન પીટરસન સાથે પણ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ ચેટ કરી હતી. આ સમય દરમિયાન, તેમણે કહ્યું હતું કે જો દેશમાં કોરોનાવાઈરસ કંટ્રોલમાં આવે અને પરિસ્થિતિ પહેલા કરતા સારી થાય તો આઈપીએલ આવતા મહિને થઈ શકે છે. પીટરસને તેને સવાલ પૂછ્યો કે શું આ વર્ષે આઈપીએલ થશે? આ અંગે મુંબઈના કેપ્ટને કહ્યું- મને લાગે છે કે પરિસ્થિતિ સુધરે ત્યારે આ ટૂર્નામેન્ટ રમી શકાય છે. કદાચ આવતા મહિનાની શરૂઆતમાં જ તેમ થઈ જાય.

આ કપરા સમયમાં સૌથી પ્રેશર ભર્યું કામ લોકોને બચાવવાનું છેઃ વિલિયમસન



વેલિંગ્ટન

ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન કેન વિલિયમસનનું કહેવું છે કે કોરોનાના આ કપરા સમયમાં સૌથી પ્રેશરભર્યું કામ લોકોના જીવનને બચાવવાનું છે. ચીનના વુહાનથી શરૂ થયેલો આ વાઈરસ આજે દુનિયાભરમાં ફેલાયો છે. દુનિયા આખી લોકડાઉન થઈ ગઈ છે. ઈન્ડિયામાં પણ આ વાઈરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ન્યુઝીલેન્ડે પણ તેમના દેશમાં વિદેશપ્રવાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ વિશે વધુ જણાવતાં વિલિયમસને કહ્યું કે છેલ્લા કેટલાક દિવસની મહામારીથી એક વસ્તુ તો ક્લિયર થઈ ગઈ છે કે હેલ્થ કાઈસિસ આવી ગઈ છે. આવી મહામારી આપણે પહેલાં કયારેય નથી જોઈ. જોકે એમાં કોઈ શંકા નથી કે આગામી દિવસોમાં આપણે એના પર કાબૂ મેળવી લેશું. આપણે નસીબદાર છીએ કે આપણી રક્ષા કરવાવાળું કોઈક છે. લોકો કહેતા હોય છે કે સ્પોર્ટ્સ મેન અને વિમેન્સ કેટલું પ્રેશરમાં પર્ફોર્મ કરતાં હોય છે, પરંતુ અમે એ અમારા માટે કરીએ છીએ. આ એક ગેમ છે જેને અમે પ્રેમ કરીએ છીએ. ખરૂં કામનું પ્રેશર તો લોકોના જીવનને બચાવવાનું છે.

ખરૂં પ્રેશર તો બીજાના જીવન માટે પોતાનું જીવન જોખમમાં નાખી રોજ કામ પર જવાનું છે. આ એવી જવાબદારી છે જે દુનિયાના બેસ્ટ અને મદદકર્માઓ દ્વારા કરવામાં આવે છે. બ્લેક કેપના સભ્ય હોવાથી અમને એ વાતનો ગર્વ છે કે અમારો દેશ અમારી સાથે ઊભો છે તેમ જ અમે સરકારને પણ જણાવીએ છીએ કે તમે પણ એકલા નથી, તમારી પાછળ દરેક વ્યકિત ઊભી છે.

બે વર્ષ પહેલાં કોરિયન ફિલ્મે કોરોના વાયરસની ભવિષ્યવાણી કરેલી...!!



મુંબઈ

સોશિયલ મીડિયા પર કોરોના વાયરસને લઈને અનેક પ્રકારના દાવા કરવા કરવામાં આવી રહ્યા છે કેટલાક સાચા છે તો કેટલાક ખોટાપ જ્યારે આ વચ્ચે હાલમાં એક ક્લિપ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે અચાનક હુમલો કરનારા આ વાયરસ અંગે એક કોરિયને બે વર્ષ પહેલા જણાવ્યું હતું.

ખરેખર, ટ્વિટર પર એક કોરિયન સીરીજની ક્લિપ વાયરલ થઈ રહી છે. જેમા કોરોના વાયરસનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. જેમા એક વાયરસ અંગે વાત થઈ રહી છે. જે અચાનક ફેલાયેલો છે. ફ્લૂ જેવા લક્ષણ વાળા આ વાયરસ અંગે જે પણ વાતો કહેવામાં આવી રહી છે તે હુબહુ આ સમયે દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસથી મળે છે, આ ક્લિપમાં પણ આ વાયરસનો હાલ કોઈ ઈલાજ ન હોવાની વાત કહેવામાં આવી રહી છે.

ક્લિપમાં કોરિયન ભાષા તો સમજ આવી રહી નથી પરંતું તેના ટાઈટલથી સ્પષ્ટ માલૂમ પડે છે કે ૨ વર્ષ પહેલા આજે ફેલાયેલા વાયરસ અંગે વાત કરવામાં આવી રહી છે.

તે સિવાય કોરિયન ભાષામાં કઈ સમજવું મુશ્કેલ થઈ રહ્યું છે પરંતુ તેમા કોરોના વાયરસનું નામ લેવામાં આવેલું સ્પષ્ટ સાંભળી શકાય છે. આ કોરિયન સીરીજનં નામ છે 'માય સિક્રેટ ટેરિયસ' જે ૨૦૧૮માં રિલીઝ થઈ હતી. આ સીરીજના એપિસોડ ૧૦માં આ વાયરસને લઈને વિસ્તારમાં જણાવવામાં આવ્યું છે.

ક્રિકેટર સૂર્યકુમાર યાદવ ઘરમાં કચરા પોતા કરી રહ્યો છે...!!

મુંબઈ

કોરોના વાયરસના કારણે હાલમાં દેશમાં તમામ લોકો પોતાના ઘરમાં કેદ છે. આ વાયરસના કારણે સ્થિતિ એટલી ગંભીર છે કે અનેક લોકોના ઘરમાં મેડ પણ રજા પર છે ત્યારે આવા લોકોએ જાતે જ ઘરના કામ કરવા પડી રહ્યા છે. મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ પણ આ મુશ્કેલ સમયમાં પોતાના ઘરમાં સમય વિતાવી રહ્યો છે. તેણે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરી જણાવ્યું કે હાલના દિવસોમાં તેની સ્થિતિ કેટલી ખરાબ છે.

સૂર્ય કુમાર યાદવે જે વીડિયો શેર કર્યો છે તેમાં તે ટી-શર્ટ અને શોર્ટ્સ પહેરીને ઘરમાં પોતા કરતો જોવા મળી રહ્યો છે. તેની પાસે એક ડોગ બેઠો છે જે તેની સામે જોઈ પણ રહ્યો નથી. વીડિયોના બ્રેકગ્રાઉન્ડમાં 'મેરે હાલાત એસે હૈ કી મેં કુછ કર નહી સકતા' ગીત વાગી રહ્યુ છે. સૂર્યકુમારે વીડિયોના કેપ્શનમાં લખ્યું કે સ્થિતિ એવી છે કે પાબલોએ પણ મોં ફેરવી લીધું છે.

સૂર્યકુમાર યાદવ સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ છે. તે પોતાની પત્ની દેવિશા સાથે અનેક વીડિયો શેર કરી ચૂક્યો છે. સૂર્ય કુમાર યાદવ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી, રણજી ટ્રોફી, વિજય હઝારે ટ્રોફીમાં રનનો વરસાદ કરી ચૂક્યો છે.



દેશભરમાં કોરોનાને લીધે લૉકડાઉન જાહેર થયા બાદ લોકોએ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની લાઈન લગાવી હોવાની તસવીરો જોવા મળતી હતી. આ તસવીર પહેલીવાર જોતા એવી જ લાગશે, પરંતુ આ લાંબી લાઈન ગેસ સિલિન્ડર માટેની છે. વાશીમાં લોકોએ લગાવેલી આ લાઈન સાક્ષી પુરે છે કે લોકો તકલીફ ભોગવી રહ્યા છે. આવી જ લાઈન ભીંડી બજાર સહિત ઘણા વિસ્તારોમાં લાગી હતી. ઘરમાં ચીજવસ્તુ હોય, પણ ચુલો જ ન સળગે તો શું કરવાનું?

ચાર લોકો હજથી પરત ફર્યા હતા

મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં એક જ પરિવારના ૧૨ લોકો કોરોના પોઝિટિવ

કોલ્હાપુર

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે. અત્યાર સુધી અહીં ૧૩૦ કેસ સામે આવી ચુક્યા છે. આ વચ્ચે અહીંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કોલ્હાપુર પાસે એક જ પરિવારના ૧૨ લોકો કોરોના વાયરસ પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું છે. સૌપ્રથમ ૨૩ માર્ચે પરિવારના ૪ સભ્યોનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ ચારેય હજથી પરત ફર્યા હતાં.

એક અહેવાલ અનુસાર આ પરિવાર સાંગલી જિલ્લાના ઇસ્લામપુર ગામના રહેવાસી છે. સૌપ્રથમ હજથી પરત આવેલા પરિવારના ૪ સભ્યોને આઇસોલેશનમાં રાખવામાં આવ્યાં હતાં. ૨૩ માર્ચે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ૨૫ માર્ચે પરિવારના અન્ય ૫ સભ્યોનો ટેસ્ટ કરાવામાં આવ્યો. આ પાંચેય સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો. તે બાદ મેડિકલ ટીમે પરિવારના ૩ અન્ય સભ્યોને ટેસ્ટ માટે બોલાવ્યાં. આ ત્રણેયનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો. આ રીતે એક જ પરિવારના ૧૨ લોકો ખતરનાક કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયાં.

આ વચ્ચે સાંગલી જિલ્લાના સિવિલ સર્જન સંજય સાલુનખેએ કહ્યું કે આ પરિવારના સંપર્કમાં આવનારા તમામ લોકોના સેંપલ લેવામાં આવી રહ્યાં છે. આ તમામના રિપોર્ટ શુક્રવારે આવશે. ડોક્ટરોને તે વાતનો ડર છે કે કોરોનાની આ ચેન લાંબી હોઇ શકે છે. એટલે કે આ ગામના અનેક લોકો કોરોનાના સકંજામાં આવી શકે છે. આ ઉપરાંત ડોક્ટરોએ પરિવારના તમામ નજીકના સંબંધીઓને આઇસોલેટ કરી દીધાં છે.

પાકિસ્તાન અત્યાર સુધી ૧૦૦૦ લોકો સંક્રમિત,નવના મોત

પાકિસ્તાન કોરોનોગ્રસ્તઃ આઈએમએફ, વિશ્વ બેંક, એડીબીના શરણે ઈમરાન ખાન

ઈસ્લામાબાદ

કોરોના વાયરસના કહેરને કારણે પાકિસ્તાન આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને એક અબજથી વધારે રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી છે પરંતુ જેને આપવા માટે તેમની પાસે ફંડ નથી. આ સંકટનો સામનો કરવા માટે ઈમરાન સરકાર ફરી એક વખત આઈએમએફ, વિશ્વ બેંક અને એડીબીના દરવાજે પહોંચી ગઈ છે.

પાકિસ્તાન સરકારે કોરોનાને કારણે ઉત્પન્ન થયેલા આર્થિક સંકટનો સામનો કરવા માટે ૩.૭ અબજ ડોલરની લોનની માગણી કરી છે. દેશમાં કોરોના વાયરસને કારણે અત્યાર સુધી ૯ લોકોના મોત થયા છે અને ૧,૧૯૩ લોકો આ જીવલેણ વાયરસથી સંક્રમિત થયા છે. આઈએમએફે ૧.૪ અબજ ડોલર સિવાય, વિશ્વ બેંક અને અશિયાઈ વિકાસ બેંક દેશને ક્રમશઃ એક અબજ ડોલર અને ૧.૨૫ અબજ ડોલરની લોન આપશે.

વડાપ્રધાન ઈમરાન ખાને અગાઉ ૧.૨ અબજ રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, પાકિસ્તાનમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૧,૧૯૩ પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય સેવા મંત્રાલયની વેબસાઈટ મુજબ, સિંધમાં ૪૨૧ દર્દી, પંજાબમાં ૪૦૮, બલુચિસ્તાનમાં ૧૩૧, ખૈબર પખ્તૂનખ્વામાં ૧૨૩, ગિલગિટ-બાાલ્ટિસ્તાનમાં ૮૪, ઈસ્લામાબાદમાં ૨૫ અને પીઓકે એક કેસ નોંધાયો છે.

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલનો દાવો

કોરોના વાઈરસના દરરોજના ૧૦૦ દર્દીઓની સારવાર માટે સરકાર તૈયાર

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના કારણે ઘરોમાં કેદ દિલ્હીની જનતા માટે સારા સમાચાર છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દાવો કર્યો છે કે દિલ્હીમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. આ સાથે જ પાંચ ડોક્ટરોની ટીમ બનાવવામાં આવી છે, જે કોરોના અંગે પ્લાન કરશે, સીએમ કેજરીવાલે કહ્યું કે જો કોરોનાના ૧૦૦ કેસ રોજ આવશે તો પણ આપણી પાસે પૂરતી તૈયારી છે.

કેજરીવાલે શુક્રવારે કહ્યું કે, દિલ્હીમાં કોરોનાના કેસ ઘટ્યા છે. મેં આગામી તૈયારી કરવા માટે પાંચ ડોક્ટરની એક ટીમ બનાવી હતી. આ ટીમે અદભૂત કામ કર્યું છે અને પોતાનો રિપોર્ટ આપી દીધો છે. આ રિપોર્ટમાં જો રોજ ૧૦૦ કેસ આવશે તો કેવી તૈયારી કરવી પડશે.

સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ડોક્ટરના રિપોર્ટમાં પ્લાન છે કે જો હાલ કોરોનાના ૧૦૦ કેસ રોજ આવશો તો આપણી પાસે હાલ તૈયારી પુરી છે.

સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ગરીબ લોકોને હાલ ૨૦,૦૦૦ લોકોને અમે રોજ જમાડી રહ્યા છે. ૧૨૫ શાળાઓની અંદર લંચ અને ડિનરની વ્યવસ્થા કરવામાં આવી છે. દરરોજ ૫૦૦-૫૦૦ લોકોને જમાડશે. આજથી બે લાખ લોકોને જમાડશે. આવતી કાલથી ડબલ એટલે કે ૪ લાખ લોકોને જમાડશે, ધારાસભ્યોને પણ વધુ વ્યવસ્થા કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

કેરલમાં જેલમાં કેદી સેનિટાઈઝરની બોટલને દારૂ સમજીને પી ગયો, અંતે મોત

પલક્કડ

કોરોના વાયરસના હાહાકાર વચ્ચે કેરલમાં એક કેદીનું મોત થયું છે. કેદીનું મોત કોરોના વાયરસને કારણે નહીં પરંતુ સેનિટાઈઝર પી જવાને કારણે થયું છે. રિમાન્ડ દરમિયાન જેલમાં રહેલો કેદી સેનિટાઈઝરને દારૂ સમજીને પીને પી ગયો હતો. જે બાદમાં પલક્કડ હૉસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. જેલ તંત્રએ આ માહિતી આપી હતી.

રમણકટ્ટી નામના કેદીને ૧૮મી ફેબ્રુઆરીના રોજ રિમાન્ડ કેદી તરીકે જેલમાં લાવવામાં આવ્યો હતો. રમણકટ્ટીને બુધવારે સવારે જેલમાંથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેલમાં બેભાન બની ગયા બાદ તેને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સીનિયર જેલ અધિકારીએ જણાવ્યું હતું કે, અમને આશંકા છે કે તે જેલમાં જ કેદીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા સેનિટાઈઝરની બોટલ પી ગયો છે. રાજ્ય સરકારના આદેશ બાદ જેલમાં કેદીઓ સેનિટાઈઝર બનાવી રહ્યા છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, મંગળવારે રાત્રે રમણકટ્ટીની તબિયત એકદમ સારી હતી. હાજરી માટેના કોલમાં પણ તે હાજર રહ્યો હતો. પરંતુ બુધવારે સવારે આશરે સાડા દસ વાગ્યે તે અચાનક બેભાન બનીને પડી ગયો હતો.

જેલ તંત્ર હેન્ડ સેનિટાઈઝર બનાવવા માટે મુખ્ય ઘટક તરીકે આલ્કોહોલ (રબિંગ આલ્કોહોલ)નો ઉપયોગ કરે છે. જેના કારણે એવી શક્યતા છે કે કેદી રબિંગ આલ્કોહોલને દારૂ સમજીને પી લીધો હતો.

'મને કોરોના થઈ જશે, જામીન પર છોડો': યસ બેંકના રાણા કપૂરની અરજી

મુંબઇ

યસ બેંકના સ્થાપક રાણા કપૂરે એવી દલીલ સાથે પોતાને જામીન પર છોડવાની અરજી કરી છે કે જો પોતે જેલમાં રહેશે તો એને કદાચ નોવેલ કોરોના વાઈરસનો ચેપ લાગી જશે. રાણા કપૂરને મની લોન્ડરિંગ કેસના સંબંધમાં નવી મુંબઈની તળોજા જેલમાં પૂરી દેવામાં આવ્યા છે. એમની સામેના કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ એજન્સી કરી રહી છે.

પોતાની જામીન અરજીમાં રાણા કપૂરે એવો દાવો કર્યો છે કે એમનું હાલનું સ્વાસ્થ્ય જોતાં એવું લાગે છે કે એમને જેલમાં કોરોના વાઈરસ લાગુ પડવાનું મોટું જોખમ છે. કપૂરે એમના લોયર સુભાષ જાધવ મારફત જામીન અરજી નોંધાવી છે.

કપૂરે એવો દાવો કર્યો છે કે પોતાને ઘણા સમયથી શ્વાસની તકલીફ રહે છે જેને કારણે ફેફસાંમાં ચેપ લાગે છે, સાઈનસ થાય છે અને ચામડી પર ચેપની તકલીફ ઊભી થાય છે.

કપૂરે અરજી મારફત કોર્ટને એમ પણ જણાવ્યું છે કે પોતે છેલ્લા દોઢેક વર્ષથી તીવ્ર હાઈપરટેન્શન, ચિંતા અને ડીપ્રેશનથી પીડાય છે. કપૂરે વધુમાં કહ્યું છે કે પોતાને નાનપણથી બ્રોંકિઅલ અસ્થમા પણ છે, જેને કારણે એમને ફેફસાંમાં ચેપ લાગવાનું મોટું જોખમ રહે છે જેને કારણે એમનું મૃત્યુ પણ થઈ શકે.

હાલ જે કોરોના વાઈરસ ફેલાયો છે એને કારણે પોતાને ફેફસાંમાં ગંભીર ચેપ લાગી શકે છે અને એમનું આ ઉંમરે મૃત્યુ પણ થઈ શકે છે, એમ ૬૨ વર્ષના કપૂરે વધુમાં જણાવ્યું છે. કોર્ટ આ જામીન અરજી પર આવતા સોમવારે નિર્ણય લેશે. કોર્ટે જેલના સત્તાવાળાઓને આદેશ આપ્યો છે કે તેઓ કપૂરના આરોગ્યની કાળજી લે.

હોલિવૂડ સુપરસ્ટાર માર્ક બ્લમનું કોરોના વાયરસથી નિધન

ન્યૂયોર્ક



હોલિવૂડ સુપરસ્ટાર માર્ક બ્લમનું ૬૯ વર્ષની ઉંમરે કોરોના વાયરસને કારણે નિધન થઈ ગયું છે. એક ન્યૂઝ રિપોર્ટમાં માર્કની પત્ની જેનેટ જેરિશે એ ઈમેલ દ્વારા તેમના નિધનના સમાચારની પુષ્ટિ કરી છે. જેનેટે જણાવ્યું, મારા પતિને કોરોના વાયરસનો ચેપ લાગ્યા બાદ આવેલાં કોમ્પ્લિકેશન્સને કારણે તેમણે દુનિયાને અલવિદા કહી દીધું છે. રિપોર્ટ્સ મુજબ માર્કે ન્યૂયોર્કના એક હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લીધા હતા.

વાઈસ પ્રેસીડન્ટ રેબેકા ડેમને પણ ટ્વિટર પર માર્કના નિધનની વાતની પુષ્ટિ કરી છએ. ડેમને કહ્યું, બહુ જ દુઃખ સાથે જણાવું છુ કે, અમારા મિત્ર અને બોર્ડના પૂર્વ મેમ્બર માર્ક બ્લમનું કોરોના વાયરસના સંક્રમણથી નિધન થઈ ગયું છે. માર્ક એક ડેડિકેટેડ એક્ટર હતા અને ૨૦૦૭થી લઈને ૨૦૧૩ સુધી તેઓ અમારી સાથે જ રહ્યાં છે. તેમણે થાક્યા વિના હમેશાં પૂરજોશમાં કામ કર્યું છે અને તેઓ એક કમાલના એડવોકેટ પણ હતા. ડેમને કહ્યું કે, તેઓ માર્કના જટિલ અને સ્પષ્ટ દ્રષ્ટિકોણના બહુ મોટા ફેન હતા. તેમણે અમારી કોમ્યુનિટીના લોકોને જાગરૂક અને માહિતગાાર કર્યા છે. માર્ક સ્માર્ટ, ફની હતા અને ખૂબ જ સારાં કલાકાર પણ હતા. માર્ક તમે હમેશાં યાદ આવશો. તમને જણાવી દઈએ કે, માર્ક ન્યૂયોર્ક થિયેટર કોમ્યુનિટીના ઉત્થાન માટે ઘણું બધું કર્યું. જૂનિયર આર્ટિસ્ટે તેમની પાસેથી ઘણું બધું શીખ્યું છે અને સિનેમા જગતમાં તેમનું યોગદાન અતુલ્ય છે.

કોરોનાઃ વિશ્વના અર્થતંત્રને ડામાડોળ કરનાર ચીન છટકી શકે તેમ નથી....!!

વિશ્વના તમામ દેશોને કોરોના વાયરસે ભોગ બનાવ્યા છે.. તો ચીનમાં માત્ર વુહાનમાં જ ફરી વળ્યો હતો. સિવાય ચીનના કોઈપણ રાજ્યમાં કોરોના વાયરસની અસર નથી થઈ. ત્યારે શું એવું તો નહીં હોયને તે સમગ્ર વિશ્વના અર્થતંત્રને ખેદાન મેદાન કરી નાખવાનું ષડયંત્ર કદાચ ચીનનું હોય.....!? ચીનમાં વુહાન સિવાય કોરોનાએ ચીનના અન્ય રાજ્યોમાં અસર કરી નથી. તો ચીને કોરોના વાયરસને કાબુ માં પણ લઈ લીધો છે. તે સાથે નવા કેસ પણ નોંધાયા નથી. તો આનો અર્થ શું.....? વિશ્વના અનેક દેશોના લોકોને હજારોની સંખ્યામાં મોતના મુખમાં ધકેલી દેનાર કોરોના વાઈરસને કારણે મોટાભાગના દેશોમાં લોકડાઉન જેવી સ્થિતિ છે.... મોટાભાગના દેશોએ પોતાની સરહદો સીલ કરી દીધી છે. તો એરપોર્ટો, ટ્રાન્સપોર્ટ, રેલવે,વિમાન સેવાઓ બંધ કરી દેવાની ફરજ પડી છે. દરેક દેશોના વિવિધ ઉત્પાદનો તથા આયાત-નિકાસ પર મોટી અસર પડી છે. જેને કારણે વિશ્વભરના બજારોમાં ભારે પ્રમાણમા ઉથલ પાથલ પણ થઈ છે. વિશ્વના અનેક દેશોએ પોતાના નાગરિકોને બચાવવા અને મદદ રૂપ થવા કરોડો રૂપિયાના પેકેજ જાહેર કરવા પડ્યા છે.... ચીનમાં માત્ર ઉત્પાદન ઉપર જ અસર થઈ છે કારણ તેનો માન-સામાન ઉપાડવાથી વિશ્વના દેશો દૂર થઈ ગયા છે. છતાં ચીનના આંતરિક બજારો ઉપર કોઈ અસર થવા પામી નથી....! વુહાનથી ન્યૂયોર્ક, ઈટલી, ભારત, ઈરાન,સ્પેન વગેરે દેશો ૮૦૦ કિલોમીટર થી ૮ હજાર કિલોમીટર સુધી દૂરના અંતરે છે.... છતાં ચીનના વુહાન પાસેના શાંઘાઈ કે બેજિંગ સહિતના ચીનના એક પણ પ્રાંતમાં કોરોના ની અસર નથી થઈ. પરંતુ યુરોપના દેશો, ઈટલી, ઈરાન સહિતા ૧૮૧ જેટલા દેશોમાં હજારો લોકોના મૃત્યુ અને સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે..... તેમાંથી ચીન બાકાત છે. ચીનના બધાજ વ્યાપાર ક્ષેત્રો સલામત છે. એટલે કાઈક તો ગરબડ જરૂર છે.....! અને અમેરિકા એમ જ કાંઈ ચીનને દોષી નથી કહી રહ્યુ.....!?

ચીનની હરહંમેશ વિસ્તારવાદી અને અન્ય પર હાવી થવાની નીતિ રહી છે. તેને સૌથી પહેલાં એક વાયરસ અને તેની દવા બનાવી પછી.... એ વાઈરસ ફેલાયો અને રાતોરાત વિશાળ હોસ્પિટલ બનાવી દીધી. જે કોઈ પણ દેશ આ રીતે પૂર્વ આયોજન વગર હોસ્પિટલ કે બિલ્ડિંગ ઉભુ ન કરી શકે. એટલે વિશ્વના દેશોને ગુમરાહ કરવાનું- છેતરવા હોસ્પિટલ ઉભી કરવી તે એક ષડયંત્રનો ભાગ લાગે છે.....! જેના કારણે વિશ્વભરમાં વાયરસ ફેલાવાની સાથે સાથે અરાજકતા ફેલાવા લાગી.... જેમાં ખાસ કરીને યુરોપીયન દેશોમાં.. તેને કારણે અનેક દેશોની અર્થવ્યવસ્થા ઉપર અસર થઇ અનેક દેશોના ઉત્પાદન કરતા કારખાના બંધ થઈ ગયા. શેરબજારમાં મોટી ઉથલપાથલ થઈ ગઈ અને પોતાના દેશમાં કોરોનાવાયરસ ને તાત્કાલિક કાબુમાં કરી લીધો. વુહાનથી કોરોના દર્દી મળતા બંધ થઈ ગયા આ કઈ રીતે સંભવિત છે.....? જ્યારે કે ઈટલી, ઈરાન જેવા દેશો આવી સ્થિતિને નિયંત્રણમાં નથી લઈ શકતા.... એનો મતલબ કે ચીન પહેલેથી તૈયાર હતું.... અત્યારે વિશ્વભરમાં કોરોનાનો હાહાકાર છે. જ્યારે ચીનની તમામ ક્ષેત્રની ઉત્પાદન કરતી ફેકટરીઓ ધમધમતી થઈ ગઈ છે.... ત્યારે સવાલ એ ઉઠે છે કે વુહાન સિવાય ચીનના અન્ય પ્રાંતોમાં આ વાઈરસ નથી ફેલાયો....! જ્યારે કોરોના વાયરસની શરૂઆત થઈ ત્યારે ચીને દુનિયાથી કોરોનાવાયરસ અંગે કેમ છૂપાવ્યુ.....? શરૂઆતી સેમ્પલનો નાશ કેમ કર્યો....? વિશ્વના અન્ય દેશોએ જાણકારી- સૂચના આપવા કહ્યું તો ના શા માટે પાડી.....? કોરોના વાયરસ માનવી માનવીમાં ફેલાય છે જેને છુપાવવા વિશ્વ આરોગ્ય સંસ્થાના કમ્યુનિષ્ટ નિર્દેશકનો ઉપયોગ કેમ કર્યો.....? વિશ્વ આરોગ્ય સંસ્થાના નિર્દેશક જાન્યુઆરીમાં ચીનમા શું કરી રહ્યા હતા...? વિશ્વ આરોગ્ય સંસ્થા જૂઠું કેમ બોલ્યુ....?તેને કહ્યું કે આંતરરાષ્ટ્રીય હવાઇ સફર માટે ગાઇડ લાઈનની જરૂર નથી... કેમકે કોરોના માનવી થી માનવ દ્વારા ફેલાતો રોગ નથી.... તો પછી હવે શું.....? ચીને ૫૦ હજાર લોકોને કોઇપણ મેડિકલ તપાસ વગર દુનિયાના વિવિધ દેશોમાં શા માટે મોકલ્યા.....? અત્યારે સમગ્ર વિશ્વ ચીન અને વિશ્વ આરોગ્ય સંસ્થા પર શંકા કરી રહ્યા છે. ત્યારે તાઇવાનની બાબત એ છે કે ચીન અને વિશ્વ આરોગ્ય સંસ્થા ભારતના વખાણ કરી રહ્યા છે. આ બધી બાબતોને શું કહીશું.....? એક જ વાત કોરોનાવાયરસ માટે ચીન જ જવાબદાર છે....!

વિશ્વભરમા ૨૨ હજારથી વધુ લોકોના મોત કોરોના વાયરસને કારણે થયા છે. જ્યારે ભારત જેવા વિશાળ દેશમા ૨૦ લોકોના મૃત્યુ થયા છે. અને ૭૨૭ પોઝિટીવ કેસ નોંધાયા છે. ભારતમાં વસ્તીના પ્રમાણમાં મેડીકલ ટેસ્ટીગ કીટ કે તેની વ્યવસ્થા નથી....! તે હકીકત છે. તો મેડિકલ સાધનો-સેવાઓ અને મેડિકલ સ્ટાફ પણ જરૂરી જોઈતા પ્રમાણમાં નથી.... તે બાબત સ્વીકારી રહી. જે લોકોના કારણે ખાનગી હોસ્પિટલો ઊભી થઈ તેમના ડોક્ટરો ટોપ લેવલે પહોંચ્યા તેમાંના મોટાભાગના કોરોના દર્દીની સારવાર કે સુવિધા આપવાથી દૂર રહ્યા છે....! તો ધાર્મિક સંસ્થાઓ પણ જાહેરમાં આવી નથી જે પણ હકીકત છે. વડાપ્રધાન મોદીજુએ દૂરંદેશીતા વાપરી સમગ્ર ભારતને લોકડાઉન કરાવ્યું જેથી લોકસંપર્ક ન થાય.... અને કોરોના જંતુ નાશ પામે પણ લોક ડાઉનમા અનેક મહામૂર્ખ લોકો- કોરોનાની અસરો ન સમજનાર ટહેલવા ઘર બહાર નીકળવા લાગ્યા. જે તે રાજ્ય સરકારોની ચેતવણી- આદેશો છતાં લોકો બહાર નીકળતા રાજસ્થાન સરકારને દેખો ત્યાં ઠાર કરવા હુકમ આપવા પડ્યા.... તો તેલંગાણા- ગુજરાત સહિતના અનેક રાજ્યોની આવી વિકટ સ્થિતિ છે... અને પોલીસ ૨૪ કલાક ફરજ બજાવતા રહ્યા છે... જેથી કોરોના કાબૂમાં રહ્યો છે.....! પરંતુ કેટલાક પોલીસો કોરોના વાયરસનો ભોગ પણ બની ગયા છે. અને તેને માટે જવાબદાર ટહેલવા નિકળી પડતા લોકો જ છે....! ત્યારે પોલીસ કે સરકારે આકરા પગલા નાછૂટકે ભરવા ન પડે માટે લોકો બહાર ન નીકળે તે અતિ જરૂરી છે. ગુજરાતમાં આજે કોઈ નવો કેસ નોંધાયો નથી જે સુખદ બાબત છે... પરંતુ અસંગઠિત મજૂરો પોતાની ઘર વખરી પોટલા બાંધી પરિવાર સાથે વતનની વાટ પકડી રહ્યા છે.... તેને માટે જવાબદાર છે તેમના માલિકો તેમને નોકરી આપનારા તેમને કામ આપનારા કારણ માલિકોએ આવા લોકોને અનાજ કે અન્ય કોઇ સહાય નથી આપી .....!? વંદે માતરમ્.

ભારતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

મહારાષ્ટ્રમાં કુલ ૧૨૫ દર્દીઓ નોંધાયા છે.આ ઉપરાંત કર્ણાટક, તેલંગાણા, ગુજરાત , યુપીમાં, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણા, તમિલનાડુ, મધ્યપ્રદેશમાં પણ કેસ નોંધાયા છે. અલગ અલગ રાજ્યોમાં દર્દીઓની સંખ્યા વધી ગઈ છે. ગત ૨૪ કલાકમાં દેશમાં ૪૦ નવા કેસ નોંધાયા છે..જ્યારે ૨૪ કલાકમાં ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે.

રાજસ્થાનના ભીલવાડા ખાતે મહાત્મા ગાંધી હોસ્પિટલમાં કોરોનાના એક દર્દીનુ મોત નિપજ્યુ છે. તે દર્દી કિડની અને બ્લડ પ્રેશરથી પણ પીડાતો હતા.ગુરુવારે કોરોનાના કારણે મહારાષ્ટ્ર, ગુજરાત, કાશ્મીર અને મોડી રાતે રાજસ્થાનમાં એક-એક વ્યક્તિના મોત થયા હતા.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૧૩૦ થઈ ગઈ છે. દિલ્હીમાં આ સંખ્યા ૩૭ છે. હરિયાણામાં ૩૦, કર્ણાટકમાં ૫૭, કેરળમાં ૧૧૮, રાજસ્થાનમાં ૪૧, તમિલનાડુમાં ૨૭, તેલંગાણામાં ૪૪, પશ્ચિમ બંગાળમાં ૧૧, છત્તીસગઢમાં ૬ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત છે. બિહારમાં ૭, આંધ્ર પ્રદેશમાં ૧૧, ઉત્તર પ્રદેશમાં ૪૧, ગુજરાતમાં ૪૬, હિમાચલ પ્રદેશમાં ૪, મધ્ય પ્રદેશમાં ૨૧, પંજાબમાં ૩૪ લોકો કોરોના વાઈરસની ચપેટમાં છે.

મહારાષ્ટ્રના નાસિકથી ૨૦૦ લોકોને લઈને વિશેષ ટ્રેન કાનપુર પહોંચી છે. અહીં તમામ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે અને તેમને ૧૪ દિવસ ક્વોરેન્ટાઈનમાં રહેવાનો સ્ટેમ્પ લગાવવામાં આવ્યો છે.

એપ્રિલના પહેલા અઠવાડિયામાં ફી ભરવા માટે સ્કૂલોનું વાલીઓને ફરમાન

અમદાવાદ

એક તરફ કોરોના વાયરસના ફેલાવાના કારણે આખા દેશને ૨૧ દિવસ માટે લોકડાઉન કરવામાં આવ્યો છે ત્યારે બીજી તરફ શહેરની સ્કૂલો દ્વારા વાલીઓને આગામી મહિનાના પહેલા અઠવાડિયે નવા વર્ષની ફી ભરવા અંગેનો મેસેજ મળ્યો છે. જ્યારે જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું છે કે સ્કૂલોએ તારીખ પાછળ ખસેડવી જોઈએ.

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ૨૧ દિવસ માટે લોકડાઉન કરીને કાયદાનું પાલન કરવા માટે જણાવવામાં આવ્યું છે ત્યારે બીજી તરફ એપ્રિલના પહેલા અઠવાડિયામાં સ્કૂલો દ્વારા વાલીઓને ફી ભરવા અંગે જણાવવામાં આવ્યું છે. જણાવવાનું કે ૧૪ એપ્રિલ સુધી દેશને લોકડાઉન કરવામાં આવ્યો છે.

આ મેસેજ મળ્યા પછી વાલીઓ ચિંતિત છે કે આવા સમયમાં બાળકોની ફી કઈ રીતે ભરવી? તેમને એવો પ્રશ્ન પણ સતાવી રહ્યો છે કે જો ફી ના ભરી તો તેમના બાળકોના એડમિશન પર અસર પડી શકે છે.

શીલજની આનંદ નિકેતન સ્કૂલ કેમ્પસ દ્વારા વાલીઓને ૧૦ એપ્રિલ સુધીમાં ફી ભરવા માટે જણાવવામાં આવ્યું છે. જયારે આનંદ નિકેતનના સેટેલાઈટ કેમ્પસમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને ૭ એપ્રિલ સુધીમાં ફી ભરવા માટે જણાવવામાં આવ્યું છે. આ અંગે શીલજની આનંદ નિકેતન સ્કૂલમાં ભણતા એક વિદ્યાર્થીના વાલીએ સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, સ્કૂલ દ્વારા લોકડાઉનની ગંભીરતાને સમજવાના બદલે લોકડાઉન દરમિયાન પર ફી ભરવા અંગે જણાવવામાં આવી રહ્યું છે.

કોરોનાની રમત પર અસર

૧૦૯ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર ઇન્ડિયાનાપોલિસ મોટર રેસ સ્થગિત

મુંબઇ

કોરોના વાઇરસના કારણે વર્લ્ડના તમામ સ્પોર્ટિંગ ઇવેન્ટ્સ એપ્રિલ સુધી રદ અથવા સ્થગિત કરવામાં આવ્યા છે. હવે ૧૦૯ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર અમેરિકાની ઇન્ડિયાનાપોલિસ ૫૦૦ મીટર રેસ પણ સ્થગિત કરવામાં આવી છે. આ રેસ ૨૪ મેના રોજ થવાની હતી, હવે ઓગસ્ટમાં થશે. સતત વધતા કોરોનાવાઇરસના કારણે મે, જૂન અને જુલાઈમાં થનાર ૧૭ રમતની ૫૯ ટૂર્નામેન્ટ્સ પર ખતરો છે.

ઇન્ડિયાનાપોલિસ મોટર રેસ પહેલીવાર ૧૯૧૧માં થઈ હતી. તે પછી પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૧૭ અને ૧૯૧૮માં ટૂર્નામેન્ટ થઈ શકી નહોતી. ત્યારબાદ બીજા વિશ્વયુદ્ધ વખતે ૧૯૪૧થી ૧૯૪૫ દરમિયાન તેને રદ કરવામાં આવી હતી. આ પહેલીવાર થયું છે કે તેને સ્થગિત કરવામાં આવી છે.

કોરોના માટે પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામાનો ભંગ કરતા ઈસમોને ઝડપતી ભરૂચ તાલુકા પોલીસ

ભરુચ : પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા વડોદરા વિભાગ, વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલા, ભરૂચ વિભાગની સૂચના મુજબ તથા મહે. ડી. એમ. શ્રી ભરૂચનાઓ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસંધાને હાલમાં ગુજરાત રાજ્ય તથા સમગ્ર ભારતમાં દેશમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલ છે કે જેને ડબલ્યુએચઓ એ વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. નોવેલ કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે આપેલ સૂચના મુજબ ભરુચ રુરલ પો. સ્ટે.ના આઈ. સી. પોલીસ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફના માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન દહેગામ ગામે ખુલ્લી જગ્યામાં ભેગા મળી જાહેરનામાનો ભંગ કરતા પાંચ ઈસમોને ક્રિકેટ રમતા પકડી પાડેલ છે. જેમાં (૧) સંતોષકુમાર સંજય યાદવ (૨) સોનુકુમાર પ્રમોદલાલ દેહવર (૩)મનોજ શ્રીઅમોઘ લાલદેવ (૪) સંજય શ્રીરમેશ સાહની (૫) રાઘવેન્દ્ર પાસવાન શ્રી દદન પાસવાન તમામ રહે. દહેગામ, અશોકા કંપનીના કેમ્પમાં તા. જિ, ભરુચને ઝડપી પાડ્યા છે.

સદર કામગીરી આઈ.સી. પોલીસ ઈન્સ્પેક્ટર વાય. જી. ગીરનાર તથા એ. એસ.આઈ. મહેન્દ્રસિંહ ભગવાનસિંહ તથા પો. કો. મુકેશભાઈ ભીખાભાઈ તથા બાબુભાઈ ધીરુભાઈ ભરુચ રૂરલ પો. સ્ટે. દ્વારા કરવામાં આવેલ છે.

કોરોના વિરુદ્ધની લડાઈમાં સચિને ૫૦ લાખની મદદ કરી

મુંબઇ

કોરોના વાયરસ સામેની લડાઈમાં ભારતના પૂર્વ બેટ્સમેન સચિન તેંડુલકર સામે આવ્યા છે. સચિન તેંડુલકરે રાહત કોષમાં ૫૦ લાખ રૂપિયાની મદદની જાહેરાત કરી છે. આ પહેલા ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન અને બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલી પણ ૫૦ લાખ રૂપિયાના ચોખા દાન આપી ચૂક્યા છે.

રિપોર્ટ મુજબ, સચિન તેંડુલકરે પ્રધાનમંત્રી રાહત કોષ અને સીએમ રાહત કોષ બંનેમાં દાન આપ્યું છે. સચિન તેંડુલકર તરફથી ૨૫ લાખ રૂપિયા પ્રધાનમંત્રી રાહત કોષમાં આપવામાં આવ્યા છે, જયારે ૨૫ લાખ રૂપિયા સીએમ રાહત કોષમાં આપવામાં આવ્યા છે. સચિન તેંડુલરની નજીકના સૂત્રોએ આ જાણકારી આપી છે.

જાહેરનામાના ભંગ બદલ નોંધાયો ગુનો

માતાજીની સ્થાપના કરવા મંદિરમાં ભેગા થયેલા ૫૦માંથી પાંચની ધરપકડ

અમદાવાદ

કોરોના વાઇરસની ચેઈને તોડી તેને ફેલાતો રોકવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧ દિવસ માટે દેશમાં લોકડાઉનની જાહેરાત કરી છે. છતાં લોકો તેની ગંભીરતા ન સમજી ટોળામાં ભેગા થઈ તેને વધુ ફેલાય તેમાં સહભાગી થાય છે. નવરંગપુરા પ્રેસિડેન્ટ હોટલ રોડ પર મણિલાલના કુવા નજીક જોગણી માતાના મંદિરની સ્થાપના કરવા ૫૦ માણસોનું ટોળું ભેગું થયું હતું. લોકડાઉનની વચ્ચે મોટી સંખ્યામાં લોકો ભેગા થતાં નવરંગપુરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસના જાહેરનામાંના ભંગ બદલ ૫૦ લોકો સામે ગુનો નોંધી પાંચ લોકોની ધરપકડ કરી હતી.

નવરંગપુરા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે વિજય પાર્ક સોસાયટીમાં મણિલાલના કુવા પાસે જોગણીમાતાના મંદિરમાં ૫૦ લોકો ભેગા થયા હતા. પોલીસે પૂછતાં મંદિરનું રિનોવેશન કરાવ્યું હોવાથી માતાજીના સ્થાપના માટે ભેગા થયા હતા. સીઆરપીસી ૧૪૪નું જાહેરનામું હોવા છતાં ભેગા થતાં ૫૦ના ટોળા સામે ગુનો નોંધી કનુ દેસાઈ, સંજય દેસાઈ, લાલા દેસાઈ, જીતુ દેસાઈ અને પરેશ દેસાઈની પોલીસે ધરપકડ કરી હતી.

સમયસર એમ્બ્યુલન્સ ન મળતાં સિદ્ધપુરમાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો

સિદ્ધપુર

કોરોના સામે હાલ આખુ વિશ્વ લડી રહ્યુ છે. આવતી ૧૪મી એપ્રિલ સુધી આખા ભારતમાં લોકડાઉન આપી દેવામાં આવ્યુ છે. ત્યારે ગુજરાતમાં પણ કોરોના સામે જંગ છેડી દેવામાં આવી છે આવી પરિસ્થિતિમાં સામાન્ય દર્દીઓની હાલત ગંભીર થઈ છે. ગુજરાતમાં પાટણના સિદ્ધપુરમાં લોકડાઉનના કારણે એક માણસનો જીવ જતો રહ્યો છે.

પાટણના સિદ્ધપુરમાં લોકડાઉનને પગલે દર્દીઓની હાલત કફોડી બની છે. બસ સ્ટેશન પાસે એક શખ્સ એકાએક બેભાન થયો હતો. એમ્બ્યુલન્સ સમયસર ન આવતા દર્દીને લારી પર લઈ જવાનો વારો આવ્યો.

દર્દી સમયસર હોસ્પિટલ ન પહોચી શકતા તેનું મોત થયુ છે. સિદ્ધપુરના બિલિયા ગામનો વ્યક્તિનું સારવાર અભાવે મોત થયું છે. જેના કારણે મૃતકના પરિવારજનોએ આરોગ્ય તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો છે.

કોરોના પોઝિટિવ દર્દીનાં સંપર્કમાં આવ્યા બાદ ૧૪ પોલીસકર્મીઓને હોમ કોરોન્ટાઈન કરાયા

ભાવનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો હાહાકાર છે જેને લઈને ગુજરતામાં ત્રણ લોકોનાં મોત નિપજયાં છે ત્યારે ગુરૂવારે ભાવનગરમાં કોરોના વાયરસના કારણે એક વૃદ્ધનું મોત નીપજયું હતું. આ વૃદ્ધના સંપર્કમાં આવેલા ૩ મહિલા પોલીસ સહિત ૧૪ પોલીસ જવાનોને હાલ ભાવનગ પોલીસે હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. જેને લઈને ભાવનગર સહિતના તમામ અધિકારીઓ એલર્ટ થઈ ગયા છે.

કોરોનાને લઈને કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલા લોકડાઉનનો ચુસ્ત અમલ થાયે તે માટે તંત્ર એલર્ટ છે. ત્યારે કોરોના વાયરસનો પોઝિટિવ દર્દી ભાવનગરમાં સારવાર લઈ રહ્યું હતું જોકે ગુરુવારે તેનું મોત નિપજ્યું હતું જોકે આ વૃદ્ધના એક એ.એસ.આઈ સંપર્કમાં આવ્યા હતા જેને કારણે તેમના સહિત તેમના ત્રણ પોલીસ કર્મીઓને પણ તકેદારીના ભાગરૂપે હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ૧૪ પોલીસ કર્મીઓને હોમ કોરોન્ટાઈન કરાયા છે. ભાવનગરની વિવિધ સોસયટીઓ પણ જાગૃત થઈ છે. કોરોના વાયરસને લઈને ભાવનગરના તમામ અધિકારીઓ એલર્ટ થઈ ગયા છે.

દીપિકા પાદુકોણે કેટરીના કૈફ પર લગાવ્યો 'ચોરી' કરવાનો આરોપ..!

મુંબઇ

દીપિકા પાદુકોણ 'સેલ્ફ આઈસોલેશન' દરમિયાન સોશિયલ મીડિયા પર સતત વીડિયો અને તસવીરો શેર કરી રહી છે. જેને તેણે 'પ્રોડક્ટિવિટી ઈન ધ ટાઈમ ઓફ કોવિડ-૧૯'ટાઈટલ આપ્યું છે. આ સીરિઝમાં તેણે ઘણી પોસ્ટ મૂકી છે. જો કે, તેણે આગળનો એપિસોડ પોસ્ટ કરવાની ના પાડી દીધી. તેનું કહેવું છે કે, કેટરીનાએ તેનો આઈડિયા ચોરી લીધો છે.

કોરોના આઉટબ્રેકમાં આઈસોલેશન દરમિઆન સેલેબ્સ ઘરે છે. તેઓ પોતાની એક્ટિવિટી સાથે જોડાયેલી પોસ્ટ સોશિયલ મીડિયા પર મૂકી રહ્યા છે. બધાએ પોતાની પોસ્ટને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે. દીપિકા પાદુકોણ પોતાની પોસ્ટ એપિસોડ્સ તરીકે શેર કરી રહી છે. જેમાં તેણે વર્કઆઉટ, વોરડ્રોબ સાફ કરવાની તેમજ સેલ્ફ કેરથી લઈને ફૂટ જ્યૂસ સુધીની તસવીરો શેર કરી છે. જો કે, તેણે સીરિઝનો પાંચમો એપિસોડ પોસ્ટ કરવાની ના પાડી દીધી કારણ કે તેનું કહેવું છે કે, કેટરીનાએ તેનો આઈડિયા ચોરી લીધો છે. તેણે કેટરીનો વીડિયો રીપોસ્ટ કર્યો છે. જેમાં એક્ટ્રેસ વાસણ ધોઈ રહી છે.

દીપિકાએ કેપ્શનમાં લખ્યું છે કે, 'મને તે જાણકારી આપતા દુ:ખ થાય છે કે સીઝન ૧નો પમો એપિસોડ કેન્સલ કરવામાં આવ્યો છે. કારણ કે કેટરીના કૈફે મારો આઈડિયા ચોરી લીધો છે.

લોકડાઉન દરમિયાન પણ શિસ્ત પાળે છે

ઉર્વશી : રેગ્યુલર ડાન્સ કરે છે



કોરોના વાયરસની સ્થિતીમાં તમામ લોકો ઘરમાં લોકડાઉન થયા છે પરંતુ તમામ બોલિવુડ સેલિબ્રિટી તેમની લાઈફ સ્ટાઈલમાં કોઈ વધારે બાંધછોડ કરતા નથી. ફિટનેસને જાળવી રાખવા માટે સતત મહેનત કરે છે. આમાં એક ખુબસુરત ઉર્વશી પણ છે. તે ઘરમાં પણ નિયમિત કસરત અને અન્ય એક્ટિવીટી જારી રાખી રહી છે. ૨૦૧૫માં મિસ યુનિવર્સનો તાજ પોતાના નામ પર કરી ચુકેલી અને દેશમાં અનેક ખુબસુરતી સાથે સંબંધિત એવોર્ડ પોતાના નામ પર કરી ચુકેલી ખુબસુરત ઉર્વશી રોટેલા ખુશ અને રિલેક્સ રહેવા માટે રેગ્યુલર ડાન્સ કરે છે. તેનુ કહેવુ છે કે તેને એરિયલ ડાન્સ વધારે પસંદ છે. ઉર્વશી પોતાની ખુબસુરતી, ફિટનેસ અને સ્લીમ સેક્સી બોડીને લઈને હમેંશા ચર્ચામાં રહે છે. પોતાના વર્ક આઉટ અંગેના વિડિયો તે સતત સોશિયલ મિડિયા પર પણ જારી કરતી રહે છે. આના કારણે પણ તે સતત ચર્ચામાં રહે છે. વર્કઆઉટ ઉપરાંત તે સૌથી વધારે ધ્યાન પોતાની હોબીને લઈને આપે છે. કોઈ પણ ડાન્સ ફોર્મ ઉપરાંત તે એરિયલ ડાન્સની પ્રેકટીસ, કરવાનુ તેને વધારે પસંદ છે. આના કારણે તે વધારે ખુશ અને રિલેક્સ રહે છે. તેના નજીકના લોકો પણ માને છે કે ઉર્વશી દરરોજ ચાર કલાક તો જીમિંગ કરે છે. આ ગાળા દરમિયાન વેટ લિફ્ટિંગ , સ્ટ્રેચિંગ પર ફોક્સ કરે છે. સ્ટ્રેથ વધારી દેવા માટે એક કલાક સુધી ટ્રેડમિલ વોક કરે છે. સપ્તાહમાં બે વખત યોગ કરે છે. આ ઉપરાંત શરીરને ફ્લેક્સીબલ જાળવી રાખવા માટે તે નિયમિત રીતે અન્ય કસરત કરતી રહે છે. જે દિવસે તે જીમિંગ કરી શકતી નથી તે દિવસે ૩૦ મિનિટ સુધી જોગિંગ ચોક્કસપણે કરે છે.

ઉર્વશી ક્યારેય તેના બ્રેકફાસ્ટને મિસ કરતી નથી. નાસ્તામાં ત્રણ ઈન્ડાનો ઉપયોગ કરે છે. ટોસ્ટ દુધ અને જુસ સાથે લે છે. જો તે વહેલી તકે ઉઠી જાય છે તો લંચમાં સિઝનલ ફળનો ઉપયોગ કરે છે. લંચમાં એક કટોરી સિઝનલ શાક અને અને બેત્રણ રોટલી લે છે. હળવા ડીનરમાં દાળ ભાત અને કેટલીક વખત સુપનો ઉપયોગ કરે છે. સામાન્ય રીતે તો ઉર્વશી મોમોઝ, પાણી પુરી અને દહી વડાની શૌખીન છે પરંતુ તે ઘરમાં બનેલી ચીજોને વધારે પ્રાથમિકતા આપે છે. ઘરમાં બનેલા ઘી અને માખણ તેને વધારે પસંદ છે. આ તમામ ચીજો ઉપયોગ કરવામાં તે ખુબ સાવધાન રહે છે.

નોવેલ કોરોના વાયરસ ન ફેલાય તે અંગેના જાહેરનામાનો ભંગ કરનાર દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી કરતી પાલેજ પોલીસ

પાલેજ

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા, વડોદરા રેન્જ વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલા ભરુચ વિભાગ ભરુચની સૂચના મુજબ મહે. ડી. એમ. સા. શ્રી ભરુચનાઓ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાના અનુસંધાને હાલમાં ગુજરાત રાજ્ય તથા સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલ છે કે જેનો ડબલ્યુએચઓએ વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાયરસના ફેલાવો અટકાવવા માટે આપેલ સૂચના મુજબ પાલેજ પો. સ્ટે. પોલીસ ઈન્સ્પેક્ટર બી. પી. રજયા તથા સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન પાલેજ મેઈન બજારમાં ઈકબાલ કટલરી સ્ટોરના માલિકે ભારત સરકાર તથા ગુજરાત સરકારના ગાઈડલાઈન મુજબ જરૂરી તકેદારી રાખેલ ન હોય અને મહે. જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરેલ જેથી તેઓના વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પકડાયેલ આરોપી ઈકબાલ યુસુફભઆઈ પેપરવાલા ઉ. વ. ૬૨, રહે. પાલેજ મેઈનબજાર, તા. જિ. ભરુચને પોલીસ ઈન્સ્પેક્ટર બી. પી. રજયા તથા પાલેજ પો. સ્ટે.ના અ. હે. કો. મહેશકુમાર દોલતસિંગ બ. નં. ૧૦૬૭ તથા અ. હે. કો. અંબાલાલ ડાહ્યાભાઈ બ. નં. ૪૯૩ તથા અન્ય સ્ટાફની કામગીરીથી ધરપકડ કરાઈ છે.

જાહેરનામાનો ભંગ કરનાર પાન-માવાના કેબીનવાળા સામે કાયદેસરની કાર્યવાહી કરતી દહેજ પોલીસ

દહેજ

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા, વડોદરા રેન્જ વડોદરા તથા ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી. પી. વાઘેલા ભરુચ વિભાગ ભરુચની સૂચના મુજબ મહે. ડી. એમ. સા. શ્રી ભરુચનાઓ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાના અનુસંધાને હાલમાં ગુજરાત રાજ્ય તથા સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલ છે કે જેનો ડબલ્યુએચઓએ વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાયરસના ફેલાવો અટકાવવા માટે આપેલ સૂચના મુજબ દહેજ પો. સ્ટે. પોલીસ ઈન્સ્પેક્ટર એ. સી. ગોહિલ તથા પો.સ.ઈ. આર. એસ. રાજપૂત તથા સ્ટાફના માણસોએ પેટ્રોલિંગ દરમ્યાન મોજે નરવાણી ગામે મંદિર ફળીયામાં પાનમાવાની કેબીનના માલિકે ભારત સરકાર તથા ગુજરાત સરકારની ગાઈડલાઈન મુજબ જરુરી તકેદારી રાખેલ ન હોય, તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટ સા. શ્રી ભરુચનાઓના જાહેરનામાનો ભંગ કરેલ હોય હિમાંશુભાઈ મનુભાઈ બારોટ રહે. નરણાવી મંદિર ફળીયુ, તા. વાગરા, જિ. ભરુચ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદર કામગીરી પોલીસ ઈન્સપેક્ટર એ. સી. ગોહિલ તથા પોસઈ આર. એસ. રાજપૂત, એએસઆઈ મહેશભાઈ પરસોત્તમભાઈ બ. નં. ૧૬૭૫ તથઆ અ. પો. કો. રણજીતભાઈ રામજીભાઈ બ. નં. ૦૧૦૬૧ દ્વારા કરવામાં આવી છે. કામ વગર લટાર મારવા નીકળતા વાહન ચાલકના વાહનો એમ. વી. એક્ટ ૨૦૭ મુજબ કુલ ૧૧ વાહન ડીટેઈન કરવામાં આવેલ છે જેથી કામ વગર બહાર નીકળતા નાગરીકો તથા વાહન ચાલકો ઉપર હજુ પણ અન્ય કાયદાઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોય જેથી તમામ નાગરીકોને કામ વગર બહાર ન નીકળવા તેમજ લોકડાઉનનો સંપૂર્ણ સહકાર આપવા અપીલ કરાઈ છે.

ધોનીએ પૂણેના મજૂરો માટે ૧ લાખ રૂપિયા દાન કર્યા

મુંબઇ

દુનિયાભરમાં કોરોના વાયરસને કારણે ૨૩ હજાર કરતા વધુ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. ભારતમાં આ મહામારીથી સંક્રમિત લોકોની સંખ્યા ૭૦૦ને પાર પહોંચી ગઈ છે. આ સંકટ સામે લડવામાં મદદ માટે દેશ-વિદેશના ઘણા સ્ટાર્સ સામે આવ્યા છે. જોકે, હજુ સુધી ભારતીય ટીમના કોઈપણ સ્ટારે કોઈ પણ મોટી જાહેરાત નથી કરી. પરંતુ પૂર્વ બેટ્સમેન સચિન તેંદુલકર અને દિગ્ગજ વિકેટકીપર મહેન્દ્ર સિંહ ધોનીએ પીડિતોની મદદ માટે



હાથ આગળ કર્યો છે. કોરોના વાયરસના કારણે ભારતમાં ૨૧ દિવસોના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે, જે ૧૪ એપ્રિલ સુધી ચાલશે.

કોરોના વાયરસના કારણે બધુ જ ઠપ્પ થઈ ગયું છે, જેની સીધી અસર છૂટક મજૂરી કરતા મજૂરો અને તેમના પરિવારો પર પડી રહી છે. દેશમાં સૌથી વધુ ૧૨૦ મામલા મહારાષ્ટ્ર, ખાસ કરીને મુંબઈ અને પુણેથી સામે આવ્યા છે. એવામાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ પુણેના છૂટક મજૂરી કરતા મજૂરો માટે ૧ લાખ રૂપિયાનું દાન કર્યું છે. ધોનીની આ આર્થિક મદદને લઈને તેના ફેન્સ સોશિયલ મીડિયા પર તેના વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

કોરોનાની પ્રવર્તમાન લોકડાઉનની પરિસ્થિતીમાં

રાજ્યના વીજ વપરાશકારો માટે રાહત રૂપ મહત્વનો નિર્ણય કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

માર્ચ-એપ્રિલના વીજ બિલો તા. ૧૫મી મે સુધી ભરી શકાશે

નાના-મોટા ઉદ્યોગો વેપારી એકમોને એપ્રિલના વીજ બિલમાં ફીકસ ચાર્જ નહી લેવાય વપરાશનું જ બિલ લેવાશે

ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના વાયરસની સ્થિતીમાં દેશવ્યાપી લોકડાઉન સંદર્ભે ગુજરાતના વીજ વપરાશકારોને રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં પ્રવર્તમાન સ્થિતીની સમિક્ષા કરતા એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે રાજ્યમાં નાના વેપારીઓ, દુકાનદારો અને ઉદ્યોગો તેમજ ઘર વીજ વપરાશકારો જેમને જીઇબી-ગુજરાત ઇલેકટ્રીક સિટી બોર્ડના વીજ બિલ ભરવાના થાય છે તેમની તથા તમામ વીજ બિલ ની માર્ચ અને એપ્રિલ મહિનાના બીલ ભરવાની મુદત તા. ૧૫મી મે સુધી કરવામાં આવી છે

રાજ્યમાં તમામ લોકો જેમને બિલ મોકલવા માં આ તદ્દઉપરાંત જો બીલ નિયમિત ન ભરાય તો પેનલ્ટી કે કનેકશન કાપી નાખવાની બાબત પણ મોકૂફ રાખવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ જાહેરાત કરતા વધુમાં કહ્યું કે હાલની લોકડાઉનની પરિસ્થિતીને કારણે વેપાર, ઉદ્યોગ ધંધા બંધ છે તે સંજોગોમાં આવા વેપાર ઉદ્યોગો-નાના દુકાનધારકો જેમને જીઇબીના બીલ ભરવાના થાય છે તેમને તથા તમામ આવા બિલમાં એપ્રિલ મહિનાના બીલમાં ફીકસ ચાર્જી લેવામાં આવશે નહિ, માત્ર વપરાશનું બીલ જ તેમણે ભરવાનું રહેશે. શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, કોર કમિટીની મળેલી આ બેઠકમાં ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ અને વરિષ્ઠ સચિવોએ સર્વગ્રાહી સમીક્ષા અને ચર્ચા-વિચારણા બાદ આ નિર્ણય કરેલો છે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા પ્રધાનમંત્રીશ્રીએ ૨૧ દિવસ માટે દેશવ્યાપી લોકડાઉનની જે જાહેરાત કરી છે તેને ગુજરાતના સૌ નાગરિકો સાથે મળીને સફળ બનાવી રહ્યા છે અને આ વાયરસ સામે સુરક્ષિત રહેવાની જે જાગરૂકતા દર્શાવી છે તે માટે આભાર પણ વ્યકત કર્યો હતો. તેમણે સૌ સાથે મળીને આ મહામારી સામે અવશ્ય વિજય મેળવીશું તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

ગીચતા ઓછી કરવા ચાલતી વિચારણા ગુજરાતમાં પણ કોરોનાને કારણે કેદીઓનો પેરોલ પર છૂટકારો થવાની સંભાવના

ગાંધીનગર

હાલમાં ભયાનક કોરોના વાઇરસ મહામારીનો પ્રકોપ ચાલી રહ્યો છે અને સરકાર તેમાંથી બચવા લોકોને એકબીજાથી દૂર રહેવા ભાર મૂકી રહી છે ત્યારે જેલમાં બંધ કેદીઓ કે જેમને એક-એક બેરેકમાં મોટી સંખ્યામાં રાખવામાં આવે છે તેમનામાં આ રોગને રોકવા મહારાષ્ટ્રની જેમ ગુજરાત સરકાર પણ કાચા કામના કે પછી જેમના જામીન મંજૂર થયા છે પણ કોઇ જામીન આપી શકતા નથી એવા કેદીઓને પેરોલ પર કામચલાઉ જેલમુક્તિ આપી શકે,એમ સૂત્રોમાંથી જાણવા મળે છે.

સૂત્રોએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં કોરોનાના ૧૦૦ કરતાં વધારે કેસો નોંધાયા છે. બીજા નંબરે ગુજરાતમાં પણ ૪૦ કરતા વધારે કેસો નોંધાયા છે ત્યારે જેલમાં ગીચોગીચ સ્થિતિમાં રહેતા કેદીઓ પૈકી જામીનપાત્ર અને નોન કોગ્નીઝેબલ કે અન્ય એવા ગુનામાં જેલમાં રહેલા કેદીઓ કે જેમને પેરોલ આપવામા આવે તો કાયદો-વ્યવસ્થા પર કોઇ અસર ના પડે તેમને ૨ કે ૩ મહિનાની કે તેના કરતાં વધારે સમયની પેરોલ આપીને જેલમાં ગીચતા ઓછી કરી શકાય. મહારાષ્ટ્ર સરકારે અંદાજે ૧૧ હજાર કેદીઓને પેરોલ પર જેલની બહાર કાઢવાનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્રની જેમ ગુજરાત સરકારમમાં પણ તેની વિચારણા શરૂ થઇ હોવાનું જાણવા મળે છે.

રાશન-પૈસા વગર ઘરમાં ભૂખ્યા તરસ્યા કેદ

લૉકડાઉનઃ બિહારી યુવાનો સુરતમાં ફસાયા, સરકારને મદદ માટે અપીલ કરી



સુરત

કોરોના વાઇરસના લઈને સુરતમાં કાપડ ઉધોગ કામ કરતા બિહારના યુવાનો પાસે ખાવા પીવાનો સામન નથી અને સામાનની ખરીદી કરવા રૂપિયા નથી તયારે મુશ્કેલીમાં જીવી રહેલા ૧૨૦ યુવાનોએ ગુજરાત સરકાર અને બિહાર સરકાર પાસે મદદ માંગી છે અને તેમને વતન જવાની વ્યવસ્થા કરીઆપવા રજૂઆત કરી છે. આ યુવાનોનું કહેવું છે કે ઘરમાં રાશન નથી, રાશન ખરીદવાના પૈસા પણ નથી, વતનમાં જવા વાહન નથી આ સ્થિતિમાં તેઓ ભૂખ્યા તરસ્યા હોવાના કારણે મદદની અપીલ કરી છે.

કોરોના વાઇરસ લઈને ભારત માં ૨૧ દિવસ લોકડાઉન આપવામા આવેલ છે ત્યારે ગુજરાત સુરત માં કાપડ માર્કેટ કામ કરતા બિહાર ના યુવાનો હાલત દિવસે ને દિવસે બગડી રહી છે કારણકે કોરોના વાઇરસ ને લઈને પહેલાં કાપડ માર્કેટ માત્ર ૫ દિવસ બંધ રાખવાની જાહેરાત કરવામા આવી હતી જેને લઈને માલિકો દ્વારા ૫ દિવસ ના ખર્ચ ના રૂપિયા આપવામાં આવ્યા હતા.

પણ કાપડ માર્કેટ ના બંધ થયાના ત્રીજા દિવસે મોદીજીએ ૨૧ દિવસ લોકડાઉન જાહેરાત કરતા આ યુવાનો હાલત બગડી ગઈ હતી. કારણકે તેમની પાસે ખર્ચના ૫ દિવસ રૂપિયા પુરા થવા આવિયા છે કોરોના ને લઈને માલિક પરિવાર સાથે વતન જતા રહ્યા છે જે દુકાન માથી રાશન એક મહિના ની ક્રેડિટ પર આવતું હતું તે દુકાન બંધ છે ત્યારે હવે આ યુવાનો પાસે નથી ખાવા પીવાનો સામાન કે નથી રૂપિયા.

ત્યારે બીજી બાજુ વતનમાં તેમનો પરિવાર ચિંતા કરી રહ્યો છે, ત્યારે વતન જવા માટે કોઈ ટ્રેન નથી. ૧૨૦ યુવાનો દ્વારા ગુજરાત સરકાર અને બિહાર સરકારને તેમની મદદ કરવા સાથે તેમણે પોતાના વતન મોકલવાની વ્યવસ્થા કરવા માટે મદદની ગુહાર લગાવી છે જોકે આ યુવાનો માટે બિહારના પૂર્વ મુખ્ય મંત્રી લાલુ યાદવ ના પુત્ર તેજસ્વી યાદવ દ્વારા ટ્વીટ કરી ગુજરાત ના સીએમ મદદ માટે રજૂઆત કરવામાં આવી છે.

કોરોનાના કહેર વચ્ચે પાટણમાં સ્વાઈન ફલૂનો એક કેસ પોઝિટિવ મળતા ખળભળાટ

પાટણ

ચીનથી આખા વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસે ભારતમાં પણ પગપેસારો કર્યો છે. દેશમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. અલગ-અલગ રાજ્યોમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા પણ સતત વધી રહી છે. ત્યારે ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વાયરસના કારણે ૩ લોકોના મોત થયા છે અન ૪૫ કેસ નોંધાયા છે. ત્યારે હવે રાજ્યમાં સ્વાઈન ફલૂનો એક કેસ પોઝિટીવ આવ્યો છે.

માહિતી મુજબ પાટણમાં સ્વાઈન ફલૂનો એક કેસ પોઝિટીવ આવ્યો છે. જ્યારે જ્યારે અત્યાર સુધી ત્યાં કોરોનાના ૨૦ શંકાસ્પદ કેસ નોંધાયા છે. ૧૫ લોકોના રિપોર્ટ નેગિટીવ આવ્યા છે અને ૫ લોકોના રિપોર્ટ બાકી છે. પાટણમાં સ્વાઈન ફલૂનો પોઝિટીવ કેસ આવતા આરોગ્ય વિભાગ સતરગ થયું છે. ૫૯ વર્ષીય વડીલનો સ્વાઈન ફૂલ કેસ પોઝિટીવ આવ્યો છે.

બીજી તરફ પાટણમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં કોરોનાના વધુ ત્રણ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. આ સાથે પાટણ જિલ્લામાં અત્યાર સુધી કુલ ૨૦ શંકાસ્પદ કેસ નોંધાયા છે. ૧૫ લોકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા જ્યારે ૫ લોકોના રિપોર્ટ આવવા ના બાકી છે. આ લોકોને ઘારપુર હોસ્પિટલમાં આઈસ્યુલેસન વોર્ડમાં રખાયા છે.

અમદાવાદમાં લોકડાઉનને લઈ નાના વેપારીઓની હાલત કફોડી

અમદાવાદ

કોરોના વાયરસને લઈ હાલ તમામ દેશમાં પીએમ મોદીએ લોકડાઉન જાહેર કરી દેતા નાના વેપારીઓમાં ભાડાને લઈ ભારે ચર્ચાઓ ચાલી રહી છે. ઘર લોન, વાહન લોન તેમજ પર્સનલ લોન લીધી છે તેઓ શું કરશે અને કેવી રીતે આ લોનની ભરપાઈ કરશે તેવી હાલ ઘણા વેપારીઓમાં ચર્ચાઓ ચાલી રહી છે.

નાના વેપારીઓ પોતાના ધંધા માટે તેમજ ઘણી એવી જરૂરિયાતો માટે લોન લેતા હોય છે, જેથી આ લોકડાઉનના સમયમાં તેમના તમામ રોજગાર ઠપ્પ થઇ ગયા છે જેના કારણે આ વેપારીઓ સોસીયલ મીડિયા મારફતે સરકારને અપીલ કરી રહ્યા છે કે, ઘર વાહન તેમજ પર્સનલ લોનના હફ્તા પર બે મહિના સુધી સરકાર દ્વારા રાહત આપવામાં આવે. હાલ લોકડાઉનના પગલે દૂધ, દવા તેમજ કરિયાણા જેવી જીવનજરૂરિયાત વસ્તુઓ સિવાય અન્ય તમામ દુકાનો બંધ રાખવામાં આવી છે. ત્યારે ઘણા વેપારીઓ દુકાન ભાડે રાખી ધંધો કરતા હોય છે પણ એમનું કેહવું છે કે દુકાન બંધ હોય તો ભાડુ પણ કઈ રીતે આપી શકાય.એક વેપારીએ ચર્ચા કરી હતી કે, તેની પોતાનું સલૂન છે જે છેલ્લા ૧૦ દિવસથી કોરોના વાયરસના ભયના કારણે બંધ રાખવામાં આવ્યું છે અને હવે ભાડુ આપવાનો સમય આવી ગયો છે. જેથી તેણે સરકાર સામે રાહત આપવવા માટે અપીલ કરી છે.

૨૦૦ સોસાયટીઓમાં સેનિટાઈઝની કામગીરી કરવામાં આવી

સોશિયલ ડિસ્ટન્સિંગ માટે સોસાયટીઓમાં શાકભાજીનું વેચાણ શરૂ

વડોદરા

કોરોના વાઈરસના લોકડાઉનને પગલે એપીએમસી અને વડોદરા મહાનગરપાલિકાના સંયુક્ત પ્રયાસથી સોશિયલ ડિસ્ટન્સિંગ માટે સોસાયટીઓમાં જઈને શાકભાજી વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. જેને કારણે લોકોએ સોસાયટીની બહાર નીકળવુ નહીં પડે. ઉલ્લેખનિય છે કે, આજથી વડોદરાના તમામ મોટા શાકભાજી માર્કેટ બંધ કરી દેવામાં આવ્યા છે.

લોકડાઉનને પગલે આજે મુસ્લિમ બિરાદરો જુમ્માની નમાઝ ઘરમાં જ અદા કરશે. કોરોના વાઈરસની પરિસ્થિતિને પગલે મુસ્લિમ બિરાદરોએ મળીને મસ્જિદમાં નમાઝ નહીં પઢવાનો નિર્ણય કર્યો છે અને લોકોને ઘરમાં જ નમાઝ અદા કરવાની અપીલ કરી છે. આ ઉપરાંત વડોદરાના મોલ અને કરિયાણાના વેપારીઓ દ્વારા જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓની હોમ ડિલિવરી કરવામાં આવશે તેવો નિર્ણય કરાયો છે. વડોદરા શહેરમાં સેનિટાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં પહેલા દિવસે શહેરના ૧૨ વહીવટી વોર્ડની ૨૦૦ જેટલી સોસાયટીઓમાં સેનિટાઈઝની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૭૦ હજાર લિટર પાણી અને ૧૨ હજાર લિટર કેમિકલ નાખીને સેનિટાઈઝની કામગીરી કરાઇ રહી છે. વડોદરા ફાયર બ્રિગેડ અને વડોદરા મહાનગરપાલિકાની ટીમો દ્વારા સેનિટાઈઝની કામગીરી કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં શહેરની તમામ સોસાયટીઓમાં સેનિટાઈઝની કામગીરી કરવામાં આવશે.

૮ કોરોના પોઝિટિવ પૈકી ૨ના રિપોર્ટ નેગેટિવ, રિ-ટેસ્ટિંગ માટે મોકલાયા

વડોદરા શહેરમાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૪૭ લોકો રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. કોરોના પોઝિટિવ ૭ દર્દીઓની સારવાર સયાજી હોસ્પિટલમાં થઇ રહી છે. જ્યારે એક દર્દીની સારવાર ગોત્રી જનરલ હોસ્પિટલમાં ચાલી રહી છે. વડોદરાના ૮ કોરોના પોઝિટિવ કેસ પૈકી ૨ના રિપોર્ટ નેગેટિવ, રિ-ટેસ્ટિંગ માટે મોકલાયા છે. રિ-ટેસ્ટિંગમાં રિપોર્ટ નેગેટિવ આવશે તો તેમને રજા આપીને હોમ ક્વોરેન્ટાઈનમાં રખાશે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશને કોરોના વાઈરસ રિલીફ ફંડમાં ૪૨ લાખ રૂપિયાનું દાન કર્યું

રાજકોટ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન એ કોરોનાવાઈરસથી લડવા માટે ૪૨ લાખ રૂપિયાનું દાન કર્યું છે. એસસીએએ પ્રાઈમ મિનિસ્ટર રિલીફ ફંડ અને ગુજરાત ચીફ મિનિસ્ટર રિલીફ ફંડમાં ૨૧-૨૧ લાખ રૂપિયા ડોનેટ કર્યા છે. બીસીસીઆઇ અને એસસીએના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહે કહ્યું કે, 'સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને કોરોનાવાઈરસ રોગચાળાની પડકારજનક પરિસ્થિતિમાં ભારતના નાગરિકોની ચિંતા છે. અમે બધા ભારતીયોને ઘરની અંદર રહેવા, તંદુરસ્ત રહેવા અને સલામત રહેવાની વિનંતી કરીએ છીએ."

સોલા સિવિલ મેડિકલ કોલેજના પ્રોફેસરની પત્નીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા અફરાતફરી

અમદાવાદ

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલના ડોક્ટર અને નર્સમાં અત્યારે અફરાતફરીનો માહોલ છે. અમદાવાદની સોલા સિવિલ અને મેડિકલ કોલેજ કોરોના વાયરસના કહેર સામે ફ્રન્ટ લાઈન પર લડવાવાળી સંસ્થા છે. જોકે હાલ અહીં તમામ ડોક્ટર અને સ્ટાફના ચહેરા પર ટેન્શન છે કેમ કે તેમના એક સહકર્મચારીની પત્નીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

એક અન્ય હોસ્પિટલના ડોક્ટર તરકી ફરજ બજાવતા ૫૯ વર્ષના આ મહિલા તબીબનો રિપોર્ટ લોકલ ટ્રાન્સમિશનના કારણે પોઝિટિવ આવ્યો હોવાનું ગુજરાત આરોગ્ય વિભાગના સૂત્રોનું કહેવું છે. સૂત્રોએ જણાવ્યું કે, 'આ તબીબ કપલ



અમેરિકાથી આવેલ એક વ્યક્તિના સંપર્કમાં આવ્યું હતું. કેસ પોઝિટિવ આવ્યા બાદ તબીબના પતિ સહિત તેમના સંપર્કમાં આવેલ તમામને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.'

જોકે આ બધા જેને બેદરકારી કહી શકાય તેવા મોટા અહેવાલ એ સાંપડી રહ્યા છે કે દર્દીના પતિએ તારીખ ૨૬ માર્ચ સુધી એટલે કે તેમની પત્નીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો ત્યાં સુધી મેડિકલ કોલેજમાં સેવા આપતા હતા. જેના કારણે સોલા સિવિલનો અન્ય સ્ટાફ પણ પોતાના આરોગ્યને લઈને ચિંતાતુર બન્યો છે. આ ઉપરાંત જ્યારે રાજ્યમાં તમામ કોન્ફરન્સ અને મીટિંગ કેન્સલ થઈ રહી હતી તેવામાં ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા રાજ્યભરમાં પોતાની જુદી જુદી હોસ્પિટલ માટે ૩૧૧ ડોક્ટર્સની ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી.

અમદાવાદઃ લોકડાઉન વચ્ચે ચોરોએ જીવન જરૂરી ચીજ-વસ્તુઓની કરી ચોરી

અમદાવાદ

કોરોનના કહેરને લીધે ૨૧ દિવસ માટે આપવામાં આવેલ લોકડાઉન બાદ શહેરમાં જીવન જરૂરી વસ્તુઓ સિવાય તમામ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. ત્યારે લોકોને જીવન જરૂરી વસ્તુઓની સંગ્રહખોરી કરવાનું ચાલુ કરી દીધું છે. તો ક્યાંક જથ્થો ખૂટી પડશે તેવી પણ અફવાઓ ફેલાઈ રહી છે. ત્યારે હવે તસ્કરો પણ જીવન જરૂરી વસ્તુની ચોરી કરવા લાગી ગયા છે. શહેરમાં બટાકાના ૨ કટ્ટા અને તેલના ૬ ડબ્બા ચોરી થયા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

આ બનાવ અંગે મળતી માહિતી અનુસાર, શહેરમાં લોકડાઉનને લઈ શાંતિનો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે તસ્કરો પણ આ લાભનો ફાયદો ઉઠાવવા માટે તૈયાર થઈ ગયા છે. જો કે નવાઈની વાત એ છે કે, તસ્કરો હવે રોકડ, સોના, ચાંદી અથવા વાહનોને બદલે ખાદ્ય સામગ્રીની ચોરી કરવા લાગ્યા છે. કોરોના વાયરસને પગલે હાલમાં લોકડાઉનની સ્થિતિ હોવાને કારણે ખાદ્ય સામગ્રી બમણા ભાવ ભાવમાં મળી રહ્યા હોવાથી તસ્કરો એમાં પણ લાભ ઉઠાવવા માટેની તક જોઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

તાજેતરમાં શહેરની વિશાલા એપીએમસી માર્કેટમાંથી બટાકાના ૨ કટ્ટાની ચોરી થઈ છે. તો બીજી બાજુ કાગડાપીઠ પોલીસ સ્ટેશનની હદમાં ૬ તેલના ડબ્બા ચોરી થઈ હોવાની ફરિયાદ થઈ છે. બહેરામપુરા ત્રણ રસ્તા પાસે સીતારામ પ્રોવિઝન સ્ટોર નામની દુકાનના માલિકે જણાવ્યું છે કે, તેઓએ વહેલી સવારે જયારે દુકાન ખોલી ત્યારે તેલના ડબ્બા ચોરી થયા હતા.

કરનાળા ડેરીના પુર્વ મંત્રી અને પાર્લરના સંચાલકે રૂ.૩૪.૪૬ લાખની ઉચાપત કરી

પાલનપુર

વડગામ તાલુકાની કરનાળા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના તત્કાલિન મંત્રી અને પાર્લરના સંચાલક દ્વારા રૂ.૩૪.૪૬ લાખની ઉચાપત કરાઇ હતી. જે અંગે વર્તમાન ચેરમેને વડગામ પોલીસ મથકે ૨ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડગામ તાલુકાના કરનાળા ગામે આવેલી દૂધ મંડળીના તત્કાલિન મંત્રી ધનરાજભાઇ લાલજીભાઇ પટેલ અને મંડળીના પાર્લર સંચાલક તરીકે કામ કરતા ચિરાગભાઇ અમરતભાઇ રાવળે તેમના કાર્યકાળ દરમિયાન કરનાળા દૂધ મંડળીના રૂ.૩૪.૪૬ લાખ રૂપિયાની ઉચાપત કરી રૂપિયા તેમના અંગત કામમાં વાપરી નાંખ્યા હતાં.

જેમાં મંત્રી તરીકે ફરજ બજાવતા ધનરાજભાઇ પટેલે ૩૨,૨૫,૫૨૧ રૂપિયા તેમજ પાર્લર સંચાલક ચિરાગ રાવળે ૨,૨૧,૧૬૪ રૂપિયા મંડળીના ખાતામાં જમા કર્યા ન હતા. જે બાબતે મંડળીના ઓડિટ દરમિયાન બહાર આવતા વર્તમાન ચેરમેન કાંનજીભાઇ વિરાભાઇ પ્રજાપતિએ જીલ્લા રજીસ્ટારને જાણ કરી તત્કાલિન મંત્રી ધનરાજભાઇ લાલજીભાઇ પટેલ અને પાર્લરના સંચાલક ચિરાગ અમરતભાઇ રાવળ વિરુદ્ધ વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

વઢવાણ તાલુકાના ખારવા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના કોમ્યુનીટી હેલ્થ ઓફિસરે કોરોના અંગે જનજાગૃતિ કરી



કોમ્યુનીટી હેલ્થ ઓફિસર સોનલ દાણી દ્વારા લોકોને નોવેલ કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેમકા હસ્તાકના ખારવા ગામમાં આવેલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના કોમ્યુનીટી હેલ્થ ઓફિસર સોનલ દાણી દ્વારા ખારવા ગામના વાડી વિસ્તારની મુલાકાત લઈની સ્કીનીગ કરીને લોકોને નોવેલ કોરોના વાયરસ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત હાઉસ ટુ હાઉસ એક્ટીવીટી દ્વારા સઘન સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોમ્યુનીટી હેલ્થ ઓફિસર સોનલ દાણી દ્વારા જુથ ચર્ચા કરીને લોકોને નોવેલ કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢુ ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહી અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ. આપણે ઘરમાં જ રહીશુ તો કોરોના વાયરસ ક્યારે પણ આપણી પાસે આવશે નહી, જો તમે ઘરની બહાર નિકળશો તો જ કોરોના તમારી સાથે ઘરમાં આવશે બાકી નહી જ આવે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલીઘ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે.

ધરમપુર તાલુકામાં લોકડાઉન દરમિયાન હેલ્પલાઈન

જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની હેરાફેરી માટે વાહનપાસ મેળવી લેવા

વલસાડ

તાજેતરની નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવામાં આવેલા ધનિષ્ઠ પગલાંને અનુસરીને લૉકડાઉનની સ્થિતિમાં ધરમપુર તાલુકામાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ જેવી કે અનાજ કરીયાણું, દુધ તથા દવાઓનો જથ્થો સહેલાઈથી મળી રહે તે માટે પરિવહન માટે ઉપયોગમાં લેવામાં આવતા વાહનોને પાસ આપવા માટે મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ધરમપુરને અધિકૃત કરવામાં આવ્યા છે. અનાજ કરીયાણું, શાકભાજી વગેરેની હોમ ડીલીવરી માટે સવારે ૭-૦૦ થી બપોરે ૧-૦૦ વાગ્યા સુધી અને દુધની ડીલીવરી માટે સવારે ૭-૦૦ થી બપોરે ૧-૦૦ તથા સાંજે ૫-૦૦ થી ૮-૦૦ વાગ્યાનો સમય નકકી કરવામાં આવ્યો છે. છુટક તથા જથ્થાબંધના વિકેતાઓએ આવી જીવન જરૂરી ચીજવસ્તુઓની હોમ ડીલીવરી કરવાની રહેશે.

આ ઉપરાંત ઈંટના ભઠ્ઠા તથા બાંધકામ વગેરે પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ શ્રમિકોના સ્થળાંતરને અટકાવી આવા શ્રમિકોના રહેવા જમવા વગેરેની વ્યવસ્થા જેતે માલિક/કોન્ટ્રાકટરોએ કરવાની રહેશે. કોઇ પણ પ્રકારને મુશ્કેલી કે જરૂરીયાત જણાય તો મામલતદાર કચેરી ધરમપુર ના હેલ્પલાઈન નં. ૦૨૬૩૩-૨૪૨૦૨૪ ઉપર સંપર્ક સાધવા મદદનીશ કલેકટર, ધરમપુર દ્વારા જણાવાયું છે.

વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી શોક વ્યક્ત કર્યો

બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય પ્રમુખ રાજયોગિની દાદી જાનકીનું નિધન



માઉન્ટ આબુ

આધ્યાત્મિક સંસ્થા બ્રહ્માકુમારીઝનાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી જાનકીનું શુક્રવાર, ૨૭ માર્ચે બ્રહ્મમુહૂર્તમાં વહેલી સવારે સવા બે વાગ્યે નિધન થયું છે. તેઓ ૧૦૪ વર્ષનાં હતાં. એમનાં ટ્વિટર હેન્ડલ પર આ સમાચારની જાણકારી આપવામાં આવી હતી.

આ સમાચારને પગલે દેશ-વિદેશમાં પ્રસરેલા બ્રહ્માકુમારી સંસ્થાનાં લાખો અનુયાયીઓમાં શોકની લાગણી ફરી વળી છે.

દાદી જાનકીએ માઉન્ટ આબુની ગ્લોબલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો હતો. રાજયોગિની દાદી જાનકી કેન્દ્ર સરકારની સ્વચ્છ ભારત ઝુંબેશનાં બ્રાન્ડ એમ્બેસેડર હતાં.

રાજયોગિની દાદી જાનકીના નિધન પર પીએમ મોદીએ ટ્વિટ કરી દુ:ખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં કહ્યું છે કે બ્રહ્મા કુમારીના પ્રમુખ રાજયોગિની દાદી જાનકી જી એ પરિશ્રમની સાથે સમજાની સેવા કરી. તેઓ બીજાના જીવનમાં સકારાત્મક અંતર લાવવા માટે સૌથી ઉપર હતા. મહિલાઓને સશકત બનાવાની દિશામાં તેમના પ્રયાસ ઉલ્લેખનીય હતા. આ દુ:ખની ઘડીમાં મારા વિચાર તેમના અનગણિત અનુયાયીઓની સાથે છે. ઓમ શાંતિ.

છોટાઉદેપુર, કવાંટ અને રાજપીપળામાં વરસાદ સાથે કરા પડ્યા

વિવિધ જીલ્લાઓમાં કમોસમી વરસાદ: ઘઉં, ચણા, જીરું, વરિયાળીના પાકમાં મોટું નુકશાન

ગાંધીનગર

રાજયનાં વિવિધ વિસ્તારોમાં ગત રોજ કમોસમી વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. અને ગત મોડી રાત્રીએ ગાજવીજ સાથે અહીયા કમોસમી વરસાદે આગમન કર્યું છે.જેના કારણે ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે. કારણકે તેમનો ઉભો પાક પણ પલળી ગયો છે, અને લોકડાઉનને કારણે તેમણે સંગ્રહ કરેલું અનાજ પણ વેચાઈ નથી રહ્યું. જેથી ખેડૂતોની પણ માગ છે, કે સરકાર આ સમયે તેમના માટે પણ વિશેષ સહાયની જાહેરાત કરે.

અરવલ્લી પંથકમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. મોડાસા પંથકમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ થતા ઘઉં, ચણા, જીરું, વરિયાળીના પાકમાં નુકશાન જોવા મળ્યું હતું. સમગ્ર અરવલ્લી પંથકમાં કમોસમી વરસાદથી ઉભો પાક પલળી જતા ખેડૂતો ચિંતિત જોવા મળ્યા. સાપુતારામાં છેલ્લા ચાર દિવસથી વાતાવરણમાં પલટો આવેલ છે.અને અહીયા ચોમાસા જેવો માહોલ માર્ચ મહિનામાં જોવા મળી રહ્યો છે. શુક્રવારે સવારે ગિરિકન્દ્રામાં પણ ગાઢ ધૂમ્મસની ચાદર પથરાઈ ગઈ હતી.જેથી અદભૂત દ્રશ્યો સર્જાયા હતા.

નસવાડી તાલુકામાં બરફના કરા સાથે વરસેલા કમોસમી વરસાદથી ખેડૂતો સાથે સીસીઆઈને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે..સીસીઆઈએ ખરીદી કરેલો કપાસ પલળી ગયો.સીસીઆઈએ ૩૨ હજાર ક્વિન્ટલ અને ૭૦૦ રૂપિયા પ્રતિ નંગથી ખરીદેલી ગાસડીઓ જીનમાં પડી હતી.તે પલળી ગઈ છે..પાણીનો નિકાલ કરવા રોજમદારો કર્મચારીઓ જોતરાયા..આ ઉપરાંત તલ, મકાઈ સહિતનો પાક બગડ્યો છે.

"કોરોના"ની દહેશત વચ્ચે સોનગઢ નગરપાલિકા વિસ્તારમાં હાથ ધરાઈ સાફ સફાઈ

• જીવન જરૂરી ચીજવસ્તુઓના વેચાણ તથા શાકભાજીના વેચાણ અર્થે કરાઈ વ્યવસ્થાઓ

• પ્રજાજનોને કારણ વગર બહાર ન નીકળવા તથા લોકડાઉનની સૂચનાઓનું પાલન કરવા અપીલ

વ્યારા



વૈશ્વિક મહામારી "કોરોના"ના સંક્રમણને નાથવા માટે રાજય સરકાર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકા દ્વારા પણ અનેકવિધ કાર્યો દ્વારા જાહેર સુખાકારી જાળવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

રાજય સરકારના દિશા નિર્દેશ અનુસાર તાપી જિલ્લામાં કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના વડપણ હેઠળ સોનગઢ નગરપાલિકાના જુદા જૂદા વિસ્તારોમાં આરોગ્ય વિષયક સ્વચ્છતા હાથ ધરવામાં આવી છે. ચીફ ઓફિસર પૂર્વી પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, સોનગઢ નગરમાં પાલિકાની આરોગ્ય શાખાના ૨૦ જેટલા સફાઈ સેવકો સહિત, ફાયર શાખાના ૧૦ કર્મવીરોની ટિમ બનાવી નગરના દરેક વિસ્તારો ઉપરાંત સ્લમ વિસ્તારોમાં પણ સફાઈ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકાના આ કર્મયોગીઓ દ્વારા સોનગઢ નગરમાં ઠેર ઠેર સેનેટાઈઝરનો છંટકાવ કરી, પ્રજાજનોને કારણ વગર ઘરની બહાર નહીં નીકળવાની, અને સાવચેતી રાખવાની સમજ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત પ્રજાજનોને જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે, નગરપાલિકા દ્વારા જુદા જૂદા બે સ્થળોએ શાકભાજીના વેચાણની વ્યવસ્થા કરવા સાથે, લોક ટોળાં એકત્ર ના થાય તે માટે પણ સમજ આપવામાં આવી રહી છે. નગરપાલિક દ્વારા સોનગઢ નગરના પ્રજાજનોને લોકડાઉનનું ઉલ્લંઘન ન થાય, અને સૌનું સ્વાસ્થ્ય સુપેરે જળવાઈ રહે તે માટે લેવામાં આવી રહેલા પગલાઓમાં સહયોગી બનવાની અપીલ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીની લોકોને અપીલ

સોમનાથ ટ્રસ્ટે ૧ કરોડનું દાન આપ્યુ: શ્રમિકો પગપાળા વતનની વાટ ન પકડે

અમદાવાદ


રાજયમાં કોરોના વાયરસ સામે લડવા માટે મુખ્યમંત્રી રાહતનિધી ફંડમાં ૩ દિવસમાં ૩૫૦૦ જેટલા લોકો અને સંસ્થાઓએ લાખો રૂપિયાનું દાન આપ્યું છે. રાજયના માહિતી સચિવ અને મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે આજે ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી કે કોરોના સામે લડવા માટે રાજયની જાણીતી સંસ્થાઓ અને વ્યક્તિ દાન આપવાની શરૂઆત કરી છે. આ દાનમાં પૂર્વમુખ્ય મંત્રી કેશુબાપા વ્યક્તિગત ૧ લાખ રૂપિયાના દાનની જાહેરાત કરી છે. આ ઉપરાંત કેશુબાપાએ સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે ટ્રસ્ટ તરફથી ૧ કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી છે.

અશ્વિની કુમારે જણાવ્યું કે રાજયની જુદી જુદી સંસ્થાઓએ પણ આમા દાન આપ્યું છે જેમાં કુંડળ સ્વામિનારાયણ સંસ્થાન તરફથી ૨૫ લાખ રૂપિયા તેમજ ખોડલધામ અને સરદાર ધામ તરફથી મુખ્યમંત્રી રાહતનિધી ફંડમાં ૨૧-૨૧ લાખ રૂપિયાની મદદ જાહેર કરવામાં આવી છે.

૨૫૦ એસ.ટી બસ મૂકી ૫૦,૦૦૦ શ્રમિકોને વતન પહોંચાડ્યા

અશ્વિની કુમારે ઉમેર્યું કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પગપાળા જતા શ્રમિકો પ્રત્યે સંવેદના દાખવી અને ૨૫૦ એસ.ટી. બસ અને ૫૦૦ ખાનગી બસ મૂકીને તેમને દાહોદ-છોટાઉદેપરુ, પંચમહાલ, રાજસ્થાન સહિતના તેમના વતનમાં પહોંચાડ્યા છે. આ આંકડા મુજબ અત્યારસુધીમાં ૫૦,૦૦ શ્રમિકોને ઘરે પહોંચાડ્યા છે.

અશ્વિની કુમારે જણાવ્યું કે 'મુખ્યમંત્રીની અપીલ છે કે હવે શ્રમિકો પગપાળા વતનની



વાટ ન પકડે, તેમની રહેવાની જમવાની સુવિધા આપવાની ફરજ સરકારની છે. સરકાર તેમની મદદ કરશે. તેઓ મદદ માટે ૧૦૪ નંબર અથવા પોલીસનો ૧૦૦ નંબર ડાયલ કરી શકે છે.

અશ્વિની કુમારે રાજયના દાતાઓ જોગ અપીલ કરતા ઉમેર્યું કે રાજયમાં કોરોના વાયરસ સામે લડવા માટે જે લોકો ફંડ આપવા માંગે છે તે મુખ્યમંત્રી રાહતનીધિ ફંડમાં રકમ જમા કરાવી શકે છે. આ તમામ દાન ઈકમટેક્સની સેક્શન ૮૦૨ અંતર્ગત કરમાંથી મુક્તિને પાત્ર છે. આમ લોકો ખુલ્લામને આગળ આવી અને દાન કરી શકે છે.

રાશનની દુકાને એપ્રિલમાં અંગુઠા વગર અનાજ મળશે

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવાના ઉદાત્ત ભાવથી એપ્રિલ૨૦૨૦ના માસ માટે રાશન મેળવવા લાભાર્થી માટેની બાયોમેટ્રિકસ પદ્ધતિનો અમલ કરાશે નહિ. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવાના ઉદાત્ત ભાવથી એપ્રિલ-૨૦૨૦ના માસ માટે રાશન મેળવવા લાભાર્થી માટેની બાયોમેટ્રિકસ પદ્ધતિનો અમલ કરાશે નહિ. મુખ્યમંત્રીશ્રીએ આ લોકડાઉનની સ્થિતીમાં ગુજરાતના જે યાત્રિકો કે મુસાફર પરિવારો અન્ય રાજ્યોમાં સ્થગિત થઇ ગયા છે તેમને ત્યાં કોઇ અગવડ રહેવા-જમવાની ના પડે તેવી વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરતો મહત્વનો નિર્ણય કર્યો છે.

લારી ગલ્લા માટે પાસ ઈશ્યુ કરાયા

અશ્વિનીકુમારે આ વિગતો આપતાં ઉમેર્યું કે, જીવન આવશ્યક ચીજવસ્તુઓ, શાકભાજી વગેરેનો પુરવઠો લોકોને સરળતાએ તેમના ઘર-સોસાયટી-શેરી-મહોલ્લા નજીક મળી રહે તે માટે ૨૮,૫૦૦ જેટલા પાસ ફેરિયા, લારીધારકો, વેપારીઓને ઈસ્યુ કરવામાં આવ્યા છે.

૯ રાજ્યોની ૩૫ ખાનગી લેબોને કોરોના વાયરસ ટેસ્ટની મંજૂરી

ગુજરાતની ૪ ખાનગી લેબને કોરોના વાયરસ સંક્રમણ ટેસ્ટ કરવાની મંજૂરી

ગાંધીનગર

કોરોના વાયરસ સંક્રમણથી લોકોને બચાવવા માટે અને તેના પ્રસારને રોકવા માટે સ્વાસ્થ્ય સેવાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે. ગુરુવારે સરકાર તરફથી લોકોમાં કોરોના વાયરસ સંક્રમણની તપાસ માટે ૩૫ ખાનગી લેબને તપાસની મંજૂરી આપવામાં આવી છે. તેનાથી ટૂંક સમયમાં અને મોટાપાયે કોરોના વાયરસ સંક્રમિતોની ઓળખ કરવામાં મદદ મળશે. આ ૩૫ ખાનગી લેબની યાદીમાં ગુજરાતની ૪ ખાનગી લેબનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમણની તપાસ કરવા માટે ૪ ખાનગી લેબોને મંજૂરી આપવામાં આવી છે. તેમાં ૩ અમદાવાદની છે જ્યારે ૧ સુરતની લેબને મંજૂરી મળી છે.

સરકાર તરફથી ગુજરાતની ૪ સહિત કુલ ૩૫ ખાનગી લેબની યાદી જાહેર કરવામાં આવી છે જ્યાં કોરોના વાયરસના સંક્રમણની તપાસ કરાવી શકાય છે. આ લેબોમાં દિલ્હીમાં ૬, હરિયાણામાં ૩, કર્ણાટકમાં ૨, મહારાષ્ટ્રમાં ૯, ઓડિશામાં ૧, તમિલનાડુમાં ૪, તેલંગાનામાં ૫ અને પશ્ચિમ બંગાળમાં ૧ લેબનો સમાવેશ થાય છે. આમ, કુલ ૯ રાજ્યમાં ૩૫ ખાનગી લેબોને ટેસ્ટ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

૧. યૂનિપેથ સ્પેશિયાલિટી લેબોરેટરી લિમિટેડ, ૧૦૨, સનોમા પ્લાઝા, પરિમલ ગાર્ડનની પાસે, એલિસબ્રિજ, અમદાવાદ

૨. સુપ્રાટેક માઈક્રોપૈથ લેબ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ પ્રા.લિ., અમદાવાદ

૩. એસ.એન. જનરલ લેબ પ્રા.લિ., નાનપુરા, સુરત

૪. પેંગેનોમિક્સ ઈન્ટરનેશનલ પ્રા.લિ. એલિસબ્રિજ, અમદાવાદ

કોરોનાના ડર વચ્ચે ઈડરમાં ડુંગર પર ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી

ઈડર

એક તરફ સમગ્ર ગુજરાત સહીત દેશમાં કોરોના વાયરસની દહેશત વચ્ચે ૧૭ લોકોનાં જીવ ગયા છે ત્યારે ઉત્તર ગુજરાતના ઈડરમાંથી એક અમાનવીય ઘટના સામે આવી છે. ઈડરના ગોલવાડા ગામે ડુંગર પરથી નવજાત બાળકી મળી આવતા હાહાકર મચી ગયો છે. કોરોના વાયરસની દહેશત વચ્ચે એક નિષ્ઠુર માતા તેની નવજાતને મરવા માટે છોડી ગઈ હતી પરંતુ કુદરતની ગતિ ન્યારી છે. રડતી બાળકીનો અવાજ સાંભળતાની સાથે જ સ્થાનિકો ત્યાં દોડી ગયા હતા અને આ નવજાતને બચાવી લેવાઈ હતી.

ઈડર ના ગોલવાડા ગામની સીમમાં ડુંગર ના અંદરના ભાગે ત્યાથી પસાર થયેલ એક વ્યક્તિ એ રડવાનો અવાજ સાંભળ્યો અને એ વ્યક્તિ એ ત્યા જઈને જોયુ તો આશ્ચર્ય માં મુકાઈ ગયો. એક ફુલ જેવી નાનકડી બાળકી જે ગાંડા બાવળ વચ્ચે રૂમાલમાં વીંટીને તરછોડાઈ હતી ત્યાર બાદ ગામના સરપંચ અને અગ્રણી ને જાણ કરતા લોકો ઘટના સ્થળે પહોચી પોલીસ અને ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી.

રામ રાખે તેને કોણ ચાખે એમ આ બાળકી ના ભાગ્યમાં કંઈ બીજુ જ લખાયેલ હશે કે આ બાળકીને જંગલી જાનવર કે કુતરા ન લઈ ગયા અને સીધી જ ૧૦૮ લઈ ગઈ અને બાળકીને બચાવી લેવામાં આવી..

૧૦૮ ના મેનેજરે જયમિત પટેલે જણાવ્યુ કે સરપંચ દ્વારા ૧૦૮માં જાણ કરવામાં આવી હતી અને ઈડર ૧૦૮ના ભુમિબેન,અને પાઈલોટ ઈમ્તિયાઝભાઈ ગોલવાડા ગામે જઈ બાળકીને લઈને આવ્યા હતા.અને સી એચ સી ઈડર ખસેડાઈ હતી.આમ તો આ બાળકી હાલ તો સ્વસ્થ છે જીવતો બચી ગયો છે ત્યારે આ દિશામાં હવે પોલીસ પણ તપાસ હાથ ધરીને યોગ્ય કાર્યવાહી કરશે.

મરણ પછી સ્મશાન સુધી લઈ જવામાં મદદરૂપ થતો મોક્ષરથ પગપાળા જતા લોકોની મદદે આવ્યો

વતન પગપાળા જતા લોકોને મોક્ષરથમાં લિફ્ટ મળી : પગપાળા જતા લોકોને હિરાબાગથી કામરેજ પહોંચાડ્યા : મોક્ષરથના ચાલકે જણાવ્યું, લોકોની હાલત દયનિય છે



સુરત

દેશમાં લોકડાઉન જાહેર કરાયું છે. સુરત શહેર જિલ્લામાં ૨૧ દિવસના લોકડાઉનને લઈને શ્રમજીવીઓ બેરોજગાર બનતા ગામ જવા રવાના થઈ રહ્યા છે. લોકડાઉનથી જનજીવન થંભી ગયું છે. જોકે, સંકટ સમયે સેવાભાવી સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદ લોકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે. જ્યારે પગપાળા જતા લોકોને વાહનની વ્યવસ્થાઓ પણ કરવામાં આવી રહી છે. આવો જ એક કિસ્સો ગત રોજ સુરતમાં બન્યો હતો. મરણ પછી સ્મશાન સુધી લઈ જવામાં મદદરૂપ થતો મોક્ષરથ પગપાળા જતા લોકોની મદદે આવ્યો હતો. સુરતના હિરાબાગ સર્કલથી મોક્ષરથમાં લોકોને કામરેજ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

બાળકો સાથે જતા લોકોને મોક્ષરથમાં બેસાડ્યા

મોક્ષરથના ચાલક રમેશભાઈએ જણાવ્યું હતું કે, હું પાસોદરામાં રહું છું અને જય વિરાદાદા જસરાજ સેવા સંગઠનમાં મોક્ષરથ ચલાવું છું. ગતરોજ અશ્વીનીકુમાર સ્માશનથી પરત ઘરે આવી રહ્યો હતો. દરમિયાન હિરાબાગ સર્કલ ખાતેથી સેંકડો લોકો પગપાળા વતન તરફ જઈ રહ્યા હતા. જેથી પોલીસ જવાનોના કહેવાથી કેટલાક બાળકો સાથે જઈ રહેલા લોકોને મોક્ષરથમાં બેસાડી દીધા હતા.

મે તો માત્ર એક સેવાનું કામ કર્યું: ચાલક

લોકોએ રમેશભાઈને જણાવ્યું હતું કે, સુરત શહેર જિલ્લામાં ૨૧ દિવસના લોકડાઉનને લઈને બેરોજગાર બની ગયા છીએ. જેથીતા ગામ જવા રવાના થયા છીએ. વાહનો પણ બંધ હોવાથી પગપાળા જવાનો જ રસ્તો બચ્યો છે. રમેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, આ શ્રમજીવીઓની હાલત જોઈને કોઈને પણ દાયા આવી જાય. જેથી હું બાળકો સાથે રહેલા લોકોને હિરાબાગ સર્કલથી કામરેજ સુધી મૂકી આવ્યો હતો. મે તો માત્ર એક સેવાનું કામ કર્યું છે. અમારું જય વિરાદાદા જસરાજ સેવા સંગઠન લોકડાઉનમાં રોજ સેવા કરી રહી છે. ૪૦૦ કિલો ખીચડી બનાવી ગરીબ લોકોને વિતરણ કરવામાં આવી રહી છે.

વલસાડ જિલ્લામાં ૧૧૧૨ આરોગ્ય ટીમ દ્વારા ૧૪,૭૩,૮૧૫ વ્યકિતઓનો સર્વે

જિલ્લામાં ૨૯ શંકાસ્પદ વ્યકિતઓના સેમ્પલ પૈકી ૨૮ નેગેટીવ

વલસાડ

તાજેતરની નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા વલસાડ જિલ્લામાં જિલ્લા કલેકટર શ્રી સી.આર.ખરસાણના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય વિભાગ જિલ્લા પંચાયત વલસાડ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેક્ષણ એટલે કે ઘરોની મુલાકાત અને આરોગ્યલક્ષી તપાસ શરૂ કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગરની રાહબરી હેઠળ ૧૧૧૨ આરોગ્ય ટીમ દ્વારા સર્વેની કામગીરી ચાલી રહી છે. જિલ્લાની ૧૮,૯૦,૦૦૦ વસ્તી પૈકી ૧૪,૭૩,૮૧૫ વ્યકિતઓના સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે દરમિયાન ત્રણ symptomatic દર્દી મળી આવ્યા હતા. જેમને મેડીકલ ઓફિસર દ્વારા તપાસ કરાતા કોઇ શંકાસ્પદ જણાયેલ નથી જેમને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૪૪૦ વ્યકિતઓને હોમ કોરોન્ટાઇન કરેલ છે. જે પૈકી હોમ કોરોન્ટાઇનનો ભંગ કરવા બદલ કુલ ચાર વ્યકિતઓને સરકારશ્રી દ્વારા ઉભી કરાયેલ કોરેન્ટાલન ફેસિલીટીમાં દાખલ કરેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા અત્યાર સુધીમાં અંદાનિત ૨૯૦૦ જેટલા ખલાસીઓની મેડીકલ તપાસ કરવામાં આવી છે. જેમાંથી એક પણ શંકાસ્પદ દર્દી મળેલ નથી. ૧૦૪ ની સેવા દ્વારા ૧૬૨ વ્યકિતઓને ફોન દ્વારા પૂછવામાં આવતા તમામની તપાસ કરવામાં આવી છે. પરંતુ કોલ લક્ષણો જોવા મળ્યા નથી.

જિલ્લામાં કુલ ૨૯ શંકાસ્પદ વ્યકિતઓના સેમ્પલ મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૨૮ વ્યકિતઓના સેમ્પલ નેગેટીવ આવેલ છે. જયારે એક સેમ્પલનું પરિણામ બાકી છે.

જિલ્લાની સમગ્ર આરોગ્ય ટીમ ઉપર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અનિલ પટેલ અને એપેડેમિક મેડીકલ ઓફિસર ડૉ. મનોજ પટેલ સતત મોનીટોરીંગ કરી રહયા છે. જિલ્લાની આરોગ્ય વિભાગના તમામ ડૉકટરશ્રીઓ, મેડીકલ સ્ટાફ, નર્સ સ્ટાફ તનતોડ મહેનત કરી રહયા છે.

રેપીડ એક્શન ફોર્મ શહેરમાં તૈનાત,લોકડાઉનનો કડક અમલ કરાવશે

સુરતમાં ૧૧ શંકાસ્પદ પૈકી ૨ દર્દી સહિત ૧૦નો રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો

કોરોના હોસ્પિટલ ખાતે સફાઈ કામદારોનો હોબાળો



સુરત સિવિલ હોસ્પિટલના સ્ટેમસેલ બિલ્ડિંગ ખાતે કોરોના માટે ૨૫૦ બેડની હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. જેમાં આજે સફાઈ કામદારો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. સફાઈ કામદારને સેનિટાઈઝર અને માસ્ક જેવી વસ્તુઓ ન આપવામાં આવતા હોબાળો મચાવ્યો હતો. એક સામાજીક કાર્યકરે ટ્વિટ દ્વારા ફરિયાદ પણ કરી હતી કે, બહાર નિકળતા સફાઈ કામદારોને પોલીસની હેરાનગતિ પણ થાય છે.

સુરત

કોરોનાના શહેરમાં વધુ ૧૧ શંકાસ્પદ દર્દી સામે આવ્યા હતા. જોકે, મહાવીર હોસ્પિટલના ૩ કર્મચારીઓ સહિત નોંધાયેલા ૧૧ શંકાસ્પદ દર્દીઓ પૈકી ૨ દર્દી સહિત ૧૦નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જ્યારે હાલમાં દાખલ ૬ પોઝિટિવ દર્દીઓ પૈકીના ૪ની સ્થિતી હાલ સ્ટેબલ હોવાનું તેમજ ૨ દર્દીની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે રાત્રી દરમિયાન પણ તંત્ર દ્વારા ફાયર બ્રિગેડની મદદથી શહેરની તમામ સોસાયટીઓને સેનિટાઈઝ કરવાની કામગીરી ચાલી રહી છે. ગત રોજ શેહરમાં આવેલી રેપીડ એક્શન ફોર્સ આજે સવારથી લોકડાઉનનો કડક અમલ કરાવવા કામે લાગી ગઈ છે.

શહેરમાંથી વધુ ૧૧ કેસ કોરોનાના શંકાસ્પદ નોંધાયા હતા. જેમાં વરાછા વિસ્તારમાં રહેતી અને સ્મીમેર હોસ્પિટલમાં ફરજ બજાવતી ૨૪ વર્ષીય મહિલા, વૈષ્ણોદેવીનો પ્રવાસ કરી પરત આવેલી રાંદેરની ૭૨ વર્ષીય વૃદ્ધા, મુંબઈથી પરત આવેલી પનાસની ૩૦ વર્ષીય મહિલા, દિલ્હીનો પ્રવાસ કરી આવેલા વરીયાવી બજારના ૬૫ વર્ષીય વૃદ્ધ, હૈદરાબાદનો પ્રવાસ કરી પરત આવેલા અડાજણના ૨૩ વર્ષીય યુવક, નાનપુરામાં રહેતા અને પ્રાઈવેટ હોસ્પિટલના ૫૮ વર્ષીય કર્મચારી, રાજકોટનો પ્રવાસ કરી આવેલા અડાજણના ૬૦ વર્ષીય વૃધ્ધા, ભટાર ખાતે રહેતા અને વાઘોડિયાની પ્રાઈવેટ હોસ્પિટલના ૩૦ વર્ષીય મહિલા કર્મચારી, તુર્કીનો પ્રવાસ કરી ૧૮ તારીખે આવેલા સિટીલાઈટના ૪૫ વર્ષીય મહિલા તેમજ કોઈ પણ ટ્રાવેલ હિસ્ટ્રી ન ધરાવતા ઘોડદોડ રોડના ૫૪ વર્ષીય મહિલા અને પાડેસરાના ૨૮ વર્ષીય યુવકને શંકાસ્પદ લક્ષણો જણાતા દાખલ કરાયા હતા. તેમના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.

સુરતમાં બે રાતમાં ૫૨૮ જાહેર જગ્યાએ સ્પ્રે કરી જંતુ મુક્ત કરાઈ

સુરત

સુરતમાં કોરોનાના છ દર્દી અને શંકાસ્પર્દ દર્દીઓના કારણે સુરત મ્યુનિ. તંત્રએ જાહેર જગ્યાને રાત્રીના સમય દરમિયાન સ્પ્રે કરીને ડીસ ઈન્ફેક્શન કરવા માટેની કામગીરી શરૂ કરી છે. દિવસ દરમિયાન જીવન જરૂરિયાતની વસ્તુ લેવા માટે નિકળેલા સુરતીઓ થુંકેલા હોય કે અન્ય કોઈ ગંદકી કરી હોય તેની સફાઈની કામગીરી મ્યુનિ. તંત્ર રાત્રી દરમિયાન કરી રહ્યું છે. રાત્રીના સમયે મ્યુનિ.ના ફાયર અને આરોગ્ય વિભાગ દ્વારા જંતુ નાશક દવાનો છંટકાવ કરીને જગ્યાને ડીસ ઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે.

છેલ્લી બે રાત્રીમાં ૫૨૮ જેટલી જાહેર જગ્યાને ડીસ ઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. કોરોનાથી બચવા માટે સુરત સહિત સમગ્ર દેશમાં ૨૧ દિવસનો લોક ડાઉન કરવામા આવ્યો છે. જોકે, જીવન જરૂરિયાતની વસ્તુ માટે તંત્રએ છુટ આપી હોવાથી શાકભાજી, કરિયાણા દુકાન, દવાની દુકાન, મોલ, મેડિકલ સ્ટોર્સ, ડેરી, જનરલ સ્ટોર્સ જેવી જગ્યાએ હજી પણ લોકો મોટી સંખ્યામાં જઈ રહ્યાં છે.

મ્યુનિ. તંત્ર સોશ્યલ ડિસ્ટન્સ માટે પ્રયાસ કરી રહી છે પરંતુ આ જગ્યાએ હજી પણ લોકો જાવો મળી રહ્યાં છે. આમાંથી કેટલાક લોકો થૂંકતા હોય કે અન્ય રીતે ગંદકી કરતાં હોય તેનાથી કોરોના કે અન્ય રોગ ન ફેલાઈ તે માટે મ્યુનિ. તંત્ર રાત્રી દરમિયાન ડીસ ઈન્ફેક્સનની કામગીરી કરી રહી છે.

મ્યુનિ.ના આરોગ્ય વિભાગે છેલ્લી બે રાત્રીમાં શહેરની ૧૧૮ શાક માર્કેટ, ૧૫૨ મેડિકલ સ્ટોર્સ, ૫૨૮ જનરલ સ્ટોર્સ, ૬૪ ડેરી, તથા ૪૨ અન્ય સ્થળોએ રાત્રીના સમયે ફાયર વિભાગની મદદથી ૫૨૮ જગ્યાને ડીસ ઈન્ફેક્શન કરવામા આવી હતી.



કીમ ગામના સરપંચ શ્રી કરસનભાઈ ઢોડીયા અને ગામ પંચાયતના ઈલેક્ટ્રીશીયન રાકેશ કુમાર, દેશમાં ચાલતા કોરોના વાઈરસને ધ્યાનમાં લઈ કિમની ગલીઓમાં જાતે જ બાઈક લઈ સાંજ સમયે પંમ્પ મશીનના ધૂમાડા દ્વારા કરી કિમ ગામની સ્વચ્છતા.

લોકડાઉન વચ્ચે સુરતમાં કરિયાના ગોડાઉનમાંથી ૪૦ ગુણ ચોખાની ચોરી



સુરત

કોરોનાની માહામારીના લોકડાઉન દરમિયાન માનદરવાજા પદમાનગરની એક કરીયાણાના ગોડાઉનમાંથી તાળું ખોલી ૪૦ ગુણ ચોખા અને ૬ તેલના ડબ્બાની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે. રાજુ કરીયાણા નામની દુકાનના ગોડાઉનમાં થયેલી ચોરી બાબતે વેપારીએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે ૭ વાગે પોલીસે દુકાન બંધ કરાવતા તેઓ ઘરે ચાલી ગયા હતા. આજે સવારે દુકાન અને ગોડાઉન સામે સામે હોવાથી દુકાન ખોલ્યા બાદ ગોડાઉન ખોલતા જ તમામ ચોખાની ગુણો અને તેલના ડબ્બા ગાયબ થઈ ગઈ હતી. સીસીટીવી કેમેરા પણ ઉંધા કરી દેવાયા હતા. કોઈ પરિચિત વ્યક્તિનું જ કામ કહીં શકાય છે. લગભગ લાખ રૂપિયાની ચોરી થઈ હોવાનું લાગી રહ્યું છે. હાલ સલાબતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જઈ રહ્યા છે.

ઘટનાની જાણ થતા જ લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. દુકાન માલિક રાજુભાઈ શ્યામભાઈ આપડે ડીંડોલી એલ એન પાર્કમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

વલસાડ જિલ્લામાં લોકડાઉન દરમિયાન નિરાધાર માટે હેલ્પલાઈન

તાજેતરની નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવામાં આવેલા ધનિષ્ઠ પગલાંને અનુસરીને લોકડાઉનની સ્થિતિમાં વલસાડ જિલ્લામાં એકલા રહેતા હોય તેવા વૃધ્ધ માણસો તેમજ નિરાધાર હોય તેમને જમવાની વ્યવસ્થામાં અગવડતા પડતી હોય તેવી પરિસ્થિતિમાં કલેકટર કચેરીના શ્રી ડી.એ.ગીનીયા, અધિક ચીટનીશ ટુ કલેકટર ફોન નં ૦૨૬૩૨ -૨૪૪૨૭૯ મો.નં.૯૯૨૫૩૩૫૦૩૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

એમ.આર.પી.થી વધુ ભાવ લેવાતા હોય તો ક્યાં ફરિયાદ કરશો?

૧૮૦૦-૧૧-૪૦૦૦

કન્ઝ્યુમર ટોલ ફ્રી નંબર ઉપર ફરિયાદ દાખલ કરી શકો છો.

+૯૧-૮૧૩૦૦૦૯૮૦૯

ઉપર એસએમએસ કરી પુરી વિગતો આપી શકો છો.

કન્ઝ્યુમર ખાતાની વેબસાઈટ

consumerhelpline.gov.in ઉપર પણ ઓનલાઈન ફરિયાદ રજૂ કરી શકાય છે.

મહામારીના નિયંત્રણ માટે વલસાડનું તંત્ર સુસજજ

એક પણ પોઝીટીવ કેસ નોંધાયો નથી: ૫૧૭ વ્યકિત કોરોન્ટાઈન હેઠળ સર્વેની કામગીરી ૭૮ ટકા પૂર્ણ

વલસાડ

તાજેતરની નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા વલસાડ જિલ્લામાં જિલ્લા કલેકટર શ્રી સી. આર. ખરસાણના માર્ગદર્શન હેઠળ સમગ્ર વહીવટીતંત્ર, પોલીસ તંત્ર, આરોગ્યતંત્ર જહેમત ઉઠાવી રહયું છે. ઉલ્લેખનીય છે કે, વલસાડ જિલ્લામાં નોવેલ કોરોના વાયરસનો એક પણ કેસ પોઝીટીવ નોંધાવા પામ્યો નથી.

વલસાડ જિલ્લામાં હાલમાં ૫૧૪ વ્યકિતઓને હોમ કોરોન્ટાઈન અને ત્રણ વ્યકિતઓને સરકારી કોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈન પૂર્ણ કર્યા હોય એવા ૫૪૦ વ્યકિતઓને સ્વસ્થ જાહેર કરીને જવા દેવામાં આવ્યા છે. નોવેલ કોરોના વાયરસ વધુ વકરે તો તે માટે પણ તંત્ર દ્વારા આગોતરી તૈયારી કરી દેવામાં આવી છે. પ્રાઈવેટ હોસ્પીટલો સાથે સંકલન કરી એડલ્ટ વેન્ટીલેટર-૨૨ અને પીડીયાટ્રીક વેન્ટીલેટર એક મળી કુલ-૨૩ વેન્ટીલેટરોની વ્યવસ્થા પ્રાઈવેટ હોસ્પીટલમાં કરવામાં આવી છે.

જિલ્લાની ૧૮,૯૦,૦૦૦ વસ્તી પૈકી ૧૪,૭૩,૮૧૫ વ્યકિતઓના સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.


જિલ્લા કલેકટર દ્વારા દરેક પ્રાંત અધિકારીઓની અધ્યક્ષતામાં મોનીટોશીંગ કમિટિની રચના કરવામાં આવી છે. જે પેટા સમિતિ બનાવી રોજે રોજની મેડીકલ, સ્વચ્છતા, દવા છંટકાવ, સર્વે, પાસ ઈસ્યુ કરવા જેવી બાબતોનું સતત મોનીટોરીંગ કરી રહી છે. હોમ કોરોન્ટાઈન સંપૂર્ણ નિયંત્રણમાં રહે તે માટે વિઝીટ, સ્ટીકર મારવા તથા બહાર કોઈ ગયું નથી તેનું ધ્યાન રાખવામાં આવી રહયું છે. દરેક તાલુકામાં નોડલ અધિકારીઓની નિમણૂંક પણ કરવામાં આવી છે. આ ઉપરાંત ફલાઈંગ સ્કોર્ડ, સ્ટેટીક સર્વેલન્સ ટીમ પણ કાર્યરત કરવામાં આવી છે. જે વિદેશથી કોઈ આવ્યા હોય, કોરોન્ટાઈનમાંથી ભાગી ગયા હોય તેના ઉપર તથા બોર્ડર એરીયા ઉપર નજર રાખી રહયા છે. લોકડાઉન સમયગાળામાં લોકો રસ્તા ઉપર ન આવે તે માટે પોલીસતંત્ર પણ ખડેપગે કામ કરી રહયું છે. જાહેરનામાના ભંગ બદલ કલમ ૧૮૮ હેઠળ ૬ વ્યકિતઓ કાર્યવાહી અને બે વાહન સીઝ કરાયા છે.

નોવેલ કોરોના વાયરસના લૉકડાઉનના કારણે લોકોને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ તથા અનાજ -કઠોળ મળી રહે તે માટે વહીવટીતંત્રએ વ્યવસ્થા ગોઠવી છે. લોકો સોશીયલ અંતર રાખે તે માટે દુકાનો, રસ્તા શાકમાર્કેટ જેવા સ્થળો પર વિવિધ પ્રકારે પ્રયાસો કરવામાં આવી રહયા છે. વિવિધ સંસ્થાઓના સહકારથી લોક જાગૃતિ વધારવાના પણ પ્રયાસો થઈ રહયા છે.



સુરતથી વતન જવા નીકળેલા બેરોજગાર ગરીબ પરિવારોને નાસ્તો અને વતન જવા માટે બસની વીયવસ્થા સુરત ગ્રામીય પોલીસે મદદ કરવામાં આવી હતી.

નર્મદા જિલ્લામાં મધરાત્રે વીજળીના કડાકા સાથે વરસાદી ઝાપટું :ગરમીમાં રાહત પણ ખેતીને નુકસાન



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હવામાન વિભાગની આગાહીને પગલે નર્મદા જિલ્લામાં પણ ગત રાત્રીના અચાનક વાતવરણ માં પલટો આવ્યો, મધ્ય રાત્રીના લગભગ ૨.૩૦ કલાકે વીજળીના કડાકા સાથે જોરદાર એક કલાક વરસાદ પડ્યો બાદ સવાર સુધી અમી છાંટણા પડતા રહ્યા.સમગ્ર નર્મદા પંથકમાં એક શીતની લહેર પ્રસરી ગઈ હતી. જોકે વરસાદ પડતા વીજળી ડૂલ થઈ ગઈ હતી.

ચૈત્ર મહિનામાં ભારે ગરમી હોય એમાં અચાનક કમોસમી વરસાદ ને પગલે બહાર અને ધાબાપર સુતા રહીશોમાં ભાગદોળ મચી હતી. સવારની ગરમીમાં ઠંડી એ જોર પકડ્યું હતું અને ગરમીમાં રાહત થઈ હતી. પરંતુ બીજી તરફ ઉનાળામાં વરસાદ પડતાં કેટલાક પકોને નુકસાન થવાની પણ શક્યતા હોય એક તરફ લોકડાઉન ના કારણે ખેડૂતો ના તૈયાર પાક બહાર જઈ શકતો નથી ત્યારે આવા કમોસમી વરસાદમાં ધરતીપુત્રો ની હાલત ખરાબ થઈ છે.

રાજપીપળા રજપૂત ફળીયા યુવાનો દ્વારા બીજા દિવસે પણ ફૂડ પેકેટનું વિતરણ: લોકડાઉન સુધી અલગ અલગ વિસ્તારોમાં વિતરણ થશે

રજપૂત ફળિયાના સેવાભાવી અને ઉત્સાહી યુવાનોએ લોકડાઉન જેવા સમયે ગરીબોની વ્હારે ઉભા રહી સાચી સેવા શરૂ કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારીના સમયે જ્યારે નર્મદા જિલ્લામાં પણ લોકડાઉન છે તેવા સંજોગો માં ગરીબ લાચાર મજૂરીકામ કરતા પરિવારો કફોડી હાલતમાં હોય રાજપીપળાની કેટલીક સેવાભાવી સંસ્થાઓ પણ ગરીબો માટે જરૂરી વસ્તુ પહોંચાડે જ છે છતાં સેવાકીય ભાવના ધરાવતા રજપુત ફળિયાના યુવાનો હંમેશા આવી સ્થિતિમાં સેવાકાર્ય માટે વ્યવસ્થા કરી એવા પરિવારોની વ્હારે મદદે પહોંચે છે જે ખરેખર આવી સ્થિતિમાં લાચાર છે અને બે ટંક ભોજન પણ કરી નથી શકતા ત્યારે સતત બે દિવસ થી રજપૂત ફળિયાના જાગૃત યુવા કાર્યકર કુલદીપસિંહ ગોહિલ સાથે હેમેન્દ્ર મંગરોલા, રાજદીપસિંહ, કિશન,ધીરેન, વિશ્વજીત,મયુર,શૈલેન્દ્રસિંહ, અભિરા, મહાવીર સહિતના અન્ય યુવા મિત્રો સેવાકાર્ય કરી રહ્યાં હોય આજે બીજા દિવસે રાજપીપળા નરસિંહ ટેકરી ખાતે રહેતા પરિવારોના ઘરે ઘરે જઈ ફૂડ પેકેટનું વિતરણ કર્યું હતું.



જ્યાં સુધી લોકડાઉન ની સ્થિતિ છે ત્યાં સુધી આ કાર્ય ચાલુ રહેશે:કુલદીપસિંહ ગોહિલ

આ બાબતે કુલદીપસિંહ ગોહિલે જણાવ્યું કે અમારું યુવા મંડળ બે દિવસ થી ફૂડ પેકેટ નું વિતરણ કરે છે અને જ્યાં સુધી લોકડાઉન ની સ્થિતિ દૂર નહિ થયા ત્યાં સુધી અલગ અલગ વિસ્તારો માં અમે આ સેવકાર્ય કરીશું.આવા સમયે ગરીબોની સામે જોઈ તેમને સહકાર આપવો એ અમારા મંડળનો સિદ્ધાંત છે.



સુરત કિમ હાઈવે પાસે પીપોદરા જીઆઈડીસી રોનક કંપની ટેમ્પો ગલી માં આગ લગતા તાત્કાલિક ધોરણે ફાયરબ્રિગેડ બોલાવવામાં આવી હતી. આશરે ૫ થી ૬ લાખ નું નુકશાન જાણવા મળ્યું હતું

નર્મદા જિલ્લાના ૩ સરકારી કર્મચારીઓ એ કોરોના માટે મુખ્યમંત્રી રાહત ફંડમાં પોતાના પગાર માંથી યોગદાન આપ્યું







સરકારી વકીલ જીતેન્દ્રસિંહ ગોહિલ,પ્રવીણભાઈ પરમાર અને વન વિભાગના દિવ્યેશભાઈ ગાંધીએ આ વૈશ્વિક મહામારી માટે પોતાનું યોગદાન આપ્યુ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસની વૈશ્વિક મહામારી માં લોકો ભાંગી પડ્યા છે ધંધા રોજગાર અટકી ગયા હોય લાખો લોકો રોજી રોટી વગર અટવાઈ ગયા છે કામ ધંધા બંધ થતાં લોકોએ વતન ની વાટ પકડી છે પરંતુ ત્યાં પણ પરિવારની જવાબદારી હોય ત્યારે શુ કરવુ કેવી રીતે જીવવું એ પ્રશ્ન પણ લોકોને સતાવી રહ્યો હોય ત્યારે દરેક જિલ્લાઓમાં કેટલીક સેવાભાવી સંસ્થાઓ,કેટલાક સેવાભાવી વ્યક્તિઓ ફૂડ પેકેટ વિતરણ સહિત અનેક પ્રકારની સેવામાં જોતરાયા છે આવા સમયે નર્મદા જિલ્લા ના ૨ સરકારી વકીલોમાં જીતેન્દ્રસિંહ ગોહિલ, પ્રવીણ ભાઈ પરમારે વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસની વૈશ્વિક મહામારી માટે મુખ્યમંત્રી રાહત ફંડમાં પોતાનો એક મહિનાનો પગાર આપ્યો જ્યારે વન વિભગના દિવ્યેશભાઈ ગાંધીએ તેમનો એક દિવસનો પગાર આપી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

લૉકડાઉનના સમયે કામદારોને વતન તરફ જવા પર પ્રતિબંધ

ધંધાના સ્થળે પગાર અને ભોજન મળશે

વલસાડ

તાજેતરની નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવામાં આવેલા ધનિષ્ઠ પગલાંને અનુસરીને લોકડાઉનની સ્થિતિમાં વલસાડ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમો તથા બાંધકામ તેમજ રોકડેથી કામ કરતા શ્રમિકો/કામદારો સ્થળ છોડીને પોતાના વતન તરફ જવાનો પ્રયાસ કરી રહયા છે. જે બિલકુલ બિનજરૂરી છે. વલસાડ જિલ્લા કલેકટર શ્રી સી.આર.ખરસાણે જણાવ્યું છે કે, ઔદ્યોગિક એકમો, બિલ્ડરો, કોન્ટ્રાકટરો, જીઆઈડીસીમાં બહારગામથી આવીને કામ કરતા કામદારો તથા રોકડી લેતા કામદારોએ તેમના ધંધાના સ્થળેજ લોકડાઉનના સમયગાળા દરમિયાન રોકાવાનું છે. તેમને કામ આપનાર ઠેકેદાર કે એકમોના માલિકોએ તેમને ૨૧ દિવસનો પગાર તથા જમવાનું પુરૂ પાડવાનું રહેશે. જો આવા કામદારો વતનમાં કે રસ્તા ઉપર જવાનો પ્રયત્ન કરશે તો તેવા કામદારો તથા તેમના ઠેકેદારો સામે પોલીસ કેસ કરવામાં આવશે. જો તેમને પગાર કે જમવાનું ન મળે તો તેની ફરિયાદ મામલતદાર કચેરી અથવા હેલ્પલાઈન ૧૦૭૭ ઉપર કરી શકાશે. કામદારોએ કોઈ પણ સંજોગોમાં વતનમાં પ્રયાસ કરવાનો નથી અને સ્થળ ઉપર જ રહેવાનું છે.

હોમ કોરોન્ટાઈનના ભંગ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ

વલસાડ

નોવેલ કોરોના વાયરસથી વિશ્વ હચમચી ગયું છે. ત્યારે આ રોગ સામે સાવચેતીના પગલા ભરવામાં આવી રહયા છે. વલસાડ જિલ્લામાં વિદેશથી આવેલા વ્યકિતઓને હોમ કોરોનટાઈનમાં રાખવામાં આવ્યા છે. પરંતુ સિંગાપોર આવેલા અને ડી-૯૦૨, અમરધામ સોસાયટી, તિથલ રોડ , વલસાડ ખાતે રહેતા અર્ચનાબેન વિઠ્ઠલભાઈ કાકડીયાએ કોરોન્ટાઈનનો ભંગ કરી ઘર બહાર નીકળતા તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જિલ્લા કલેકટર શ્રી સી.આર.ખરસાણે કોરોન્ટાઈન કરેલા વ્યકિતઓને ઘરની બહાર ન નીકળી સરકારશ્રી દ્વારા સૂચવેલી ગાઈડલાઈન સંપૂર્ણ પણે પાલન કરવા તાકીદ કરી છે.

નર્મદા જિલ્લામાં અત્યારસુધી નોવેલ કોરોના વાયરસના જાહેરનામાનો ભંગ કરનાર ૭ વ્યક્તિની અટકાયત





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ અધિક્ષક હિમકર સિંહ તરફથી જીલ્લામાં બનતા નોવેલ કોરોના વાયરસ ફેલાવ અટકાવવા સારૂ જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ નર્મદા તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાંનો ભંગ કરતા ૭ વ્યક્તિઓની અટક કરવામાં આવી છે.રાજપીપળા સહિત જિલ્લાના દરેક તાલુકામાં પોલીસ લોકોને સમજાવી કામ વગર બહાર ન નીકળવાનું જણાવતી હોવા છતાં જાહેરનામાંને ગંભીરતાથી ન લેનારા અમુક વ્યક્તિઓ સામે પોલીસે કડક કાર્યવાહી કરી હતી.જેમાં ૭ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર પગલા લીધા.

એક દિવસના જનતા કરફ્યુ બાદ લોકડાઉન જાહેર થયું,અન્ય જિલ્લાઓ કરતા નર્મદા પોલીસે લોકોના ભલા માટે થોડી છૂટછાટ મૂકી જેથી કોઈને ખાસ તકલીફ ન પડે પરંતુ જાહેરનામું હોવા છતાં બેફામ લટાર મારવા બાઈકો લઈ ફરતા કે એકઠા થતા લોકોને વારંવાર સમજાવવા છતાં નહિ સુધરતા લોકો વિરુદ્ધ પોલીસે લાલ આંખ કરી કાયદાનો અમલ કરી પગલાં લીધા હતા.

નર્મદા ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસના યોજનામાં હપ્તા અટકી જતા ગરીબ પરિવારો મુશ્કેલીમાં

પહેલા ગ્રાન્ટની તકલીફ હવે કોરોના લોકડાઉન વચ્ચે લાભાર્થીઓ અટવાયા

● એક તરફ કોરોના નો હાઉ વચ્ચે લોકોના કામ ધંધા બંધ છે ત્યારે મકાન ખોલી બેઠેલા પરિવારો ના ૩ મહિના થી હપ્તા ન આવતા મુશ્કેલી
● સરકાર આવી યોજનાઓ અમલમાં લાવે છે પરંતુ નર્મદા જેવા પછાત જિલ્લામાં ઝડપી કામગીરી ન થતા લોકો ઘર બાંધવા વ્યાજે રૂપિયા લેવા મજબુર બન્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર દેશ હાલ કોરોના ના હાઉ વચ્ચે છે લોકડાઉનમાં લોકોના કામ ધંધા અટકી પડ્યા છે બીજો તરફ પ્રધાનમંત્રી આવાસ યોજના ના ભરૂચ-નર્મદા ના લાભાર્થીઓ યોજના માં લાભ મળ્યા બાદ મકાનો તોડી બેઠા છે પરંતુ છેલ્લા ત્રણ ચાર મહિનાથી ઘણા લાભરથી ઓનાં હપ્તા જમા ન થતા દાગીના ગીરવે મૂકી કે ઉધાર લાવી મકાનો બાંધી રહ્યા હોય હાલ આવા ઘણા લાભાર્થી ઓની હાલત નહિ ઘરના કે નહીં ઘાટના જેવી થવા પામી છે.વ્યાજે રૂપિયા લઈ મહિને વ્યાજ ચૂકવતા લોકો પણ હાલ કોરોના લોકડાઉન વચ્ચે કામકાજ બંધ હોવાથી વ્યાજ પણ ચૂકવી શકે તેવી હાલત ન હોય ગરીબ પરિવારો મોટી મુશ્કેલીમાં મુકાયા છે.

જોકે અગાઉ એકાદ મહિના પહેલા સરકારમાં ગ્રાન્ટ ની તકલીફ હોવાની વાત સાંભળી થોડા દિવસ માં હપ્તા જમા થશે તેવી આશા માંડી બેઠેલા લોકો ને હવે કોરોના માં તેમના હપ્તા કયારે આવશે તેવી ફિકર સતાવી રહી હોય સરકાર ભરૂચ નર્મદા જિલ્લાના આવા લોકો માટે વહેલી તકે હપ્તા ની જોગવાઈ કરે તેવી માંગ ઉઠી છે.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)